


# શ્રી દેવીમા પ્રેરિત
# શ્રી ઉપાસના






વર્ષ-૧૭ અંક (૪) ૪૦ નવેમ્બર–ડીસેમ્બર : ૯૯



# "શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના"

આનંદધામ, ૨૪, આનંદપાર્ક, કડી-૩૮૨ ૭૧૫
ફોન : (કોડ નં.૦૨૭૬૪) ૪૨૦૬૭, ૬૩૨૩૫

આદ્યસ્થાપક :
શ્રીદેવીબા -
શ્રી શિવગુરુજી

તંત્રી : શ્રી જીવણભાઈ એમ. પટેલ
સહતંત્રી : શ્રી રમેશભાઈ ત્રિવેદી
સહતંત્રી : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

વર્ષ : ૭ અંક : ૪ સળંગ અંક : ૪૦ નવેમ્બર-ડિસેમ્બર : ૧૯૯૯


## નૂતન વર્ષના શુભાશીષ

**શ્રી ગુરવે નમઃ — શ્રી ષોડશી પરામ્બાયૈ નમઃ — ગં ગણપતયે નમઃ**

**मुंदरी सकल कल्मषापहा कोटिकल्पप्रियकाम्यकान्तिका ।**
**कोटिकल्पकृत पूण्यकर्मणा पूजनीयपद पुन्यपुष्करा ॥**

સકળ પાપને હરનારાં, કરોડો સૂર્યની માફક દિવ્ય કાન્તિવાળાં, કરોડો કલ્પ પર્યંત કરેલાં પુણ્યવાળાં જનોથી પૂજાતાં ચરણકમળવાળાં શ્રી રાજરાજેશ્વરીમા ષોડશીને ભજું છું.

**વહાલાં બાળકો,**

*નૂતન વર્ષના શુભ પ્રભાતે અમારા અંતઃકરણના આશીર્વાદ છે. તમો બધા સૌ માતાજીના ચરણોમાં બુદ્ધિ સ્થાપીને રહેશો. નવા વર્ષમાં તમો ખૂબ જ અંતઃકરણથી જપ, અનુષ્ઠાન થાય અને સંસારની સઘળી ફરજો બજાવતાં બજાવતાં હૃદયમાં શ્રી માતાજીને સ્થાપીને કાર્ય કરશો.*

*શ્રીવિદ્યા તો ગહન વિદ્યા છે તેને પામવા માટે સૌ પ્રથમ તો જન્મજન્માંતરનું પુણ્ય હોય તો જ સાચા સદ્દગુરૂ મળે છે. તેઓ આપણને જે ઉપદેશ આપે તેમાં શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક આગળ વધીએ. સૌ પ્રથમ તો સાધકે કેટલીક પરેજી પાળવાની છે જેવી કે માન-અપમાનને ગળી જવું, ગમ ખાવી, ક્રોધ ન કરવો, સદ્દબુદ્ધિ જ રાખવી, દુર્વૃત્તિ ત્યજવી, દાન કરવું, દયા રાખવી, અભિમાન ન કરવું. જ્ઞાન મેળવવા પ્રયત્નો કરવા અને સત્યનું જ પાલન કરવું. સદાયે સંતોષ રાખવો, સેવાનું વ્રત ધારણ કરી સેવા કરવી, ઈર્ષ્યા અને દ્વેષ ન કરવાં, મુક્ત થવા માટે તૃષ્ણાઓનો ત્યાગ કરવો. ત્યાગી બનવું અને વૈરાગ્યપરાયણ રહેવું. આવી બધી પરેજીઓ પાળીને શ્રીમાઁનું પૂજન, ભજન, જપ-ધ્યાન કરીએ તો કિંચિત્ પામી શકીએ. 'अभ्याशाय अतिशय ज्ञाता' અભ્યાસ અતિશય રાખીએ તો જ્ઞાન મેળવી શકાય. શ્રી ચક્રરાજનું પાત્રાસાદન ? પૂજન કરીએ, મૌન રાખી શ્રીમાઁમાં લીન બની જઈએ તો સાધક થોડુંક પામી શકે. આ તો મોટો અમૃતસમુદ્ર છે. થોડી મહેનતે મહાન ફળ મળે છે. સંસારમાં ફેક્ટરી કે ઉદ્યોગ-ધંધા માટે આપણને થાક નથી લાગતો કારણ કે તે જન્મ-જન્માંતરથી પ્રિય છે. શ્રીમાઁ તો મહાનથીયે મહાન છે.*

***या देवताभोगकरी सानमोक्षाय कल्पते । मोक्षदा न तु भोगाय ललिते त्वन्द्वयास्पदम् ॥***

*બધા દેવતા ભોગ કાં તો મોક્ષ એક જ આપે છે, જ્યારે શ્રીમાઁ તો ખરેખર 'મા' જ છે. તેઓ ભોગ અને મોક્ષ બન્ને આપે છે. જે ઉપાસક શ્રીયંત્રરાજને સમજે છે તેને આખાય બ્રહ્માંડના કાંઈ જ આનંદો બાકી રહેતા નથી. જે તેનો સતત અભ્યાસ અને મહેનત કરે છે તે જ શ્રીમાઁને પામવા સાર્થક બને છે. આપણે ચોર્યાસી લાખ જન્મ ગુમાવ્યા હવે આ જન્મ સાર્થક કરી લઈએ.*

*તમો બધાય પોતાને સ્થાને રહી જપ, અનુષ્ઠાન કરો, નોકરી અને સંસારના કામમાં સમય ઓછો મળે તેમ છતાં પોતાના ઉત્તમ કલ્યાણ માટે સતત પ્રયત્નો કરવાના જ છે. પ્રાતઃસમયે ધ્યાન કરવાનું ઘણું માહાત્મ્ય છે. પોતાના ગુરૂનું માનસિક પૂજન અને હૃદયમાં શ્રીમાઁનું ધ્યાન કરી તેમાં જ લીન થઈ જવું. સતત તેના મય થવું તેથી શ્રીમાઁનો ભાવ આવે. સ્રી-પુરૂષ ભાવ ભૂલાઈ જવાય અને મા-મય બનાય. શ્રીમાઁ આનંદ સ્વરૂપ છે તેથી તેમના જેવા થવાય.*

તમારા સૌનું નૂતન વર્ષ આનંદદાયક અને સર્વ રીતે મંગળકારી નીવડો.

**સંવત : ૨૦૫૬ (નૂતન વર્ષ) શ્રી દેવી-શિવગુરૂના અંતઃકરણના શુભાશીષ**

# અનુક્રમણિકા


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | નૂતનવર્ષના આશીર્વાદ | શ્રીદેવી-શિવગુરુ | ૧ |
| ૨. | મંગલાચરણ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૩ |
| ૩. | સત્સંગ સુધા | શ્રી રસિકલાલ મ. નાયક | ૩ |
| ૪. | શ્રદ્ધાનું ફળ | શ્રી નટવરલાલ ત્રિવેદી | ૪ |
| ૫. | શુભાષિત | શ્રી ચંદ્રશંકર પંડયા | ૬ |
| ૬. | શ્રીલલિતામ્બા ત્રિશતીનામ્ | શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી | ૭ |
| ૭. | જીવનની સાર્થકતા | શ્રી બાબુભાઈ નાયક | ૮ |
| ૮. | શ્રી લલિતાસહસ્રનામ | શ્રી ચંદ્રકાન્ત એમ. જાની | ૧૧ |
| ૯. | પ્રાર્થનોપચાર | સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ | ૧૩ |
| ૧૦. | જીવન સૌરભ | શ્રી ભગવત સુથાર | ૧૪ |
| ૧૧. | તંત્રમાં ઉપચાર પદ્ધતિ | સુશ્રી ડૉ. પ્રજ્ઞા શાહ<br>અનુવાદ : શ્રી પુરુષોત્તમભાઈ જોષી | ૧૫ |
| ૧૨. | આપણી ભાષા | શ્રી યશવંત કડીકર | ૨૦ |
| ૧૩. | ભક્તની શરણાગતિ | સુશ્રી કિરણબેન એન. શાહ | ૨૦ |
| ૧૪. | એક હાથની તાળી...અદ્વૈત | શ્રી રતિલાલ મ. નાયક | ૨૨ |
| ૧૫. | જીવન ધ્યેય | શ્રી રજનીકાંત મ. ભટ્ટ | ૨૪ |
| ૧૬. | શ્રી ગણેશકૃપા, પત્ર-સંદેશ, ગજમખ પૂજન (ફોરકલરપેજ) | | ૨૫-૩૨ |
| ૧૭. | પરામ્બા વિલાસ | શ્રી ચૂનીભાઈ ભટ્ટ | ૩૩ |
| ૧૮. | શ્રી માઈભક્ત હનુમાનજી | શ્રી શંકરલાલ મ. નાયક | ૩૮ |
| ૧૯. | શ્રી વિદ્યા | શ્રી કાંતિભાઈ ઠાકર | ૩૯ |
| ૨૦. | ભક્તિ | ડૉ.શ્રી અશોકભાઈ નાયક | ૪૨ |
| ૨૧. | ગુલમહોર | શ્રી મયંકભાઈ શુક્લ | ૪૬ |
| ૨૨. | શ્રીમાઁ રમામ્બા | શ્રી પ્રહ્લાદભાઈ એમ. નાયક | ૪૬ |
| ૨૩. | સાધન સમર અર્થાત્ દેવી માહાત્મ્ય | પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય | ૪૮ |
| ૨૪. | કામાખ્યા તન્ત્રમ્ | 'દુર્ગાબાળ' સુશ્રી દમયંતી જાની | ૫૧ |
| ૨૫. | કલ્યાણ-સૂક્ત | શ્રી ચંદ્ર આગત્સ્યાયન | ૫૧ |
| ૨૬. | • **બાળ વિભાગ :** | | |
| | • વૃક્ષમાં ક્રમ | શ્રી રમેશભાઈ ખમાર | ૫૨ |
| ૨૭. | • **કાવ્ય વિભાગ :** | | |
| | • જગતજનની વહેલાં પધારજો | શ્રી મણિભાઈ આ. નાયક | ૫૪ |
| | • નિજાનંદ | શ્રી. રતીલાલ નાયક | ૫૪ |
| | • ટહુકે માઈ કલાપી | કુ. કનીનિકા જાની | ૫૫ |
| ૨૮. | સંસ્થા સમાચાર | શ્રી ખોડીદાસ શીવલાલ નાયક | ૫૫ |
| ૨૯. | ગોરખ-બાની (૪) (ત્રીજું કવર પેજ) | શ્રી ચંદ્ર આગત્સ્યાયન | |


• • •

## મંગલાચરણ....

....✍ : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

### અંતર્યાગ અને બહિર્યાગ

આંતર અને બાહ્ય એમ બે પ્રકારની પૂજાપદ્ધતિ છે. આ પૂજનપદ્ધતિને યજન/યાગ શબ્દથી ઓળખાય છે તેથી અંતર્યાગ અને બહિર્યાગ એમ નામાભિધાન થયું.

બહિર્યાગની સાધના/પૂજનપદ્ધતિના અભ્યાસ વગર અંતર્યાગ કરવો કઠિન છે. અંતર્યાગમાં સઘળી ક્રિયાઓ માનસિક રીતે કરવાની હોય છે જ્યારે બહિર્યાગમાં પ્રત્યક્ષરૂપે થાય છે.

બહિર્યાગના પાંચ મુખ્ય અંગ છે : (૧) જપ, (૨) હોમ, (૩) તર્પણ, (૪) માર્જન, અને (૫) બ્રહ્મભોજન. મહાશક્તિ (દશ મહાવિદ્યા)માંના કોઈપણ શક્તિસ્વરૂપના બોધિત મંત્રનો વિધિ-નિયમ પૂર્વક (પૂજાક્રમ) પુરશ્ચરણાદિ જપ કરવા. જપનો દશાંશ હવન કરવો, પંચદ્રવ્યોથી તર્પણ કરવું, દર્ભથી માર્જન અને બ્રહ્મભોજન એ ક્રમ છે. **શરીરથી અને વાણીથી બાહ્યક્રમ જેને કરતાં આવડે તે અંતર્યાગના ક્રમને સારી રીતે કરી શકે.**

અંતર્યાગના પણ પાંચ અંગો છે. (૧) પટલ, (૨) પદ્ધતિ, (૩) વર્મ, (૪) સ્તોત્ર અને (૫) સહસ્રનામ. આરાધ્ય દેવ/દેવી સ્વરૂપના બોધિતમંત્રની માતૃકાઓ વડે દેહના નાડીવ્યૂહમાં વિસ્તારથી ભાવના કરવી તેને પટલ, એટલે કે મંત્રાક્ષરો દ્વારા મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધિ, આજ્ઞા અને સહસ્રદળ ચક્રમાં દેવીમાના સ્વરૂપની ભાવના કરતા પૂજનથી ચિત્તને શક્તિસંપન્ન બનાવવું તેને પટલ કહેવાય છે. એ મંત્ર પટલ દ્વારા પંચોપચાર અને ષોડશોપચારની પૂજનવિધિ દ્વારા હૃદયાદિ પીઠમાં દેવીમાતાનું પૂજન કરવું તેને પદ્ધતિ કહેવાય છે. આ ક્રમ બાદ સ્થૂળદેહ પર ઈષ્ટમન્ત્રના માતૃકાક્ષર દ્વારા કવચ ધારણ કરવું, દેવીના વિવિધ નામો દ્વારા દેહપિંડની રક્ષણ ભાવના કરવી તેને વર્મ અથવા કવચ કહેવાય છે. પછી દેવીમાતાનું સ્તવન -લઘુસ્તવી આદિથી કરવું જેથી મંત્રની સ્મૃતિ જાગૃત રહે અને આવા રહસ્ય સ્તોત્રથી અનંતગુણમયીના વિશેષ પ્રકારના ધ્યાનમાં રાખવા યોગ્ય સહસ્રનામનો પાઠ કરી ઉપાસક દ્વારા દેવીને આંતરભૂમિકાએ વંદના કરવી તેને આંતર્યાગ કહે છે.

શ્રીરાજરાજેશ્વરી પીઠમ્ કડીમાં પૂજ્ય ગુરુદેવ શ્રીદેવીબા-શિવગુરૂ આ પદ્ધતિ સહજ અને સરળ રીતે ઉપાસકોને શીખવી રહ્યા છે.

• • •

## સત્સંગ સુધા....

....✍ : શ્રી રસિકલાલ મ. નાયક

વૈદિક સમયમાં તપોવનમાં ઋષિઓ એકઠા થયા હતા ત્યારે બ્રહ્મોપાસનાની સત્સંગમાં ચર્ચા નીકળતાં (કોઈ) એક ઋષિએ ભગવાન આશ્વલાયનની સમીપ જઈને-બેસીને-તેમની પૂજા કરી અને પ્રશ્ન કર્યો હતો, 'ભગવન્ ! બ્રહ્મ પદાર્થાભાસક અર્થાત્ તત્ત્વરૂપે સમજી શકાય તેવા બ્રહ્મનું જ્ઞાન કેવી રીતે મેળવી શકાય છે ? આપ જેમની ઉપાસના કરીને તત્ત્વજ્ઞ થયા તે અમને જણાવવા કૃપા કરો.' આ પ્રકારના પ્રશ્નના ***ઉત્તરમાં ભગવાન આશ્વલાયને જણાવ્યું હતું કે 'હે શ્રેષ્ઠ મુનિઓ ! બીજવાળા સરસ્વતી દશશ્લોકી સ્તવનનું પઠન અને જપ કરવાથી મને પરાસિદ્ધિ (તત્ત્વજ્ઞાન) પ્રાપ્ત થયું.'***

ત્યારબાદ ઋષિ-મુનિઓએ ફરી નિવેદન કર્યું કે 'આ સારસ્વત (એટલે કે જેને આપ સરસ્વતી દેવી દ્વારા પ્રાપ્ત કર્યું છે તે) જ્ઞાનની પ્રાપ્તિ માટે ક્યા પ્રકારના ધ્યાન (ઉપાસના)નો આશ્રય લેવો જોઈએ, જેનાથી ભગવતી માતા મહાસરસ્વતી સંતુષ્ટ થાય અને કૃપા કરે, તે અમને જણાવો' ભગવાન આશ્વલાયને તેમની વિનતી ધ્યાને લેતાં નીચે મુજબ કહ્યું -

'શ્રી સરસ્વતી દશશ્લોકી મહામંત્રનો ઋષિ હું - આશ્વલાયન - છું, તેનો છંદ 'અનુષ્ટુપ' છે, દેવતા 'શ્રીવાગીશ્વરી' છે, બીજ 'યદ્વાગ્' મંત્ર છે, આ મંત્રનો વિનિયોગ 'સરસ્વતીપ્રીત્યર્થે' કરવાનો હોય છે. (૧) શ્રદ્ધા, (૨) મેધા, (૩) પ્રજ્ઞા, (૪) ધારણા, (૫) વાગ્દેવતા, અને (૬) મહાસરસ્વતી દ્વારા અંગન્યાસ કરવાના હોય છે. દશશ્લોકી જપનો આરંભ કરતાં પહેલાં ધ્યાનના મંત્રથી દેવીમાતાને પ્રણામ કરવા જોઈએ.

## ॥ ધ્યાનમ્ ॥

निहारहारधनमारसुधाकराभां-
कल्याणदां कनकचम्पकदामभूषाम् ।
उत्तुङ्गपीनकुचकुम्भमनोहराङ्गीं -
वाणीं नमामि मनसा वचसा विभूत्यै ॥

(અર્થાત્) વિદ્યાસિદ્ધિ માટે હું મન અને વચનથી વાણીદેવીને નમસ્કાર કરું છું. તે કેવાં છે ? તેમનું સ્વરૂપ જોયા જ કરીએ તેવું રમ્ય, ગળામાં કપૂરની સંગધથી સુવાસિત હાર ધારણ કરેલ છે. હાથમાં સુવર્ણના સુધા-અમૃત-પાત્ર કુંભવાળાં, ચંપાના પુષ્પથી ગૂંથેલી માળા ધારણ કરેલાં, ઉન્નત પયોધરોવાળાં અને મનોહર અંગભંગિમાવાળા શ્રીમાતાને નમસ્કાર કરું છું.

या वेदान्तर्थतत्त्वैकम्वरूपा परमार्थतः ।
नामरूपात्मना व्यक्ता सा मां पातु सरस्वती ॥ १ ॥

જેઓ પરમાર્થ કરવાવાળાં વેદ-વેદાંતોમાં વર્ણવાયેલા તત્ત્વસ્વરૂપા (શ્રીમાતા) છે. જેમનું પ્રકૃતિસ્વરૂપ એકમાત્ર વેદાંત દ્વારાજ જાણી શકાય છે, જે બ્રહ્મસ્વરૂપિણી છે, જે અવ્યક્ત અવસ્થામાં રમી રહ્યાં છે અને વળી નામરૂપ દ્વારા વ્યક્ત સ્વરૂપમાં પણ આવિર્ભાવને પામે છે તે સરસ્વતી માતા અમારી રક્ષા કરો.

**પ્રથમ મંત્ર : ॥**

ॐ प्रणो देवी सरस्वती वाजेभिर्वाजिनीवती ।
धीनामवित्र्यवतु ॥

જેઓ દાનાદિ કરવાના ગુણોવાળાં છે, જે અન્નયજ્ઞના અધિષ્ઠાત્રી (અન્નપૂર્ણા) છે, જેના શરણમાં ગયેલા ઉપાસકોની રક્ષા કરવાવાળા છે, તે સરસ્વતી દેવી અન્ન આપવાવાળા બનીને અમારી વિશેષરૂપે રક્ષા કરો અને તૃપ્તિને કરાવનારાં બનો. (૧)

(- ક્રમશઃ)

• • •

## શ્રદ્ધાનું ફળ ....

....✍ : શ્રી નટવરલાલ ત્રિવેદી
(સ્કોટલેન્ડ, યુ.કે.)

નાનપણથી જ મને મા-અંબામાં ખુબજ શ્રદ્ધા. સ્કૂલમાં ભણવા જતાં રસ્તામાં માઁનું રટણ કરતો હતો. કોલેજ દરમ્યાન હોસ્ટેલમાં મારી પતરાની પેટીમાં ગોળ-ચણાની સાથે માતાજીની છબી રાખતો અને નમન કરતો.

અભ્યાસ પૂર્ણ થવાથી જીન્જા (યુગાન્ડા) ગામે જઈને બાપાની પેઢીમાં કામે લાગ્યો. સને ૧૯૪૧માં મારાં માતાશ્રી મેનાબાનું વહાલું સુખ ગુમાવ્યું. પૂ.પિતાજીએ સને ૧૯૪૪માં મારાં લગ્ન શ્રી લક્ષ્મીબેન સાથે કરાવ્યાં. તેઓએ સાચા અર્થમાં ગૃહલક્ષ્મી બની સાથ આપ્યો. હાલ પણ આપે છે. મારી અંબા-મા પ્રત્યેની શ્રદ્ધામાં સાથ આપી માતાજીનું શરણું સ્વીકારી જે તે યથાશક્તિ પાઠ-પૂજા કરતાં.

અંબામાતાની કૃપાથી પ્રથમ પુત્રનો જન્મ થયો. અમારા બંનેની અચળ શ્રદ્ધાથી તેનું નામ 'અ' અંબામાના અક્ષરથી અશોકકુમાર રાખ્યું. બે દિકરી નિરુ-રેખાના જન્મ પછીથી અશોકની પ્રસાદી મળતાં અમો સૌ આનંદમાં રહેતાં. એક દિવસ તાવ દરમિયાન ઓચિંતાના જ અશોકને શરીરમાં તાણ આવી ને તે નિસ્તેજ બની ગયો. અમો બધાં ગભરાઈ ગયાં. ડૉક્ટર સી. જી. પટેલ આવ્યા. નિદાન કર્યું, પ્રભુ શરણમ્. અમો સૌ રડવા લાગ્યાં. મા અંબાને યાદ કરી લક્ષ્મી વિલાપ કરવા લાગી. હે મા ! બે પુત્રીઓ બાદ પુત્રની પ્રસાદી આપી આમ મને ખોટી-જુઠી-સહનાભૂતિ બતાવી. હે મા ! કંઈક તો દયા રાખવી હતી. અમો શ્રદ્ધાનાં આંસુ સારતાં હતાં ત્યાં તો અદ્‌ભૂત ચમત્કાર થયો. અશોકે હાથ-પગ હલાવ્યા અને લક્ષ્મીએ ગાંડીઘેલી થઈને દિકરાને હૈયે વળગાળ્યો અને હું - નિરુ- રેખા મા-અંબાની છબી સામે નિહાળી માનો આભાર માનતાં હર્ષનાં આંસુ સારી રહ્યા.

ડૉક્ટર સાહેબ બીજે દિવસે "મરણ વિધિ" પતી ગઈ હશે તેમ માની અફસોસ વ્યક્ત કરવા આવ્યા અને અશોકને રમતો જોઈ આશ્ચર્યચકિત થયા અને શું ચમત્કાર થયો તેમ મને પૂછવા લાગ્યા. મેં કહ્યું મારી અને લક્ષ્મીની મા અંબા પ્રત્યેની પૂર્ણ શ્રદ્ધાનું આ પરિણામ છે.

પોતાના નિદાનને ખોટું ઠરાવનાર પણ કોઈ અજબ શક્તિ છે તેની ખાત્રી મેળવી મનોમન માને વંદન કરતાં જયઅંબે કહીને ડૉક્ટરે વિદાય લીધી.

ત્યારપછી જે જે પુત્રના જન્મ થયા તેઓનાં નામ અમે 'અ' અક્ષર ઉપર જ રાખ્યાં. ચિ. અજીત, અનીલ, અરૂણ, અવિનાશ-આ છે અમારી શ્રદ્ધાનું પ્રથમ કિરણ.

મારી બૂરી અને સારી ટેવોના માર્ગે જીન્જા (કંપાલા)માં જીવન વ્યતિત કર્યું અને નટવરલાલ લાખીયાના નામે પ્રખ્યાત થયો. સને ૧૯૭૨માં યુગાન્ડાની હાકલપટ્ટી થઈ જેથી સ્કોટલેન્ડ આવી વસ્યાં અને અહિનાં અન્ન-જળ શરૂ થયાં. જૂની આદતોથી નવું જીવન શરૂ કર્યું. માની શ્રદ્ધામાં થોડો વધારો કર્યો અને કમાઉ દિકરાઓએ "અંબિકા નિવાસ" નામના મકાનમાં રહેવાનો મોકો આપ્યો. માનો આભાર.

૧૯૮૨માં એક પ્રભાતે મારા નવજીવનનો સોનેરી સૂર્ય ઉગ્યો અને ગુરુની પ્રાપ્તિ થઈ. ભારતના સાણંદ શહેરના પરમ પૂજ્ય સદ્ગુરુશ્રી અત્રે ઈંગ્લેન્ડ પધાર્યા અને તેઓશ્રીએ મારે ત્યાં ડન્ડી ગામે શ્રીદેવી-શિવગુરુ સાથે પધારી માતાજીનું પૂજન નક્કી કર્યું, અને પૂજન દરમ્યાન તેઓશ્રીની સાથે વાર્તાલાપમાં મને કહ્યું "નટુભાઈ ક્યાં સુધી રાક્ષસને દેહમાં વાસ આપશો ? તેના ગુલામ ક્યાં સુધી રહેશો ?" અને તેમની દિવ્ય-દ્રષ્ટિનું કિરણ-દ્રષ્ટીપાત શક્તિ મારી આંખની અંદર ઊતરી ગઈ અને મારી આંખ ઊઘડી ગઈ અને કોઈ અલૌકિક શક્તિએ મારામાં પ્રવેશ કર્યા હોય તેમ અનુભૂતિ થતાંની સાથે જ શ્રી ગુરુદેવને વચન આપ્યું કે આજથી જે ૪૦ વર્ષની ખરાબ કુટેવને છોડી દઉં છું. માતાજીના સોગંદ લઉં છું કે આજથી બધું બંધ. આ સાંભળી લક્ષ્મી તથા ઘરનાં સર્વે આશ્ચર્ય પામ્યાં અને લક્ષ્મીએ આવા સોગંદ ન લેંવા માટે કહ્યું, કેમકે ૪૦ વર્ષ દરમ્યાન નસે નસમાં જે ગયો છે તે શેં છૂટશે ? પરંતુ મારા આત્મામાં રહેલ મારી અંબામા મને કહી રહી હતી કે ખરૂં છે - ખરૂં છે મૂકી દે આ આદતને, અને બસ એ જ ઘડીથી સદર કુટેવને મનમાંથી કાઢી મૂકી અને હું હર્ષનાં ચોધાર આંસુએ રડી રહ્યો. આ છે મારી અચળ શ્રદ્ધા અને ગુરુકૃપાનું મારા જીવનનું બીજુ અનુપમ કિરણ....

પૂ. ગુરુદેવ પાસેથી મંત્રદીક્ષા મેળવી નવું જીવન શરૂ કર્યું. તેઓશ્રીએ આપેલ દુર્ગામંત્રની માળા નિયમિત કરૂં છું. અને 'મા'ના જપ જપું છું. લક્ષ્મી, બાળકો તથા કુટુંબીજનોને મારા નવા જીવનના વર્તાવથી ઘણા જ અચંબા સાથે સંતોષ થયો.

ડાયાબિટિસને કારણે સને ૧૯૯૭માં એક દિવસ ઓચિંતાના જ મારી આંખમાં અંધારાં આવ્યાં. ડબલ વિઝન થવા લાગ્યું અને આંખની કીકી ફરી ગઈ-સાઈડમાં આવી ગઈ. હોસ્પીટલમાં ડૉક્ટરને બતાવતાં સંતોષખાતર દવાનાં ટીપાં આપતાં જણાવ્યું કે સૉરી કંઈ ફેર પડશે નહિ. એક આંખની દ્રષ્ટી ઓછી થઈ ગઈ. હું મા-મા કરવા લાગ્યો. આ હકીકત મેં મારી દિકરી નિરુબેન તથા તેણીના પતિ ડૉ. રશ્મીકાન્ત વ્યાસને જણાવી. ડૉ. એ જણાવ્યું અહીં ઘરે આવો ટ્રીટમેન્ટ કરીશું. તેઓએ આંખ જોઈ પરંતુ તેમનો પણ અભિપ્રાય એવો જ થયો કે મટશે નહિ. પરંતુ મને તથા નિરૂને શ્રદ્ધા હતી કે મા જરૂર મટાડશે. શ્રીદેવી-શિવગુરુએ નિરુને શ્રીવિદ્યા ખડ્ગમાળા તથા શ્રી મહાત્રિપુરસુંદરીના કવચનો ઉપદેશ કરેલ છે જેથી તેઓ બંનેએ જણાવ્યું કે આ બન્ને સ્તોત્રમાં રહેલી દિવ્ય શક્તિનો પ્રયોગ તને બતાવવામાં આવ્યો છે જે વિધિ પ્રમાણે શ્રદ્ધાથી કરીશ તો જરૂરથી રાજરાજેશ્વરી કલ્યાણ કરશે. નિરુએ તુરતજ સ્તોત્રપાઠ શરૂ કર્યા અને તેનું પવિત્ર જળ મારી આંખમાં છાંટવાનું શરૂ કર્યું, સાથે સાથે આચમન પણ ગ્રહણ કર્યું. દરરોજ ક્રમ ચાલતો હતો અને ૧૦/૧૨ દિવસ પછી આંખમાં દ્રષ્ટી આવવા લાગી, જેથી પ્રયોગ ચાલુ જ રાખ્યો અને બે મહિનાના સતત ક્રમના કારણે માએ કૃપા કરી આંખ તદ્દન સારી કરી. અમારા સૌને માન્યામાં ન આવે કે શું ચમત્કાર થયો. પેલા અંગ્રેજ-ધોળીયા-ડૉક્ટરને ફરીથી આંખ બતાવવા ગયો તો તે તો મોંમાં આંગળાં જ નાખી ગયો અને કહેવા લાગ્યો આ શું ? ચમત્કાર ! હું માની શકતો નથી કે આંખ

સાજી થાય. મેં તેને કહ્યું આ મારી અંબામાની કૃપા છે. આ મારા શ્રદ્ધાબીજનું ત્રીજુ કિરણ..

માની અનહદ કૃપાને કારણે મારા શરીરમાં જપ દરમ્યાન અને રાત્રે નિદ્રા દરમ્યાન ઝણઝણાટી થતી હોય છે. તારીખ ૬-૮-૧૯૯૯ના રોજ પરોઢીએ મને સ્વપ્નમાં દર્શન આપ્યાં અને તેમનો અભયહસ્ત મારા શિરે મૂક્યો અને શુભાશિષ પાઠવ્યાં. સવાર પડતાં-ઊઠતાં રાત્રીના થયેલ દર્શનનું મનમાં મનન કરતો હતો અને નિત્યક્રમ માટે બાથરૂપમાં દાઢી (શેવ), સ્નાન ઈત્યાદિ માટે ગયો ત્યાં દાઢી કરવા જતાં મારૂ મુખ અરીસામાં જોતાં માથામાં પીળા પીળા રંગના ડાઘા દેખાયા મને થયું અરે ! માથામાં વાળ કેમ પીળા દેખાય છે ? તરતજ લક્ષ્મી પાસે ગયો અને કહ્યું કે જો તો આ વાળ કેમ પીળા દેખાય છે. તેણીએ બરોબર નિરીક્ષણ કરતાં પીળા ચંદનના લેપ જેવું લાગ્યું. માથું સુંઘ્યું. સહેજ હાથની આંગળી મૂકી તો ભીનાશ લાગી અને ઘણું જ આશ્ચર્ય થયું. ચંદનના લેપવાળી સુંગંધી આવી, જેથી નવાઈ લાગી. ચંદનની એકદમ સુવાસ આવતી હતી તેથી તેણીએ કહ્યું આ તો 'મા'ની કૃપા થઈ છે. આશીર્વાદ વર્ષાવ્યા છે. મારા આનંદનો પાર ન રહ્યો: બધાંને સ્વપ્નની વાત કરી અને માએ મારા શિર ઉપર મૂકેલ અભય-ચંદનવાળાં-હસ્તની સૌને ખાત્રી થઈ અને ઘરનાં સૌ બાળકોએ 'મા'ની પધરામણીની અનુભૂતિની ખાત્રી કરી. મારો દિકરો અવીનાશ જે તેઓની મેરેજ એનીવર્સરી ઉજવવા પત્નિ, બાળકો સાથે અહીં ડન્ડી આવ્યો હતો તેઓએ બધાંએ ચંદનના લેપવાળા માથાના દર્શન કર્યા. અને વિડિઓ ફિલ્મ પણ લીધી. મેં આ જ વખતે પૂ.શ્રીદેવીબાને કડી ફોનથી સમાચારઆપ્યાઅનેમાનીકૃપાનીવાતચીત કરી. શિવગુરૂને પણ ફોન કર્યો અને તેઓ અત્રે પધાર્યા ત્યારે કેસેટ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા શું માની કૃપા ! અને કહ્યું જેને મામાં સાચી શ્રદ્ધા છે અને નિખાલસ દિલના છે તેઓને મા આવા પ્રકારના શુભ આશીર્વાદ આપે છે. કોઈ ભાઈ/બહેનને માના આશીર્વાદની કેસેટ જોવી હોય તેમણે શ્રી શિવગુરૂને મળવું.

આ છે મારા જીવનને મળેલ માની શ્રદ્ધાનું ચોથું કિરણ. સૌને નટવરના જયઅંબે-જયગુરુ દેવ.

• • •

## શુભાષિત....

....✍ : શ્રી ચંદ્રશંકર પંડ્યા

(અનુષ્ટુપ)

**महाजनस्य संसर्गः कस्य नोन्नतिकारकः ।**
**पद्मपत्रस्थितं तोयं धत्ते मुक्ताफलश्रियम् ॥**

(અનુવાદ)

*મહાજનતણા સંગે કોની ના ઉન્નતિ કરી ?*
*સોહે મોતીસમું પાણી પદ્મપત્ર પરે રહી.*

**વિવરણ :** સુભાષિતમાં ઘણોજ મહત્ત્વનો શબ્દ છે મહાજન. મહાજન એટલે 'મોટો માણસ.' મોટો માણસ કોને કહેવો તે પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. જેનું હૃદય ક્ષુદ્ર ન હોય, જેના વિચારો ઊંચા હોય, જેની સમજણ સૂક્ષ્મ હોય, જે બીજાના સુખ-દુ:ખમાં ભાગીદાર બનતો હોય, નિંદા સાંભળી ગભરાતો ન હોય અને પ્રશંસા સાંભળી ફુલાતો ન હોય, જે સમાજને બોજારૂપ ન હોય, જેનાં કાર્યોથી બીજાને ઉદ્વેગ કે તકલીફ ન થતાં હોય, જેને પોતાનું કર્તવ્ય સ્પષ્ટ સમજાતું હોય અને તેને ખરા અર્થમાં 'મહાજન' કહી શકાય. ટૂંકામાં, નરસિંહ મહેતાએ જેને 'વૈષ્ણવજન' વર્ણવ્યો છે તે મહાજન કહેવાય. આવા 'મહાજન'ના સંસર્ગથી મનુષ્યની અવશ્ય ઉન્નતિ થાય જ. સંગનો રંગ લાગ્યા વિના રહે જ નહિ. મનુષ્યને બદલાયે જ છૂટકો. ઈચ્છાએ કે અનિચ્છાએ દુર્ગુણોને ભાગવું જ પડે. કવિએ કમળના પાન ઉપર રહેલા બિંદુને મોતી સાથે સરખાવી શ્રેષ્ઠ સંસર્ગનું ઉત્તમ પરિણામ સમજાવ્યું છે. પાણીનું બિંદુ સ્વયં મોતી ન હોવા છતાં મોતી જેવું બની જાય છે તે સંસર્ગનો જ ચમત્કાર છે ? રામ, કૃષ્ણ, બુદ્ધ, મહાવીર, ગાંધીજી, શંકરાચાર્ય, આપણા ગુરુદેવ વગેરેએ પોતાના સંસર્ગમાં આવેલા મનુષ્યોનાં જીવન કેવાં પલટી નાંખ્યાં છે ? આટલું જાણ્યા પછી કોનો સંસર્ગ રાખવો તે મનુષ્યે પોતે નક્કી કરી લેવાનું છે.

• • •

# શ્રીલલિતામ્બા ત્રિશતીનામ્

લેખાંક : ૧૭

....✍ : શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી

*"સંકલ્પોની પરંપરા જેટલા પ્રમાણમાં ઘટે તેટલા પ્રમાણમાં ચિત્તશુદ્ધ થયેલું ગણાય."*

**- શ્રી રંગ અવધૂત**

આપણે પંચદશી મંત્રના પ્રથમકૂટના છેલ્લા બીજ હ્રીં-કારના અર્થસંદર્ભો બાબતે અવલોકન કરતા હતા. આ લેખમાળામાં તે સંપન્ન કરીશું.

**ह्रींकार-वाच्या ह्रींकार-पूज्या ह्रीं-कार पीठिका ।**
**ह्रींकार-वेद्या ह्रींकार-चिन्त्या ह्रीं-ह्रीं-शरीरिणी ॥१९॥**

(૯૪) **ह्रींकार-वाच्या'** - પરદેવતા શ્રી ભગવતી માતાનો સાક્ષાત્કાર 'હ્રીં' સ્વરૂપે કહેવાય છે. આ જ શબ્દ બ્રહ્મસ્વરૂપ છે.

(૯૫) **'ह्रींकार-पूज्या** - શ્રી ભગવતી માતાનું પૂજન 'હ્રીં' મન્ત્ર વડે થાય છે. પૂજનવિધિમાં લખેલ છે **'मूल-मन्त्रेण पूजयते'** એટલે કે શ્રીમાની પૂજા મૂળમંત્ર વડે કરવી જોઈએ. ***મૂળમંત્રનો જાપ કરતાં કરતાં જ ઉપાસક / સાધક જ્યારે અંતર્મુખી બને છે ત્યારે ઇચ્છિત વરને પ્રાપ્ત કરે છે.*** **મંત્રશાસ્ત્રનો એ ગુપ્ત સિધ્ધાંત છે કે બીજમંત્રનો નમોન્તક જાપ એટલે કે મંત્રને છેડે નમઃ બોલીને પુરશ્ચરણ કરવાથી તે સિદ્ધિને વરે છે.**

(૯૬) **ह्रींकार-पीठिका** - પીઠ = આધાર કે આસન. શ્રીમાતાના આ નામનો અર્થ જ 'શબ્દ'નો આધાર છે. 'અર્થ' અને 'શબ્દ' બન્ને એક જ છે, તેમ છતાં પોતાને વ્યક્ત કરવા માટે એકમાંથી બે (દ્વય) બને છે. શ્રી માતાનો જે આવાસ (રહેવાનું સ્થળ) છે તે જ હ્રીં-કાર સ્વરૂપ છે.

(૯૭) **'ह्रींकार-वेद्या'** - 'હ્રીં' - બીજથી શ્રી ભગવતીમાતાના સ્વરૂપનું જ્ઞાન થાય છે. બ્રહ્મને નિરૂપાધિક કહેવાય છે. એટલે કે તેને અવિદ્યાના સ્વરૂપમાં ગણવાનું નથી. સંસારમાં અવિદ્યા / તમસ છે. શ્રવણ, મનન, સત્સંગ, નિદિધ્યાસન દ્વારા ચિદાનંદસ્વરૂપ બ્રહ્મનો સાક્ષાત્કાર થઈ શકે છે. પ્રત્યગાત્મામાંથી અવિદ્યાને દૂર કરવા માટે બ્રહ્મનું ચિંતન-મનન આવશ્યક છે. શાસ્ત્રમાં કહેવાયું પણ છે કે - **'ब्रह्मण्यज्ञान - नाशाय वृत्ति - व्यापिरपेक्ष्यते ।'** ગીતાજીમાં પણ શ્રી કૃષ્ણ ભગવાનનું વચન છે - **'मामेव ये प्रपद्यन्ते, मायामेतां तरन्ति ते ।'** એટલે કે જે મારા શરણમાં આવે છે તે માયાના આવરણથી/અવિદ્યાથી મુક્ત થઈ જાય છે. કહેવાનું તાત્પર્ય એ છે કે સક્રિયતા (વિજ્ઞાન) જ શ્રીમાતાની પ્રાપ્તિ માટે સહાયક બને છે. ગુરૂદેવ દ્વારા **'ह्रीं'** મંત્રની દીક્ષા મળે તો 'શ્રીમા' મળી જાય છે. **ઉપાસકને માટે તો બ્રહ્મજ્ઞાન જ જીવનનું લક્ષ્ય હોય છે.**

(૯૮) **ह्रींकार-चिन्त्या** - ह्रीं - કારનું ધ્યાન / ચિંતન કરવાથી ભગવતી માતાનો સાક્ષાત્કાર થાય છે. પાંચ પ્રકારના દેવી પ્રણવ છે. **'श्रीं', ह्रीं, क्लीं, ऐं** અને **सौः ।** 'ऐं' એ પ્રણવ જ છે. 'વેદ' અને 'યોગ'માં આ પ્રણવબીજને ગુપ્ત રાખવાનું કહેવામાં આવ્યું છે, કેમકે **'ભક્તિ' અને 'યોગ' ઉપર જ મંત્ર સામર્થ્ય વિશેષરૂપે નિર્ભર છે. ह्रीं-** કાર એ સગુણ અને નિર્ગુણ એમ બન્ને પ્રકારના બ્રહ્મનું સ્વરૂપ છે. દેવતાઓનો સાક્ષાત્કાર કરવા માટે ધ્યાન અતિ આવશ્યક છે. શ્રીમાતાનું ધ્યાન **'ह्रीं'**-કારથી સહજ રીતે કરી શકાય છે.

(૯૯) **'ह्री'** - **'ह'** - ધાતુથી **'ह्रीं'** મંત્ર બનેલ છે. **'ह'** = લઈ લેવું, પડાવી લેવું. **શ્રીમાઁ ઉપાસકની માયા-મય ભૌતિકતાને લઈ લઈને (ભક્તને) મુક્તિ આપે છે.**

(૧૦૦) **'ह्रीं-शरीरिणी'** - શ્રી ભગવતી માતાનું શરીર એટલે કે સ્વરૂપ **'ह्रीं'**-કારથી બનેલું છે. પંચદશી મૂળમંત્રનું સર્વસ્વ **'ह्रीं'**કાર જ છે.

અત્રે પ્રથમ કૂટના પાંચેય બીજના સ્વરૂપની ઝાંખી સંપન્ન કરી. (- ક્રમશઃ)

• • •

# જીવનની સાર્થકતા

સોપાન : ૨૧

....✍ : શ્રી બાબુભાઈ નાયક

જીવનને **નિસ્પૃહતા**-ઉન્નત કે ઉર્ધ્વગામી બનાવવા આપણે આજ સુધી વીસ બાબતો વિચારી. આજે એકવીસમા સોપાને પદગ્રહણ કરીએ છીએ ત્યાં 'નિસ્પૃહતા' વિશે વિચાર કરવાનું મનમાં સૂઝ્યું. તે વખતે પેલા કવિની કવિતાની રોજ સ્મૃતિ કરતી સુંદર કડી લેખ લખતા પહેલાં મનમાં ઊગી આવી.

*અરે પ્રારબ્ધ તો ઘેલું, રહે તે દૂર માગે તો;*
*ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.*

કેવું નર્યું સત્ય ! માણસ આ પંક્તિઓ જ વિચારે તો તેનું જીવન સાર્થક બની જાય. ચાલો હવે આ વાતને આધ્યાત્મિક દૃષ્ટિએ મૂલવીએ. 'સ્પૃહા' એટલે ઇચ્છવું, માગવું એવો અર્થ થાય. માણસ પ્રાર્થના કરે છે. તેમાં એ માગે છે. પ્રાર્થના કરે છે એટલે માગે છે . આપણે જીવનમાં હંમેશાં એક વાત ચોક્કસ યાદ રાખવી કે માંગવાથી કદી કશું જ મળતું નથી. માટે જ આપણી પ્રાર્થનાઓ વિફલ થાય છે. પ્રાર્થનાઓ ગમે તેટલી કરો, પણ તેનું ફળ કદી મળશે નહિ, કારણ કે તેમાં માગવાની વૃત્તિ છુપાઈ પડી છે.

'પ્રાર્થના' શબ્દનો અર્થ ઉચ્ચપ્રકારનો છે. 'હે પ્રભુ ! આ વિશ્વમાં બધું તારી ઇચ્છા પ્રમાણે થાય, તો પ્રાર્થના ફળે. માગવું, ઇચ્છવું એ પ્રાર્થનાનો ભાવ નથી. લોકો તો એમ જ સમજે છે કે 'અમારી ઇચ્છાઓ પાર પાડો' તેનું નામ પ્રાર્થના. અરે ! લોકો તો આત્મા શબ્દનો અર્થ પણ ક્ષુદ્રાત્મા, અલ્પાત્મા કે યાચના કરતો જીવ એવો કરે છે. **પ્રાર્થનાના શબ્દનું ખરું રહસ્ય તો 'હે પ્રભુ ! તારી ઇચ્છા પ્રમાણે થાઓ' એમાં છે.**

મનુષ્યનું જીવન અનેક પ્રકારની આધિ, વ્યાધિ અને ઉપાધિઓથી ઘેરાયેલું હોય, તો પણ તેના આત્માના ઊંડાણમાંથી તો 'હે પ્રભુ ! તારી ઇચ્છા પ્રમાણે થાઓ' એવી જ વાણી આવવી જોઈએ. મનુષ્યનું શરીર વ્યાધિગ્રસ્ત બને, આસપાસનું વાતાવરણ આપત્તિમય બને તો પણ તેની હૃદયગુહામાંથી તો, *'હે પ્રભુ ! મારી ઇચ્છા પ્રમાણે નહિ, તારી ઇચ્છા પ્રમાણે જ થાઓ' એ ભાવના જ સ્ફુરવી જોઈએ. આનું નામ આત્મસંયમ.* આત્મત્યાગ કે આત્મસમર્પણ હૃદયથી કરવામાં આવતી પ્રાર્થનાનું ખરું રહસ્ય, પ્રાર્થનાનું ચૈતન્ય, પ્રાર્થનાનો આત્મા તો આ છે.

જ્યાં આ જગત એ જગત રહેતું નથી, જ્યાં આ જગતનાં સંબંધો સંબંધો રહેતા નથી, એ ભૂમિકાને પ્રાપ્ત થઈ, સંપૂર્ણ એકાગ્ર ચિત્તે આપણું મન અલ્પકાળ માટે પણ દૈવીભાવમાં એકાગ્ર થાય, સ્થિર થાય તે વખતે મનુષ્ય જે પ્રાર્થના કરે તેને જ પ્રભુ સાંભળે છે. તે જ પ્રાર્થના સફળ થાય છે. એવી એકાગ્રતાની સ્થિતિ મનુષ્યની ભલે એક ક્ષણ જ રહે, છતાં તે ક્ષણે થયેલી પ્રાર્થના, બોલાયેલી વાણી સફળ થાય છે. આવી અલ્પકાલીન સ્થિતિમાંથી મનુષ્ય જાગ્રત થઈ વ્યવહાર દશામાં આવે તો તે વખતે તેને જે ઇચ્છા સ્ફુરે તે જરૂર પાર પડવાની.

જ્યારે મનુષ્ય સંપૂર્ણ આત્મસંયમ, સંપૂર્ણ અહંનો ત્યાગ, સંપૂર્ણ સર્વસ્વનો ત્યાગ અને સંપૂર્ણ આત્મનિવેદનની ઉત્કૃષ્ટ અવસ્થાએ પહોંચે છે, ત્યારે તે જે જે પ્રાર્થના કરે છે તે ચોક્કસ ફળે છે; પણ આવી પ્રાર્થના માગણની, સ્વાર્થ ભરેલી કે પોતાનું જ સારું થાય તેવી ન હોવી જોઈએ. તેમાં તો વિશ્વ-કલ્યાણની ભાવનાઓ જ હોવી જોઈએ. યાચક ભિખારીની શૂદ્ર ભાવનાઓ તેમાં ન હોવી જોઈએ. નિષ્કામતાની ભાવના જોઈએ.

એક વખત એક વૈરાગી સાધુ અને શેઠ જાત્રા કરવા નીકળ્યાં છે. એક જગાએ રાત્રિ ગાળવા બંને સાથે રોકાયા. પ્રભુને તેમની પરીક્ષા કરવાની ઇચ્છા થઈ. બ્રાહ્મણ વેશે ભગવાન અર્ધી રાત્રીએ એક મણિ લઈને પેલા વૈરાગી પાસે આવ્યા. તેને જગાડ્યો અને કહ્યું, "વૈરાગી ! મારી પાસે આ મણિ છે તે તું લે."

'હું મણિ લઉં તો મને શો લાભ થાય ?'

'તું જેટલું ધન માગીશ તેટલું ધન તને મળશે.'

'બ્રાહ્મણ ! મારે તો એક શેર લોટની જ જરૂર પડે છે. મને ભગવાન તેટલો લોટ આપે છે, પણ મારી પાસે આ શેઠ સૂતા છે તેમને ઘણાં ધનની જરૂર છે તેમને મણિ આપ.'

બ્રાહ્મણે વૈરાગીને કહ્યું, 'તું શેઠને જગાડ.' શેઠને વૈરાગીએ જગાડયા. એટલે બ્રાહ્મણે શેઠને કહ્યું, 'શેઠ ! મારી પાસે આ મણિ છે. તે જોઈએ તેટલું ધન આપે તેવો છે. મેં વૈરાગીને આપવા કહ્યું. તેણે તે લેવાની ઘસીને ના પાડી. તમને આપવા તેણે કહ્યું.'

'વૈરાગી ! તમે મણિ લેવાની કેમ ના પાડી ? શેઠે વૈરાગીને પૂછ્યું.

'શેઠ ! હું રહ્યો વૈરાગી. મારે રોજ એક શેર લોટની જરૂર પડે છે. શેર લોટ તો ભગવાન મને આપી રહેશે. પછી મારે મણિની શી જરૂર ?'

'વૈરાગી ! જો તને શેર લોટ ભગવાન આપી રહેશે, તો મને દસ શેર લોટ પણ ભગવાન આપી રહેશે. મારે પણ મણિની બિલકુલ જરૂર નથી.'

વૈરાગીએ કે શેઠે બંનેમાંથી કોઈએ મણિ લેવાની ઇચ્છા ન બતાવી.' બ્રાહ્મણવેષે આવેલા પ્રભુ બંનેનો નિષ્કામ ભાવ જોઈ ચાલ્યા ગયા.

*જ્યાં સુધી માણસ કંઈ મેળવવાની ઇચ્છાવાળો છે ત્યાં સુધી તે ભિખારી, યાચક છે, ત્યાં સુધી મનુષ્યને કંઈ મળવાનું નથી.* તમારે કોઈ મોટા માણસને મળવા જવું હોય ત્યારે તમે યોગ્યતા પ્રમાણેનો પોશાક પહેરીને જાઓ છો. પ્રભુ મહાનમાં મહાન છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ છે. વાસનાઓથી પર છે. જો તમારે તેવા પ્રભુની પ્રાપ્તિ કરવાની ઇચ્છા હોય તો તેમની પાસે જવા સ્પૃહારૂપી મલિનતાથી રહિત બનીને જ જવું જોઈએ. તમારે પોશાકરૂપી દૈવીસંપત્તિ ધારણ કરવી જોઈએ. **દૈવી સંપત્તિ એટલે નિઃસ્પૃહતા, નિરિચ્છા, વાસના રહિતપણું.** જ્યારે નિઃસ્પૃહ, નિરિચ્છ થશો ત્યારે જ તમે પ્રભુને માર્ગે જઈ શકશો. જ્યાં સુધી તમે માગ્યા જ કરશો, વાસનાઓ કર્યા જ કરશો, આકાંક્ષાઓ વધાર્યા જ કરશો, ત્યાં સુધી તમને સુખ, શાંતિ, મળવાનાં નથી. ઇચ્છાઓ સુખરૂપે પ્રતીત થશે, પણ કદી પ્રાપ્ત થશે નહિ. કોઈપણ વસ્તુથી આકર્ષાઈ તે મેળવવા રાત-દિવસ મથ્યા કરશો, તો તે વસ્તુ તમારાથી દૂરને દૂર ચાલી જશે; પણ એ વસ્તુ તરફ જેવી પૂંઠ ફેરવશો તો તે વસ્તુ તમારી પાછળ પાછળ આવશે. અનુભવ કરી જોજો. પછી તે વસ્તુ ધન હોય, સત્તા હોય કે યશ હોય, કે ગમે તે કેમ ન હોય ? જગતમાં દરેક વસ્તુની ઇચ્છામાં અને તેની પ્રાપ્તિમાં આ નિયમ જ કામ કરે છે.

જ્યારે તમે ઈચ્છાનો ત્યાગ કરો છો, જ્યારે તમે ભાવનામાં ઈચ્છિત વસ્તુને ભૂલી જશો, 'મારા-તારા'ની ક્ષુદ્ર ભાવનાથી પર થશો, ત્યારે જ તમારી તે ઈચ્છિત વસ્તુ તમને પ્રાપ્ત થશે. તમને શંકા થાય કે આમ થવાનું કારણ શું ? તેના સમાધાનમાં સમજવાનું કે જ્યારે તમે ઉચ્ચ ભાવનાત્મક ભૂમિકાને પ્રાપ્ત થાઓ છો, ત્યારે તમે ઉચ્ચ અને વિશાળ ગગનમંડળમાં પહોંચી જાઓ છો. તમે સૂર્ય બની જાઓ છો. તે વખતે તમારા ઈચ્છિત પદાર્થો પૃથ્વી અને ગ્રહરૂપ બની જાય છે. સૂર્યરૂપ તમે તે તે પદાર્થોને તમારી તરફ આકર્ષો છો. એટલે ઈચ્છિત પદાર્થો જેવા કે યશ, સંપત્તિ, સત્તા વગેરે તમારી તરફ ખેંચાતા આવે છે. આવી રીતે ઈચ્છા અને વસ્તુપ્રાપ્તિની ઘટમાળ વિશ્વમાં ચાલ્યા જ કરે છે અને ચાલે જશે.

જેમ કોઈ ગામમાં કે શહેરમાં તે પ્રદેશનો રાજા આવે તો અધિકારીઓ, શ્રીમંતો અને પ્રજા તેમના સત્કાર માટે ઉમટી પડે છે. કોઈને બોલાવવા જવાની જરૂર નથી પડતી. તે જ રીતે **મનુષ્ય જ્યારે ઈચ્છાઓ, સ્પૃહાઓ, વાસનાઓ વગેરેથી પર થાય છે ત્યારે તે ઈચ્છિત વસ્તુઓ તેને આવી મળે છે.** ત્યાર પછીની તો તમારી અવસ્થા અલૌકિક બની જશે. તે વખતે જો મનુષ્ય માણસાઈ ગુમાવી વસ્તુઓ, યશ, સત્તા વગેરેને વશ થઈ તેમાં આનંદ ભોગવતો બની જાય, તો તરત જ તે અધઃપતનની ખાઈમાં પડી જશે. ભૌતિક પદાર્થો પ્રાપ્ત થવાનું અને જતા રહેવાનું આ જ રહસ્ય છે. ભૌતિક સંપત્તિનું ઘટનાચક્ર વિશ્વમાં આ રીતે ચાલ્યા જ કરવાનું.

એક વખત ભારત દેશ ભૌતિક ઉન્નતિને શિખરે હતો. યુરોપ અંધારામાં હતો. અમેરિકાનું નામો-નિશાન

ન હતું. ક્રૂઝેડો (ધર્મયુદ્ધો) થયાં ત્યારે ભારતની સંપત્તિના સંબંધમાં આવેલા યુરોપના લોકો, ધર્મયુદ્ધો લડી લડી યુરોપમાં પાછા જઈ ત્યાંના લોકો આગળ ભારતની વાતો કરતા, ત્યારે યુરોપના લોકોને તે બધી વાતો પરીઓના પ્રદેશની (ખોટી) વાતો લાગતી. વાતો કરનારની વાતોને તેઓ કલ્પિત વાતો, પરીકથાઓ માનતા. તે જ યુરોપ આજે સુધરેલા દેશોવાળો, શિસ્તવાળો, સંપત્તિવાન આપણને લાગે છે, જ્યારે ભારત દેશ પાછળ રહી ગયો છે. અને અમેરિકા જેનું નામ-નિશાન કોઈએ કદી સાંભળ્યું ન હતું તે સંપત્તિ અને સત્તાની ચરમસીમાએ પહોંચ્યો છે. આ છે ભૌત્તિકસંપત્તિનું ઘટનાચક્ર. આફ્રિકા અંધારિયો ખંડ (DARK continent) ગણાતો તે પ્રકાશિત ખંડ બની ગયો. મગનભાઈ આફ્રિકા કમાઈ આવ્યા છે. છગનભાઈ તો અમેરિકા રહે છે. છગનભાઈ અને મગનભાઈ સન્માનપાત્ર વ્યક્તિ બની ગયા. આ છે ભૌતિક સંપત્તિનું ઘટનાચક્ર 'ઘડી ઊંચે, ઘડી નીચે.'

એક માણસ આગગાડીના ડબાના બારણા આગળ જ ઊભો રહી બધાને બોલાવે જાય, પણ જ્યાં સુધી તે બારણા આગળથી ખસે જ નહિ, તો આવનાર માણસ ડબામાં કેવી રીતે પેસી શકે ? આપણી પૃથ્વીની આસપાસની હવા સૂર્યની ગરમીથી પાતળી થઈ અદ્ધર જાય, ત્યારે તેને સ્થાને બીજી તાજી હવા આવે. તે ન્યાયે જ્યાં સુધી તમે ઈચ્છાઓ કર્યા પછી તમારી ઈચ્છાઓ અને કામનાઓથી પર ન થાઓ ત્યાં સુધી તે પૂરી થાય જ નહિ. જગતના મનુષ્યે આ વસ્તુ બરાબર સમજી લેવી કે જ્યાં સુધી તમે તમારી કામનાઓ, ઈચ્છાઓ વગેરેથી રહિત ન થાઓ ત્યાં સુધી મનુષ્યની દુ:ખી અવસ્થા જ રહેવાની છે. **જે મનુષ્ય કામનાઓથી રહિત છે તે જ મનુષ્ય સાચા અર્થમાં સુખી છે. જગતનો મહારાજા છે.**

સિકંદર ભારતમાં આવ્યો. તેણે ભારતના તત્ત્વજ્ઞાનીઓ વિશે ઘણું ઘણું સાંભળેલું. ભારતમાં આવી તેણે આવા તત્ત્વજ્ઞાનીની શોધ કરતાં કોઈએ કહ્યું કે અમુક પ્રદેશમાં એક મહાન તત્ત્વજ્ઞાની છે. સિકંદરની ઈચ્છા તેને પોતાના દેશમાં લઈ જવાની હતી. તેણે એક મોટા સૈનિકને તે તત્ત્વજ્ઞાની પાસે મોકલ્યો. તે સૈનિક ઘોડા પર સવારી કરી તત્ત્વજ્ઞાની પાસે આવ્યો. તત્ત્વજ્ઞાની તો દિગંબર અવસ્થામાં મસ્ત બની સૂર્યકિરણોનો લાભ લઈ રહ્યો હતો. સત્તાની તુમાખીમાં આવેલા પેલાએ તત્ત્વજ્ઞાનીને કહ્યું, "એ સાધુ ! ચાલ, અમારા રાજા તને બોલાવે છે."

'મારે તારા રાજા પાસે નથી આવવું. હું પોતે જ રાજાઓનો રાજા છું.' પેલા સૈનિકે સત્તાના તોરમાં તત્ત્વજ્ઞાનીને બરાબર ખખડાવી નાખ્યો, પણ પેલો તત્ત્વજ્ઞાની એકનો બે ન થયો તે ન જ થયો. આખરે કંટાળી તે સિકંદર પાસે પાછો આવ્યો અને બધી હકીકત તેમને કહી. સિકંદરને આજે લોકો એલેકઝાંડર ધ ગ્રેટ - કહે છે તે પણ સૈનિકની વાત સાંભળી જાતે તે તત્ત્વજ્ઞાનીને મળવા ગયો. સિકંદરને જોઈને પણ તત્ત્વજ્ઞાનીએ તેના તરફ દ્રષ્ટિ સરખી ન કરી. ફક્ત એટલું બોલ્યા, "ભાઈ ! તું અહીંથી આઘો થા. તારા મારી નજીક ઊભા રહેવાથી મને સૂર્યનો તાપ મળતો અટકી જાય છે.'

કહેવાય છે કે આ તત્ત્વજ્ઞાનીને મળ્યા પછી, આખી દુનિયાને જીતવા નીકળેલો સિકંદર ધ ગ્રેટ ભારતથી જ પોતાના દેશ તરફ પાછો વળી ગયો. તેને સંપત્તિની નશ્વરતા આ તત્ત્વજ્ઞાનીના દર્શનમાત્રથી સમજાઈ ગઈ. તેથી તેણે પોતાના માણસોને કહી રાખેલું કે હું મરી જાઉં ત્યારે મારી અંતિમ યાત્રા-પાલખી-માં મને લઈ જાઓ ત્યારે મારા હાથ સૌ જોઈ શકે તે માટે ખુલ્લા રાખજો કે મારી પ્રજાને સમજાય કે 'હું જન્મ્યો ત્યારે મારા હાથની મુઠ્ઠીઓ વળેલી હતી; પણ હવે જ્યારે આ વિશ્વમાંથી હું વિદાય લઉં છું ત્યારે ખાલી હાથે જાઉં છું.' આટલું સત્ય સમજવું એમાં જ જીવનની સાર્થકતા રહેલી છે.

વેદાંત તો કહે છે કે 'જો તમે જગતના પદાર્થોની રજ પણ અપેક્ષા રાખ્યા વિના, પોતાના મનમાં નિ:સ્વાર્થ ભાવે વિચાર કરતા થશો તો તમે વિશ્વમાં તમારો પ્રકાશ અને તમારી દિવ્ય ચેતનશક્તિને પ્રસરાવી શકશો. સત્યના મહિમાને સમજી, દેહાભિમાન તજી જીવન જીવશો તો તમે પરમશક્તિરૂપ બની જશો. એક માણસે

લક્ષ્મીદેવીનાં સાક્ષાત દર્શન કરવા અનેક વર્ષો સુધી અનેક પ્રકારનાં તપ કર્યાં, અનેક મંત્રોના જપ કર્યા, પણ તેને લક્ષ્મીદેવીનાં દર્શન ન થયાં તે ન જ થયાં. તેની મંત્રો પરની શ્રદ્ધા પણ ઊઠી ગઈ. એટલે તેણે ઘરબાર છોડી સંન્યાસ લીધો. વનમાં ગયો અને સાધુજીવન શરૂ કર્યું. ત્યાં વનમાં શ્રીલક્ષ્મીદેવી પ્રત્યક્ષ રીત તેને દર્શન આપવા પધાર્યાં.

પેલા માણસે બે હાથ જોડી નમસ્કાર કરી કહ્યું, "દેવી ! હવે મારે તમારું કામ નથી. હવે હું તો સંન્યાસી બન્યો છું. સંન્યાસીને ધન, દોલત, વૈભવ વગેરે શા કામના ? જ્યારે હું તમારી ઈચ્છા કરતો હતો, ત્યારે આપે પધારી દર્શન ન આપ્યાં. હવે જ્યારે મેં તમારી ઈચ્છા જ ત્યજી દીધી ત્યારે આપ મારી સન્મુખ આવ્યાં. હવે મારે તમારી શી જરૂર."

લક્ષ્મીજીએ તેને જવાબ આપ્યો, "ભાઈ ! તેં પોતે જ મારો માર્ગ રોકી રાખ્યો હતો. જ્યાં સુધી તને મને પામવાની ઈચ્છા હતી, જ્યાં સુધી તારામાં દ્વૈતભાવનો અધ્યાસ હતો, જ્યાં સુધી તેં તારી જાતને યાચકની, માગણની, ભિક્ષુકની, ભિખારીની સ્થિતિમાં મૂકી હતી ત્યાં સુધી તું કંઈ જ પ્રાપ્ત કરી શક્યો નહિ; પરંતુ જે ક્ષણે તું નિઃસ્પૃહ બન્યો, બધી વસ્તુઓને ત્યજી દેવા તૈયાર થયો, તે જ ક્ષણે તું દેવ બન્યો, દિવ્ય બન્યો, ત્યારે જ તું મહિમાવાળો બન્યો."

જ્યારે માણસ નિસ્પૃહી બની સર્વ કામનાઓ છોડી દે છે ત્યારે જ તેનામાં પૂર્ણતા આવે છે. એ પૂર્ણતા એ જ માનવજીવનની મહત્તા છે. કામનાઓનો તો પાર નથી, ઈચ્છાઓનું અનંત આકાશ છે; પણ માનવ-જીવનની સાર્થકતા તો નિઃસ્પૃહી બની ઈચ્છાઓ અને કામનાઓ પર પૂર્ણવિરામ મૂકવામાં જ રહેલી છે. જે વખતે માણસ નિઃસ્પૃહી બને છે ત્યારે તે શહેનશાહોનો પણ શહેનશાહ છે. મહાન બાદશાહ છે. પૂર્ણશક્તિરૂપ બને છે. તો ચાલો **આપણે પણ નિઃસ્પૃહ બની પૂર્ણશક્તિરૂપ બનીએ અને મળેલા માનવ-જીવનને સાર્થક કરીએ.**

• • •

## શ્રી લલિતાસહસ્રનામ...

લેખાંક : ૧૨

....✍ : શ્રી ચંદ્રકાન્ત એમ. જાની

**वदनस्मरमाङ्गल्यगृहतोरणचिल्लिका ।**
**वक्त्रलक्ष्मीपरीवाहचलन्मीनाभलोचना ॥६॥**
**नवचम्पकपुष्पाभनासादण्डविराजिता ।**
**ताराकान्तिरस्कारिनासाभरणभासुरा ॥७॥**

(૧૭) **वदनस्मरमाङ्गल्यगृहतोरणचिल्लिका** - શ્રી દેવીમાતાનું મુખ (વદન) કામરાજના આવાસ જેવું (અતિસુંદર) છે. એવું જણાય છે કે કામરાજ (દેવ) નો જે મંગળમય પ્રસાદ (આવાસ) છે, તેના તોરણ-બહારનું દ્વાર (બારશાખ)ના જેવી ધનુષ્યાકાર ભ્રૂ (ભમર) શોભી રહી છે.

(૧૮) **वक्त्रलक्ष्मीपरीवाहचलन्मीनाभलोचना** - શ્રીમાતાના નેત્ર એવા શોભી રહ્યા છે જાણે કે તેમના મુખરૂપી સુંદર સરોવરમાં ચંચળ માછલીઓ (તરી રહી) ન હોય ! માછલીઓની જેમ નેત્ર પણ ચંચળ હોવાનું માનવામાં આવે છે. માછલીઓ જેવી રીતે પોતાની દૃષ્ટિ-માત્રથી પોતાનાં બાળકો (બચ્ચાં-ઈંડાં)નું સેવન (પાલન) કરે છે તેવી રીતે શ્રીમાતાના (ભ્રૂ) કટાક્ષ માત્રથી ભક્તોનું પોષણ (આરક્ષણ) થાય છે.

(૧૯) **नवचम्पकपुष्पाभनासादण्डविराजिता**-નવા ખીલેલા ચમ્પાના પુષ્પની કેવળ કળી જ વિકસતી નથી પરંતુ તેની સાથે સુગંધ પણ ફેલાય છે. શ્રીદેવી -માતાની નાસિકા ઠીક આ પ્રમાણે જ વિકસેલ અને સુગંધિત છે.

(૨૦) **ताराकान्तिरस्कारिनासाभरणभासुरा**- શ્રી માતાના નાસિકામાં મોતીની વાળી છે. આ વાળીની શોભા નક્ષત્રમંડળમાં ચમકતા તારલાઓથી પણ અતિ વિશાળ છે અથવા તો તેમની તારલાની શોભાને પણ ઝાંખી કરી દેનારી છે. શ્રી દેવીમાતાની નાસિકા ઠીક એ પ્રમાણે શુશોભિત છે.

તારલાઓની સાથે મોતીની વાળીની શોભાની સરખામણી એ બે દેવીઓ જેમનું નામ મંગલા અને શુ કલા છે તેમની સાથે હોઈ શકે અથવા એક દેવીમાતાનું નામ તારકા પણ છે. મણિ, માણેક અને મોતી એ એવાં શણગાર છે જેના દ્વારા નથની (નાસિકાની વાળી) શોભે છે. નથ નાસિકાના ડાબા ભાગે પહેરવામાં આવે છે તેને કેટલાક લોકો નથની તરીકે પણ ઓળખે છે.

આપણે શ્રીમાતાના નમોન્તક પાંચ નામોની અંગ્રેજી ભાષામાં સમજૂતિ માર્ચ-એપ્રિલ, ૧૯૯૯ના અંકમાં જોએલી. આ અંકમાં ૬ થી ૨૦ સુધીના નમોન્તક નામોને એ રીતે સમજીશું."

**(6)** **उद्यद्भानु-सहस्त्राभायै नमः** - Salutations to Her who is radiant as a thousand suns rising together.

**(7)** **चतुर्बाहु-समन्वितायै नमः** - Salutations to the four-armed Divinity.

**(8)** **रागस्वरूप - पाशाढ्यायै नमः** - Salutations to Her who holds in her lower left hand a noose representing the power of love.

**(9)** **क्रोधाकाराङ्कुशोज्ज्वलायै नमः** - Salutations to Her holding the flashing ankusa (goad) of anger in Her lower right hand for restraining the forces of evil.

**(10)** **मनोरूपेक्षु-कोदण्डायै नमः** - Salutations to Her who wields in her upper left hand a Sugarcane bow that stands for mind.

**(11)** **पञ्चतन्मात्र-सायकायै नमः** - Salutations to Her who holds five arrows representing the five Tanmatras (subtle elements.)

**(12)** **निजारूण-प्रभापूर-भज्जद्ब्रह्माण्ड-भण्डलायै नमः** - Salutations to Her in the rosy splendour of whose form the whole Universe is bathed.

**(13)** **चम्पकाशोक-पुन्नाग-सौगन्धिकलसत्कचायै नमः** - Salutations to Her whose shining locks of hair impart their fragrance to flowers like Champaka, Asoka and Punnaga adorning them.

**(14)** **कुरूविन्दमणि-श्रेणी-कनत्कोटीर-मण्डितायै नम :** - Salutations to Her whose crown is shining with rows of Kuruvinda gems.

**(15)** **अष्टमीचन्द्र - विभ्राज - दलिकस्थल-शोभितायै नमः** - Salutations to Her whose fore- chead shines, arching like the crescent moon of the eighth lunar digit (Astami).

**(16)** **मुखचन्द्र - कलङ्काभ-भृगनाभि- विशेषकायै नमः** - Salutations to Her whose moon-like face is distinguished by the Kasturi Tilaka like the spot in the moon.

**(17)** **वदनस्मर-माङ्गल्य - गृहतोरण- चिल्लिकायै नमः** - Salutations to Her whose face, the auspicious home of Kama (Cupid), has eyebrows that resemble archways leading to that abode of beauty.

**(18)** **वक्त्रलक्ष्मी - परीवाह - चलन्मीनाभ - लोचनायै नमः** - Salutations to Her whose eyes move like fish in the streams of beauty flowing from Her face.

**(19)** **नवचम्पक - पुष्पाभ - नासादण्ड - विराजितायै नमः** - Salutations to Her whose shapely nose is like a fresh-blown Champaka bud.

**(20)** **ताराकान्ति - तिरस्कारि - नासाभरण - भासुरायै नमः** - Salutations to Her with a nasal ornament set with a jewel that excels the brilliance of the Venus.

પૂજ્ય ભાઈ પણ કરુણામયી શ્રીમાતાનો દિવ્ય સંદેશ આપતા કહે છે -

*"આશ્વિનનાં નવલાં પ્રભાતો, નવલી ઉજ્જવલ રાતો, અવસાદને વિદાય આપો, નકારાત્મક વૃત્તિને દૂર કરો. જગન્માતાનાં ગીત સ્તવન કરો, શ્રદ્ધાપૂર્વકની સંનિધિ અનુભવો. એ ઓજ-તેજ પૂરશે, ભક્તિ-રસથી ભરશે, રાસોત્સવ કરાવશે.*

(- ક્રમશઃ)

• • •

## પ્રાર્થનો પચાર
## Prayer Therapy

....✍ : સ્વ. શ્રી બાબુભાઈ જે. બારોટ
રજૂઆત : શ્રી ભરતભાઈ બી. બારોટ

**ૐનો મંત્રોચ્ચાર નિયમિત કરવાથી તેમજ એક ચિત્તે ધ્યાનથી કોઈપણ પ્રાર્થના કરવાથી ગમે તેવા રોગ પર દવા વગર કાબૂ મેળવી શકાય છે.**

ભારતમાં બોસ્ટોન ખાતે અમેરિકા અને યુરોપના ટોચના ડૉક્ટરોની એક કૉન્ફરન્સ હતી તેમાં હાર્વર્ડ યુનિવર્સિટીની પ્રોફેસર ડૉ. હબર્ટ લેન્શને ઉપરોક્ત વાત તેમના ઘનિષ્ઠ અભ્યાસ અને સંશોધનના આધારે તેમના વક્તવ્યમાં કરી હતી.

ડૉ. બેન્શને કહ્યું કે **મંત્રોચ્ચારથી શારીરિક કે માનસિક ક્રિયા શરીરના અંદરના ભાગ સુધી થાય છે જેને ડૉક્ટરો 'ફિઝિયોલોજીકલ ચેન્જ' કહે છે. એકનો એક તાલબદ્ધ અવાજ નિશ્ચિત સમય માટે સાંભળીએ તો પણ રોગની સારવાર થઈ શકે છે.** આજે તો સંગીત-થેરેપીના નિષ્ણાતો પણ છે.

જેમણે મંત્રોચ્ચારના આ વિજ્ઞાન અંગે તારણો મેળવ્યા છે તે અમેરિકન ડૉક્ટરો કહે છે કે બ્લડપ્રેશર, હૃદયરોગ કે નિઃસંતાન દંપતિને તો આ થેરેપી ફાયદો આપે જ છે.

બ્રિટનના એક ડૉક્ટરે પણ ભારતીય સંસ્કૃતિથી પ્રેરાઈ છેલ્લા આઠેક વર્ષથી આ મંત્રોચ્ચારના રહસ્યનો વૈજ્ઞાનિક અભ્યાસ અત્યંત આધુનિક મેડીકલ કૉમ્પ્યૂટરોની મદદથી કર્યો અને તેમના રીસર્ચ પેપર્સમાં જણાવ્યું કે **પ્રાર્થનાથેરેપીથી શ્વાસનો દર નીચો કરી શકાય છે અને મગજના મોજાઓને ખૂબ ઝડપથી કાર્યરત કરી શકાય છે.** ઘણા કેસોમાં તો જોખમી શસ્ત્રક્રિયા અને અતિ ખર્ચાળ સારવાર, દવાઓ પણ નિવારી શકાય છે.

ડૉ. બેન્શને ઋષિ, સંતોની તંદુરસ્તી, તાકાત, સંકલ્પશક્તિ, આયુષ્ય અંગેના પુરાવા મેળવ્યા. પાંચ વર્ષનો ઘનિષ્ઠ અભ્યાસ તેમણે હિંદુ, બૌદ્ધ અને ઈસ્લામ ધર્મના પુસ્તકો, મંત્રોચ્ચાર, પ્રાર્થના પદ્ધતિ અંગે કર્યો.

૧૯૭૫માં 'ટેકનીકલ ઑફ માઈન્ડ-બોડી' પર એક દળદાર પુસ્તક લખ્યું. તેમણે બોસ્ટનની ડીકોનેસ હૉસ્પિટલના નેજા હેઠળ 'માઈન્ડ-બૉડી' ની મેડિકલ ઈન્સ્ટીટયુટ સ્થાપી અને ચોંકાવનારા સંશોધનો કર્યા. ધ્યાન, યોગનો જબ્બરનો ક્રેઝ ચાલ્યો.

મનોરોગી કે તનાવ સંબંધી રોગોમાં તો આ થેરેપીથી બહુ જ ઝડપથી અને ૮૦% સફળતા મળે છે. પ્રાર્થના કે ધ્યાન થેરેપીથી માણસની આખી વિચારવાની પદ્ધતિ સુધ્ધાં બદલાઈ જાય છે. તેના ચહેરા પર એક પ્રકારની વિશ્વસનીયતા પ્રેમાળ અને સર્વસ્વીકાર્ય ઈમેજ ઊભી થાય છે.

શબ્દો પરનું પણ ગજબનું નિયંત્રણ ધરાવવાનું સહજ બની જતાં આપોઆપ કેટલાયે ઘર્ષણો કે સંઘર્ષો પર કાબૂ મળી જાય છે. જેને પ્રતાપે ટેન્શનની પરિસ્થિતિ ઓછી ઊભી થાય છે.

***જેમને ઈષ્ટ દેવ-દેવી પર કે સુપર પાવરમાં શ્રદ્ધા છે તેમને પ્રાર્થના-થેરેપીનો વધુ ઝડપથી ફાયદો થાય છે. ધ્યાન, મૌન, સમાધિથી માનસિક આધિ-વ્યાધિમાંથી એકદમ રીલેક્સ થઈ જાય છે.***

ભૌતિકતા, ડ્રગ અને સેક્સમાં તરબોળ વિદેશી પ્રજાજનોના ચમત્કારિક હૃદયપરિવર્તન થયાં છે. ભારતીય સંસ્કૃતિને, ધર્મોનો સંશોધનાત્મક અભ્યાસ કરવા માટે ખાસ વિદેશમાંથી વિદ્યાર્થીઓ આવે છે. અમેરિકા, યુરોપ આખુંયે આ થેરેપી પાછળ પાગલ છે. કારણ તેઓ માનસિક હતાશાના ભરડામાં છે.

●●●

## જીવનસૌરભ...

....✍ : શ્રી ભગવત સુથાર

*કર્તવ્યપાલન અને માનવતાની સેવા માટે બલિદાન દેનાર મહાપુરુષોની જીવનસૌરભ અન્યને પણ બલિદાનની પ્રેરણા આપનારી નીવડો એવી ભાવના અત્રે રજૂ કરાઈ છે.*

ભગવાનના પાલખામાં દીપ જળહળી રહ્યા છે. દીપની બાજુમાં જ ધૂપસળી જલી રહી છે. ધૂપસળી જલી નથી રહી, પણ તેની કાયાનું અંગે અંગ સળગી રહ્યું છે. પોતાનું સર્વસ્વ જલાવીને, બલિયજ્ઞમાં સ્વયંનો હવિ બનાવીને તે અનેરો પમરાટ-મનહર, મનભર સુગંધ અને સુરભિના મઘમઘાટથી ઘરના ખૂણા-ખૂણાને પ્રસન્નતા અને આનંદથી ભરી દે છે. જે કોઈ નવાગંતુક તે ઘરમાં પ્રવેશે છે તે આ ધૂપસળીની સુગંધ ગ્રહણ કરતાં જ ચહેરા પર પ્રસન્નતાના ચાંદને જાણે મઢી લે છે. તેના ચહેરા પર તરત જ પ્રશ્ન ડોકાય છે........ "કેવી સુંદર સુગંધ છે .... ? આ ધૂપસળી કઈ છે ? ક્યાં મળે છે ? ....."

ને તે દિવસે જ મનોમન નિર્ણય કરીને તે જ ધૂપસળીને ખરીદીને પોતાના ગૃહને પણ એવું જ સુગંધયુક્ત વાતાવરણમય કરી દે છે.

આવું જ કાંઈ જીવનધૂપસળી માટે કહી શકાય ખરું ? પોતાના જીવનને સત્કાર્યોના અગ્નિમાં દગ્ધ કરીને હૈયામાં રહેતી માનવતાની સુરભિથી આ સકળ વિશ્વને મઘમઘતું કરી ન શકાય ?

ગુજરાતની જ પવિત્ર ભોમ પર, આજના અમદાવાદના આંગણે જ, સાબરમતીના તટ પર વિરાજિત નારાયણઘાટ પરની એક નાનકડી મઢૂલીમાં વસતા મહાતપસ્વી ઋષિ દધિચિએ પોતાના અંગેઅંગને ટેકો આપતાં અસ્થિઓનો કેવો મંગળત્યાગ સદેહે કર્યો હતો ! પોતાનાં જ અંગેઅંગમાંથી જ્વલિત બનતી ત્યાગ અને બલિદાનની ધૂપસળીની સૌરભથી ઈંદ્રનાં આયુધો બન્યાં અને અજેય, મહાવીર, પરાક્રમી વૃત્રાસુરનો નાશ સહેલાઈથી થઈ શક્યો. મરતી માનવતાને જાણે કે પોતાના જીવનત્યાગની સૌરભની ઋષિએ સંજીવની છાંટી ન હોય ! માનવજીવનમાં આથી સવિશેષ મોટું ભગીરથ કાર્ય બીજું કયું હોઈ શકે ? માનવ માટે કૈંક કરી છૂટે, પોતાની પાસે જે કાંઈ વિશેષ શક્તિઓ હોય તેનો ઉપયોગ માનવસેવામાં કરે તો તેનું જીવન કર્તવ્યની સૌરભથી કેટલું બધું મઘમઘતું બની રહે ! મુનિ દધિચિએ અંતકાળે કેટલા બધા પરમ સંતોષથી આ ફાની જગતનો ત્યાગ કર્યો......! એ ત્યાગવેળાએ કર્તવ્યપાલનની, માનવતાની, સેવાની, અમર ત્યાગ અને બલિદાનની તેજોજ્વલ આભા એમના મુખારવિંદને શત-શત રવિઓના તેજથી મઢતી હશે જ ને !

બસ, હવે તો પ્રભુને સદૈવ પ્રાર્થના જ કરતા રહીએ કે આવી કોઈ અનેરી, ઉત્તુંગ, ઉદાત્ત સૌરભ આપણા જીવનને મઘમઘતું કરી રહે ! જીવનમાં એક એવી ઉમદા તકનો પ્રકાશ અવશ્ય રેલાવે કે આપણામાં રહેલું માનવ્ય જાગી ઊઠે, વ્યક્તિત્ત્વનાં બંધન છેદીને, આતમરામને સકલ વિશ્વમાનવોની માળાનો મેરુ બનવાની કોઈ અનોખી શક્તિ અને અડગ નિશ્ચયબળ બક્ષે ...... એ જ હજો હૃદયની માત્ર મહેચ્છા, આત્માનું એકમાત્ર સંગીત, મનની એકમાત્ર ગીત અને હૈયાની સિતારનો એકમાત્ર સૂર, ભાવોની એકમાત્ર સમાધિ અને કર્તવ્યનો એકમાત્ર યુગ-યુગ જૂનો બુલંદ ઊર્મિલલકાર ! જીવનસૌરભ એની સોએ કળાએ શતદલ પુષ્પની જેમ ખીલી ઊઠે ...... **દધિચિ પ્રત્યેક માનવ ઉરે પ્રગટો** એ જ મનોવાંચ્છના ..... એ જ એકમાત્ર મનોકામના ..... !

**કોઈ પણ સત્યમાંહે જ્યાં આપણો આનંદ નહિ હોય ત્યાં આપણે તે સત્યને માત્ર જાણીએ છીએ; તેને મેળવી શકતા નથી. જે સત્ય યથાર્થ સત્ય છે તેમાં જ પ્રેમ છે, તેમાં જ આનંદ પણ હોય છે.**

**- રવીન્દ્રનાથ ટાગોર**

# તંત્રમાં ઉપચાર પદ્ધતિ

લેખાંક : ૧૭

....✍ : લેખિકા : સુશ્રી. ડૉ. પ્રજ્ઞા શાહ
અનુવાદ : શ્રી પુરૂષોત્તમ જોશી

**(૨) તંત્રમાં નાદ અંગેની ધારણા :**

કુંડલિની જાગૃતિ એ તંત્ર-સાધનાનું મૂળ-તત્ત્વ છે. કુંડલિની જ્યારે જાગૃત થાય છે ત્યારે યોગી અનાહત-નાદનું શ્રવણ કરે છે. પ્રાણ જ્યારે ઈડા-પિંગળાને બદલે સુષુમ્ણામાં સંચાર કરે છે ત્યારે જ આમ થાય છે. નાદ જ્યારે બિંદુ સ્વરૂપે અભિવ્યક્ત થાય છે ત્યારે તે ખૂબ ચમકે છે. આ બિંદુ ત્રણ પાસાંઓમાં વિભાજિત થાય છે - ઇચ્છા, જ્ઞાન અને ક્રિયા. આથી સર્વવ્યાપી સત્ત્વ નાદ-તત્ત્વ હરેક પ્રકારના સર્જન માટેની પૂર્વાવશ્યકતા જેવાં ઇચ્છા, જ્ઞાન અને ક્રિયાનો સ્રોત બને છે.

તંત્રમાં બિંદુ ખૂબ જ શક્તિ-સંપન્ન ગણાય છે. જેવી રીતે સ્ત્રીના ગર્ભાશયમાં પ્રક્ષિપ્ત વીર્ય એના અંડકોશ સાથે જોડાઈને એક નવા જ વ્યક્તિત્ત્વનું સર્જન કરે છે અથવા તો જેમ બીજમાં એક મોટા વૃક્ષમાં પલટાવાની શક્યતા ભરી પડી છે તેમ નાદ કે જે બિંદુ જ છે તે ખૂબ શક્તિ-સંપન્ન છે. તંત્ર નાદ અને બિંદુમાં ભેદ ગણતું નથી. "यो वै नादः सो वै बिन्दुः ॥" યોગિની હૃદયમ્ ॥ નાદની વિશિષ્ટતા અને મહત્ત્વ અંગે સ્વામી પ્રજ્ઞાનંદે સુંદર કાવ્યપંક્તિઓ ઉદ્ધૃત કરી છે.

આથી આપણે એવું તારણ કાઢી શકીએ છીએ કે સંગીત એ નાદ અંગેની તાંત્રિક પ્રકલ્પનાનું માત્ર પ્રતિબિંબ છે. **નાદ એ સંગીતનો આત્મા છે. પરંતુ આત્માની અભિવ્યક્તિ માટે શરીર આવશ્યક છે.** નાદરૂપી આત્મા રાગરૂપી શરીર મારફત અભિવ્યક્ત થાય છે. નાદને અભિવ્યક્ત થવાનું રાગ એ સાધન છે. સંગીતમાં પોતાની ધારક શક્તિને લીધે રાગ પણ અતિ મહત્ત્વની ભૂમિકા અદા કરે છે. આથી ચાલો આપણે રાગના સિદ્ધાંત ઉપર દષ્ટિપાત કરીએ.

**(૩) રાગનો સિદ્ધાંત :**

નાદરૂપી આત્માનું રાગ શરીર છે. આનો અર્થ એવો થાય છે કે રાગ મારફત નાદ અભિવ્યક્ત થાય છે. રાગનો અર્થ શો છે ? એવો પ્રશ્ન પૂછી શકાય. સંગીતશાસ્ત્રના ગ્રંથમાં મનમાં અમુક પ્રકારની લાગણીઓ, સંવેદનો કે ઊર્મિઓના તરંગો પેદા કરવાનું કામ રાગ કરે છે. **પ્રત્યેક રાગમાં ગાયક અને શ્રોતામાં કેટલીક લાગણીઓ કે સંવેદનો સર્જવાની શક્તિ પડેલી છે.**

પરંતુ રાગ ઉદ્ભવે છે કેવી રીતે ? આને માટે ઘણા સિદ્ધાંતો રજૂ કરાયા છે. આમાંના કેટલાક પૌરાણિક દેવતાઓ શિવ અને શક્તિ ઉપર આધાર રાખતા હોવાનું ભારપૂર્વક જણાવે છે. શિવ અને શક્તિને આમાં રાગના સર્જક માનવામાં આવે છે. બધા રાગોમાં છ રાગો મુખ્ય ગણાય છે. એમનાં નામ છે : શ્રી રાગ, વસંત, ભૈરવ, પંચમ, મેઘ અને નટનારાયણ. એવું માનવામાં આવે છે કે પ્રથમ પાંચ રાગો શિવતાંડવમાંથી ઉત્પન્ન થયા છે જ્યારે છેલ્લો રાગ શક્તિ એટલે કે પાર્વતીએ જ્યારે લાસ્ય નૃત્ય કર્યું ત્યારે તેમના મુખમાંથી ઉત્પન્ન થયો છે. આ અંગે ઘણા મતભેદો છે. અહીં આપણે સંગીત-દર્પણ આ અંગે શું કહે છે તે જોઈશું. "ખૂબ પ્રાચીન પૌરાણિક કથાઓમાં સંગીત તથા નાટ્યશાસ્ત્રના આદ્ય પ્રવર્તક તરીકે શિવ કે નટરાજનું વર્ણન આવે છે. વૈશ્વિકનર્તક શિવને પ્રધાન નર ગણવામાં આવે છે અને સમગ્ર નાટ્યશાસ્ત્ર (જેમાં સંગીત, નૃત્ય અને નાટ્યશાસ્ત્રમાંના અભિનયનો સમાવેશ થઈ જાય છે.) એ પ્રાચીન પૌરાણિક કથા અનુસાર મહાદેવે રચેલું છે. આ પૌરાણિક કથા પ્રમાણે શિવ અને શક્તિ (સ્ત્રૈણ શક્તિ) એટલે કે પાર્વતી કે ગિરિજાના મિલનમાંથી રાગોની ઉત્પત્તિ થઈ છે. નૃત્યના આરંભમાં શિવના પંચાનનમાંથી પાંચ રાગો ઉત્પન્ન થયા છે. પરંતુ છઠ્ઠો રાગ નટનારાયણી હિમાલયની પુત્રી ગિરિજા એટલે પાર્વતીના મુખમાંથી એમણે જ્યારે સુંદર લાસ્ય નૃત્ય કર્યું ત્યારે ઉત્પન્ન થયો

છે. 'સંગીત-દર્પણ' જેમ શ્રી સુરેશચંદ્ર બેનરજી પણ રાગોના સર્જક તરીકે તાંત્રિક દેવતા શિવને સ્વીકારે છે. એમના જ શબ્દોમાં કહીએ તો **"તાંત્રિક દર્શનમાં શિવ અને શક્તિ એ બે મૂળ તત્ત્વો છે. સંગીતની સૃષ્ટિમાં પણ એમ માનવામાં આવે છે કે રાગ અને રાગિણીઓ કે જે કંઠ્ય સંગીતના પાયામાં રહેલ છે તે અનુક્રમે શિવ અને શક્તિમાંથી ઉત્પન્ન થયાં છે. એક પરંપરા પ્રમાણે પંચમુખી શિવના દરેક મુખમાંથી તથા, શક્તિના મુખમાંથી એકેક રાગ ઉત્પન્ન થયો છે."**

આમ સંગીત જ્યારે તંત્ર સાથે ખૂબ જ સંકળાયેલું છે ત્યારે ચાલો આપણે રાગો તંત્રના ચક્રો સાથે સંકળાયેલા છે કે કેમ તે તપાસીએ. જો તેમ હોય તો કેવી રીતે સંકળાયેલા છે તે જોઈએ.

**રાગોનો ચક્રો સાથેનો સંબંધ :**

પંચમહાભૂત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ જેવાં સ્થૂળ તત્ત્વોમાંથી સ્થૂળ વિશ્વની ઉત્પત્તિ થઈ છે. **વાઙ્મય જગતમાં આ તત્ત્વોનું પ્રતિનિધિત્વ અનુક્રમે, લં, વં, રં, યં અને હં બીજમંત્રો કરે છે.** આ બીજમંત્રો સૂક્ષ્મ શરીરનાં પાંચ ઊર્જાચક્રો અનુક્રમે મૂલાધાર સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત અને વિશુદ્ધચક્ર પર અંકિત છે. પાંચ સ્થુળ તત્ત્વોમાંથી મુખ્યત્વે એક અને બાકીનાં ચાર દરેક ચક્ર પર અસ્તિત્વ ધરાવે છે. દા.ત., મૂલાધાર ચક્ર પર મુખ્યત્વે પૃથ્વી અને બાકીનાં ચાર તત્ત્વો, સ્વાધિષ્ઠાન ચક્ર પર મુખ્યત્ત્વે જળ અને બાકીનાં ચાર તત્ત્વો ઇત્યાદિ અસ્તિત્ત્વ ધરાવે છે. **માત્ર ચક્રો, તત્ત્વો અને બીજાક્ષરો નહિ પરંતુ સંગીતના પાંચ મુખ્ય રાગો પણ પાંચ શક્તિચક્રો સાથે સંબંધ ધરાવે છે.** સ્વામી પ્રજ્ઞાનાનંદે નીચેના કોઠામાં આ દર્શાવેલ છે :-

| | શિવનાં પાંચ મુખો | મૂળ તત્ત્વ | બીજ-મંત્ર | ચક્ર | રાગ |
|---|---|---|---|---|---|
| (૧) | સદ્યોજાત | પૃથ્વી | लं | મૂલાધાર | શ્રી રાગ |
| (૨) | વામદેવ | જળ | वं | સ્વાધિષ્ઠાન | વસંત |
| (૩) | અઘોર | અગ્નિ | रं | મણિપુર | ભૈરવ |
| (૪) | તત્પુરુષ | વાયુ | यं | અનાહત | પંચમ |
| (૫) | ઈશાન | આકાશ | हं | વિશુદ્ધ | મેઘ |

પાંચ ચક્રોમાં વિશુદ્ધચક્ર એ સંગીતની દેવી સરસ્વતીનું નિવાસસ્થાન ગણાય છે. આ ચક્ર કે જેને પદ્મ કે કમળ પણ કહેવામાં આવે છે. તેની ૧૬ પાંદડીઓ છે, જેમાંથી નીચેના ૧૬ સંગીતના સ્વરો ઉત્પન્ન થાય છે : -(૧) પ્રણવ (ગૂઢાક્ષર ॐ), (૨) ઉદ્‌ગીથ (સામવેદનો એક ભાગ), (૩) हूं फट् (મંત્ર પ્રયોગમાં વપરાતો ગૂઢ શબ્દ), (૪) वौषट्, (૫) स्वधा, (૬) स्वाहा (દેવતાને અપાતી આહૂતિ વખતે વપરાતો શબ્દ), (૭) नमः (દેવતાના નામ સાથે માન દર્શાવતો શબ્દ), (૮) અમૃત. ત્યાર પછી સંગીતના સાત સ્વરો (૯) ષડજ્, (૧૦) ઋષભ, (૧૧) ગાંધાર, (૧૨) મધ્યમ, (૧૩) પંચમ, (૧૪) ધૈવત, (૧૫) નિષદ અને (૧૬) વિષ.

**તંત્રે મોક્ષ માટે નાદાનુસંધાનની અનુપમ ભેટ આપી છે.** આપણે જાણીએ તથા અનુભવીએ છીએ કે મન અતિ ચંચળ છે એટલે સાધનામાં મનને સમગ્રતયા એકાગ્ર તથા શાંત કરવાનું હોય છે. તંત્રનું કહેવું છે કે પોતાના મનને એકાગ્ર કરવા માટે સંગીત એ સૌથી સરળ માર્ગ છે. નાદ-બિંદુ ઉપનિષદમાં આ સુંદર રીતે વર્ણવેલ છે.

આથી આપણે એવા નિષ્કર્ષ પર પહોંચી શકીએ છીએ કે **સંગીતની નાદ-સાધના કુંડલિની જાગરણનું સાધન બની શકે છે.** આમ સંગીત એ પિંડ અને બ્રહ્માંડના તાદાત્મ્ય માટેનું એક તાંત્રિક સાધન છે.

**(ક) જ્યોતિષ :**

ધારો કે એક મોટરગાડી કલાકના ૧૨૦ કિલોમીટરની ગતિથી દોડી રહી છે અને અચાનક ડ્રાઈવરને નિર્મૂલ ભ્રમથી એમ દેખાય છે કે સામે એક ધૂળિયા પાટિયા પર લખ્યું છે કે "થોભો, આગળ જોખમ છે." ડ્રાઈવર મોટરગાડી ઊભી રાખે છે અને એના મોટા આશ્ચર્ય વચ્ચે જુએ છે કે એની ગાડીથી થોડાક જ મીટરના અંતરે એક ઊંડી ખાઈ આવેલી છે. પછી એ પાટિયું શોધવાની કોશિષ કરે છે પરંતુ એના અત્યંત આશ્ચર્ય વચ્ચે ત્યાં કોઈ જ પાટિયું દેખાતું નથી. આ પરિસ્થિતિમાં

એ શું વિચારશે ? આ ઘટનાને વ્યક્તિ પોતાની માનસિક સ્થિતિ તથા માન્યતા અનુસાર જુદી જુદી રીતે ઘટાવશે.

એ તો નક્કી જ છે કે એ જ્યારે પોતાની પાસે ખાઈ જુએ છે ત્યારે જરૂરથી વિચારે છે કે એનો જાદુઈ રીતે બચાવ થયો છે. આસ્તિક માણસ આ ઘટનાને ઈશ્વરની કૃપા માનશે. વૈજ્ઞાનિક વિચારશે કે પોતે આકસ્મિક રીતે બચી ગયો છે પરંતુ જ્યોતિષી આ ઘટના પાછળ ગ્રહોની સ્થિતિ જવાબદાર હોવાનું માનશે. પરંતુ આ બધી દષ્ટિઓ એક વસ્તુ તરફ તો દોરી જાય છે કે એવું કોઈક અસરકાર અદૃષ્ટ તત્ત્વ તો છે જ. આસ્તિક માણસ આને ઈશ્વરની કૃપા ગણે છે, વૈજ્ઞાનિક એને આકસ્મિક ઘટના માત્ર માને છે, જ્યારે જ્યોતિષી એને ગ્રહ મંડળની સ્થિતિની અસર માને છે. તંત્ર આ કોઈક તત્ત્વને શક્તિ કે ઊર્જાની અસર માને છે. એ આમ કેમ માને છે તે આપણે હવે પછી જોઈશું. પરંતુ તે પહેલાં આપણે તંત્ર અને જ્યોતિષ વચ્ચેના સંબંધને જાણી લઈએ.

આ મુદ્દાના શીર્ષક પરથી જાણી શકાય છે કે જ્યોતિષ તંત્રમાંથી ઉદ્‌ભવ્યું છે. હવે આપણે આ બન્ને પાસાંઓમાં સમાન મુદ્દાઓ કયા છે તે જોઈએ.

**જ્યોતિષ શાસ્ત્ર ખગોળ શાસ્ત્ર પર આધારિત છે. જ્યોતિષશાસ્ત્રમાં એમ માનવામાં આવે છે કે પ્રત્યેક પદાર્થ પર 'astron' (ઍસ્ટ્રૉન) એટલે કે (ગ્રહ કે નક્ષત્ર)ની અસર પડે છે. આ બીજું કંઈ નહિ પરંતુ પિંડ-બ્રહ્માંડની તાદાત્મ્યતાનો તાંત્રિક સિધ્ધાંત છે. બ્રહ્માંડમાં જે કંઈ છે તે બધું જ માનવ-શરીરમાં પણ છે.**

આ તાદાત્મ્યને લીધે તંત્ર માને છે કે શરીર (પિંડ) એક નાનકડું બ્રહ્માંડ જ છે અને બ્રહ્માંડ એ શિવનું (પિંડ) શરીર છે. પિંડમાં રહેલું બ્રહ્માંડ માત્ર યોગિક દષ્ટિથી જોઈ શકાય છે. ભગવાન શ્રી કૃષ્ણે અર્જુનને વિશ્વરૂપદર્શનમાં પોતાના શરીરમાં ચૌદેય ભુવનો બતાવ્યા હતા. **પ્રત્યેક વ્યક્તિમાં આ શક્યતા ભરેલી પડી છે. પરંતુ તેની અભિવ્યક્તિ કે તેના આવિર્ભાવ માટે સાધના આવશ્યક છે.**

''બૃહજ્જાતકમ્'ના આમુખમાં સ્વામી વિજ્ઞાનાનંદે જ્યોતિષના આધારસ્વરૂપે તંત્ર પદ્ધતિના જેવા જ વેદાન્તિક સિધ્ધાંતોનું બહુ જ સુંદર વર્ણન કર્યું છે. ચાલો આપણે તેમના જ શબ્દોમાં જોઈએ તો *"જ્યોતિષશાસ્ત્રનો આધાર બે વિસ્તૃત તર્કસંગત સિદ્ધાંતો પર રહેલો છે. પહેલો સિદ્ધાંત જેના પર જ્યોતિષ શાસ્ત્રનો આધાર રહેલો છે તે વેદાન્તનો છે. આ સિધ્ધાંત પ્રમાણે સમસ્ત બ્રહ્માંડ વાસ્તવમાં એક હોવાની સંજ્ઞામાં અંતર્નિહિત છે. સૃષ્ટિના આવિર્ભાવમાં એક એવો નિયમ પ્રવર્તે છે કે વિશ્વના એક ભાગમાં જે નિયમ પ્રવર્તે છે તે સમગ્ર વિશ્વમાં કાર્યરત છે. બ્રહ્માંડ આકાશમંડળનું બનેલું છે, જ્યારે માનવ પિંડરૂપે સૂક્ષ્મ છે. પ્રત્યેક માનવ એક નાનું વિશ્વ છે જે બ્રહ્માંડનું બરાબર પ્રતિનિધિત્વ કરે છે. બહારથી જ્યાં બધું શાંત દેખાય છે ત્યાં અંતરમાં વિશ્વ કાર્યરત જણાય છે. આ વિશ્વ યોગીની આંતરદષ્ટિ દ્વારા જોઈ શકાય છે. ગ્રહમંડળમાં કાર્ય કરતા આ નિયમો આપણી જાતમાં પણ કાર્યશીલ છે.*

*બીજો સિધ્ધાંત એ છે કે ગ્રહોની ગતિ તથા સાપેક્ષ સ્થિતિ અનુસાર આ નિયમો જોઈ, માપી તથા નિર્ધારિત કરી શકાય છે."*

બે પદ્ધતિઓ વચ્ચેના સામાન્ય નિયમો આપણને એવા તારણ પર દોરી જાય છે કે એકની ઉત્પત્તિ બીજામાંથી થઈ છે તે આવશ્યક નથી. આપણે જ્યારે કહીએ છીએ 'અ' ની ઉત્પત્તિ 'બ'માંથી થઈ છે ત્યારે એનો અર્થ એ થાય કે 'અ' પ્રથમથી જ 'બ'માં અવશ્ય અસ્તિત્ત્વ ધરાવે છે. આ હકીકત જો આપણે આપણા શીર્ષકને લાગુ પાડીએ તો એ એવું સૂચવે છે કે **જ્યોતિષ કરતાં તંત્ર વધારે પ્રાચીન છે.** ચાલો હવે આપણે આ વસ્તુ જોઈએ.

વેદ છ વિભાગોમાં એટલે કે વેદાંગ નામના છ અંગોમાં વહેંચી શકાય છે. આ અંગો છે : ધ્વનિવિજ્ઞાન (શિક્ષા), યાજ્ઞિક કર્મકાંડ (કલ્પ), છંદ, વ્યુત્પત્તિશાસ્ત્ર (નિરુક્ત), વ્યાકરણ અને જ્યોતિષ. 'બૃહજ્જાતકમ્' ગ્રંથમાં આ અંગોને વેદ પુરુષના અંગો સાથે સરખાવવામાં આવ્યા છે, જેમાં જ્યોતિષશાસ્ત્ર વેદપુરુષની આંખો ગણવામાં આવે છે.

વેદ આર્ય જાતિની ભેટ છે. **હડપ્પાના ખોદકામના હેવાલોની મદદથી આપણે એવું પૂરવાર કરી શકીએ છીએ કે તાંત્રિક બીજાંકુરો ભારતની ભૂમિમાં આર્યોના આગમન પહેલાં ઊંડા મૂળ જમાવી ચૂક્યાં હતાં.** 'Antiquity of Tantra' એટલે કે 'તંત્રની પ્રાચીનતા' નામના ગ્રંથમાંથી આ પ્રમાણેનો સાર તારવી શકાય છે. એટલે વેદાંગ હોવાથી જ્યોતિષનું મૂળ તંત્રો પછીથી આવે છે. **આ હકીકત આપણને એમ માનવા પ્રેરી શકે છે કે પિંડ અને બ્રહ્માંડના તાદાત્મ્યના તાંત્રિક સિધ્ધાંતને તથા શક્તિ કે ઊર્જાના પ્રભાવને આર્યોએ તંત્ર ગ્રંથોમાંથી પ્રાપ્ત કરેલ હોવાં જોઈએ.** એમણે આમાં સુધારા વધારા કરી જ્યોતિષના ક્ષેત્રમાં તેમનો વિનિયોગ કર્યો હોવો જોઈએ.

શક્તિ કે ઊર્જાનો પ્રભાવ કેવી રીતે પડે છે તે જાણવા માટે આપણે અણુના તથા ચુંબકીય તરંગોના સિધ્ધાંત જોવા પડશે.

સ્થૂળ શરીર તથા ગ્રહમંડળો સહિતનું આ બ્રહ્માંડ પંચ મહાભૂતોમાંથી પેદા થયું છે. કોઈપણ પદાર્થનું વિભાજન અણુમાં થઈ શકે છે, જે બીજું કંઈ નહિ પણ વિદ્યુત્ કે ઊર્જાશક્તિથી ભરેલું છે. રૂથરફોર્ડના સંશોધનોની મદદથી સર જેઈમ્સ જીન્સે આ સત્ય તારવી આપેલ છે. "રૂથર ફોર્ડનાં સંશોધનોનો આપણે આભાર માનવો જોઈએ કે એ વસ્તુ હવે સિદ્ધ થઈ છે કે પ્રત્યેક અણુ વિદ્યુત્ ઋણભાર ઈલેક્ટ્રોન તથા વિદ્યુત ધનભાર પ્રોટોનમાંથી જ સંપૂર્ણતઃ બનેલ છે. દ્રવ્ય કે પદાર્થમાત્ર વિદ્યુત્ તરંગોના જથ્થા સિવાય બીજું કાંઈ નથી.

આ અણુ નાનકડા લોહચુંબક સિવાય બીજું કાંઈ નથી. સ્વામી અભેદાનંદે આને ન્યૂટનના નિયમની મદદથી પૂરવાર કરવાની કોશિષ કરી છે અને આમાંથી જ એમણે તર્કસંગત રીતે એ હકીકત પૂરવાર કરી છે કે **મનુષ્ય શરીર અને પૃથ્વી ઇત્યાદિ અણુઓનાં સંયોજન હોવાથી એક મોટું લોહચુંબક જ છે.**

બ્રહ્માંડની રચના સમજાવવા માટે આગળના એક ફકરામાં આપણે પંચમહાભૂતોનો ઉલ્લેખ કરેલ છે, જેમાં આકાશતત્ત્વ સૌથી વધારે સૂક્ષ્મ છે અને વળી સર્વવ્યાપી છે. આથી આપણે એમ કહી શકીએ કે **બ્રહ્માંડમાં ક્યાંય (શૂન્યાવકાશ)(Vaccum) નથી પરંતુ આકાશ તત્ત્વનો સાગર હિલોળા લઈ રહ્યો છે.** ગ્રહો માનવીય પ્રદેશથી ખૂબ દૂર છે. તેઓ મૃત નથી. પરંતુ રાક્ષસી કદનાં લોહચૂંબકો છે. સૂર્ય એ ગ્રહમંડળનો આત્મા છે જેની ફરતે આખું સૂર્યમંડળ ફરી રહ્યું છે. આ મંડળની પોતાની ગતિ તથા વેગ છે જેમાંથી લોહચુંબકીય તરંગો આકાશના મહાસાગરમાં પ્રસરે છે. આપણે પણ લોહચુંબક હોવાથી આકાશના મહાસાગરમાં આપણે પણ તરંગો વહેવડાવીએ છીએ. આ બન્ને પ્રવાહોની સંવાદિતા અનુકૂળ પરિણામો ઉત્પન્ન કરે છે, જ્યારે વિસંવાદિતા દુર્ભાગ્યપૂર્ણ પરિણામો ઉત્પન્ન કરે છે. આમ કેવી રીતે બને છે તે શ્રી એમ. કે. પાધે એ પોતાના "જ્યોતિષ" નામના ગ્રંથમાં વર્ણવેલ છે. આ બધી હકીકતો એમ સાબિત કરે છે કે ગ્રહો લોહચુંબક હોવાથી દુન્યવી પદાર્થો પર અસર કરે છે. વળી સાથે સાથે એ નોંધવું પણ રસપ્રદ છે કે બધા જ ગ્રહોની અસર એક જ પ્રકારની હોતી નથી. કેટલાક ગ્રહો જેવા કે મંગળ, ગુરુ, સૂર્ય ઉષ્ણ ગણાય છે જ્યારે ચંદ્ર, શનિ ઇત્યાદિ શીત ગણાય છે. એમની અસરો એમની પ્રકૃતિ પ્રમાણે જણાય છે.

જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોની જેમ એક બીજો મહત્ત્વનો સિધ્ધાંત ભારતીય જ્યોતિષશાસ્ત્રમાં રાશિ (Zodiac) તરીકે જાણીતો છે. રાશિઓ બાર છે અને તેઓ કાલપુરુષના અંગો ગણાય છે. આ બાર રાશિઓ મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન અનુક્રમે મસ્તક, ચહેરો, વૃક્ષઃસ્થળ, હૃદય, પેટ, કમર, બસ્તિપ્રદેશ (પેડુ), ગુહ્યાંગો, બે જાંઘો, બે ઘૂંટણો, બે પીંડીઓ તથા બે પગો સાથે સંબંધિત છે.

આકાશમંડળમાં આ રાશિઓ નક્ષત્રોમાંથી બનેલી છે. નક્ષત્રો ૨૭ છે અને દરેકનાં ચાર ચરણ છે. આ નક્ષત્રો બારે રાશિઓ સાથે સમભાગે વહેંચવામાં આવ્યા છે. દરેક ગ્રહ એક કે બે રાશિઓ પર આધિપત્ય ધરાવે છે. દા.ત., મંગળ મેષ તથા વૃશ્ચિક રાશિઓ પર, શુક્ર, વૃષભ તથા તુલા રાશિઓ પર, બુધ મિથુન તથા કન્યા રાશિઓ પર, ચંદ્ર, કર્ક રાશિ પર અને સૂર્ય સિંહ રાશિ પર આધિપત્ય ધરાવે છે. ગુરુ ધન તથા મીન રાશિઓ પર અને શનિ મકર તથા કુંભ રાશિઓ પર આધિપત્ય ધરાવે છે.

કાલપુરુષના જે અંગો પર રાશિઓની પદ્ધતિની અસર થાય છે તે આપણા શરીર પર પણ થાય છે. દા.ત., મેષની અસર મસ્તક પર તથા વૃષભની અસર ચહેરા પર પડે છે. જ્યારે કોઈ ક્રૂર ગ્રહ કોઈ રાશિમાં પડયો હોય ત્યારે તે રાશિ આધારિત શરીરના અંગ પર વિપરીત અસર કરે છે અને જ્યારે શુભ ગ્રહ કોઈ રાશિમાં પડયો હોય કે આધિપત્ય ધરાવતો હોય ત્યારે શરીરનો તે અંગેનો ભાગ સારી રીતે કામ કરે છે.

**આ બધી વસ્તુઓ આપણને એમ માનવ પ્રેરે છે કે ગ્રહમંડળની અસર મન અને શરીર પર પડે છે અને તે આપણા જીવનનું અપરિહાર્ય પાસું છે.**

અત્રે આપેલા કોઠામાં શરીરની સપ્તધાતુઓ, અને ત્રિદોષો પર થતી ગ્રહોની અસરો જોઈ શકાય છે. આ કોઠામાં ચક્રો સાથે સ્થૂળ તત્ત્વો કે ગ્રહો સાથેના સંબંધો ઈલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઈન્ડિયા નામના ઑગસ્ટ ૧૯૮૨ના એક સાપ્તાહિકમાંથી થોડા ફેરફાર સાથે ઉદ્ધૃત કરેલ છે. અહીં ચક્રોની પાંખડીઓ પરના અક્ષરો જે એ કોઠામાં નથી તે ઉમેર્યા છે. આનું કારણ એ છે કે નિષ્કર્ષમાં દર્શાવેલ ઉપચાર પધ્ધતિનાં પાસાંઓ અંગેની પરિકલ્પનાનું ચિત્ર સ્પષ્ટ થઈ શકે.

વૈદિક સંબંધ :

| | ચક્ર | અક્ષરો | ત્રિદોષનાં તત્ત્વો | ગ્રહ | રંગ | રત્ન | માનવ શરીરમાં | પ્રકૃતિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | મૂલાધાર | વં શં ષં સં | પિત્ત | મંગળ | પીળો | પ્રવાલ | મજ્જા | ઉષ્ણ |
| ૨ | સ્વાધિષ્ઠાન | બં ભં મં યં રં લં | કફ તથા થોડો વાયુ | ચંદ્ર | નારંગી | મોતી | રક્ત | શીત |
| ૩ | મણિપૂર | ડં ઢં ણં તં થં દં ધં નં પં ફં | પિત્ત | સૂર્ય | લાલ | માણેક | અસ્થિ | ઉષ્ણ |
| ૪ | અનાહત | કં ખં ગં ઘં ઙં ચં છં જં ઝં ઞં ટં ઠં | વાત | શનિ | જાંબુડો | નીલમણિ | જ્ઞાનતંતુ | શીત |
| ૫ | વિશુદ્ધ | અં આં ઇં ઈં ઉં ઊં ઋં ૠં ઌં ૡં એં ઐં ઓં ઔં અં અઃ (અનુસ્વાર) : (વિસર્ગ) | વાત | શુક્ર | વાદળી | હીરો | વીર્ય | શીત |
| ૬ | આજ્ઞા | હં ક્ષં | કફ | ગુરુ | ભૂરો | પોખરાજ | મેદ | ઉષ્ણ |
| ૭ | સહસ્રાર | બધા જ અક્ષરો | ત્રણેય દોષો | બુધ | લીલો | પન્ની | માંસ | શીત |

તા. ૨૯-૮-૧૯૮૨ના 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑફ ઈન્ડિયા'ના શ્રી કેદારનાથના ત્રીજા ખંડના મૂળ શીર્ષકમાં થોડા સુધારાવધારા સાથે આ કોઠો આપવામાં આવ્યો છે. (-ક્રમશઃ)

## આપણી ભાષા....

....✍ : શ્રી યશવંત કડીકર

આ સમય
આપણી ભાષાના
આત્મસાતનો નથી.
આપણી ભાષામાં
કહેવાનો, સાંભળવાનો,
અથવા બોલવાનો નથી.
આ સમય
શુદ્ધ ભાષાનો છે.
સંસ્કારી શ્રીમંતોની
ભાષાનો છે.
એ આવતી નથી
ગામ કે ગામડાંઓથી,
નથી એ સ્વ-રચિત.
ધૂપસરી, ખુશ્બો અથવા
માના હોઠોથી આવે છે મુદ્દુ
નિર્મળવાણી - ઉતરે જે
અંતરના ઊંડાણોથી
આ સવાલ
ભાષાના મહાવૃક્ષનો છે
એથી પણ વધુ
એના નીચેથી પસાર થતી
"પેઢી" નો છે.....

• • •

*એ જ પરિશ્રમ કરવા જેવો છે જેનાથી હિંમત વધે અને આત્માનું બળ વધે-શરીરનું નહિ.*

**- ગ્રીક ફિલસૂફ 'ઈપિક્ટેટર્સ.**

## ભક્તની શરણાગતિ...

....✍ : સુ.શ્રી. કિરણબેન એન. શાહ

સંસારની માયાજાળમાંથી છૂટીને જીવે આધ્યાત્મિક માર્ગે આગળ વધવું હોય તો શ્રીકૃષ્ણનું શરણ સ્વીકારવું.

આપણને પ્રશ્ન થાય કે ભગવાનને શરણે કેવી રીતે જવું ? ગીતાજીમાં સુંદર માર્ગ બતાવ્યો છે. એકત્વથી જ ભગવાનને શરણે જવું. સુવર્ણનો મણિ સુવર્ણની સાથે જ એકરૂપ હોય છે. તરંત જેમ પાણીની સાથે જ એકરૂપ હોય છે તે રીતે જીવે એકત્વથી પ્રભુને શરણે જવું. ભગવાનને શરણે ગયા પછી દ્વૈતભાવ છોડી દેવો જોઈએ. જીવભાવ નહીં રાખવાનો.

વડવાનલ જેમ સમુદ્રને શરણે થવા છતાં પણ તે જુદો જ બળ્યા કરે છે. તેમ પ્રભુને શરણે આવી દ્વૈતભાવથી વર્તવાનો સ્વભાવ જીવે છોડી દેવો જોઈએ. ચાંડાલી જો રાજાની પત્ની બને તો તે પણ રાણીની યોગ્યતાને પ્રાપ્ત કરે છે. તો પછી પ્રભુ તો સર્વ જગતના ઈશ છે. **પ્રભુને શરણે જવાથી પ્રભુની ભક્તિ જીવને સહજ થશે.** આપણને અનુભવ છે કે પાણીમાં મીઠું નાંખીયે તો મીઠું જળમાં ઓગળી જઈને જળરૂપ બને છે. તે પ્રમાણે અનન્યભાવથી પ્રભુને શરણે જવાથી જ પ્રભુમય જીવ બને છે. લોખંડને અલગ ખીંટીએ ટાંગવાથી કાટ ચઢે છે. પરંતુ પારસમણિના સ્પર્શથી જ્યારે તે લોખંડ સુવર્ણ બને છે તેમ જીવ પ્રભુથી અલગ રહે તો સંસારના વિષયો, વિકારો તેના જીવનને સ્પર્શ કરશે. પણ પ્રભુનું શરણ લીધા પછી કોઈ સંસારના વિષયો તેને સ્પર્શી શકતાં નથી. તેનું જીવન આધ્યાત્મિક માર્ગે જતાં સુવર્ણમય બને છે.

ભગવાન અર્જુનને કહે છે, "તું સર્વ ધર્મોને ત્યજી દે ને મારે શરણે આવ." સર્વધર્મોને ત્યજી દેવા એટલે કે શાસ્ત્રોએ વર્ણ અને આશ્રમના ધર્મો તરીકે ફરમાવેલાં એવાં તમામ નિત્ય નૈમિત્તિક કર્મોને છોડી દેવા. એટલે એ કર્મો દ્વારા જ તારું ભલું કે બુરું થશે એવો ભાવ ત્યજી

દે. કર્મની શરણતા તું છોડી દે. એટલે કે કર્મ કર પણ તેના ફળની આશાનો ત્યાગ કર. તું પુરુષાર્થને શરણે જા. પુરુષાર્થરૂપી મારો જ આશ્રય લે. પ્રભુની કૃપા એ જ મુખ્ય છે. સર્વ દુઃખોની નિવૃત્તિ કરવી હોય તો પ્રભુનો આશ્રય લે. જે જીવ પ્રભુનો આશ્રય લે છે તેને પ્રભુ સર્વ દુઃખોમાંથી મુક્ત કરે છે. શરણાગતિમાં કોઈ સાધન જીવે નહીં કરવાનું, ફક્ત અનન્યતા પ્રભુમાં રાખવાની. 'દાસોહમ તવાસ્મિ' હે પ્રભુ ! હું તારો દાસ છું. આપણે "શ્રી કૃષ્ણ શરણં મમ" મંત્ર બોલીએ છીએ તે પણ શું બતાવે છે ? શરણાગતિનો માર્ગ જ બતાવે છે. શ્રી કૃષ્ણ જ મારું શરણ છે. જે જીવ પ્રભુની શરણાગતિ સ્વીકારે તેણે પ્રભુની કથા-શ્રવણ, કીર્તન, સ્મરણ બધામાં સમય આપવો જોઈએ. પછી તેને કોઈ ચિંતાનું કારણ નહીં રહે.

ભગવાનનું જે શરણ લે છે તે ભક્તને પછી કંઈ કરવાનું રહેતું નથી. પત્ની પતિનું શરણ લે છે. પત્ની ઘર, કુટુંબ, વસ્તુ, પુત્ર કે પુત્રીને પોતાના નહીં પણ પતિના માને છે. પતિવ્રતા સ્ત્રી પતિપરાયણ થઈ જાય છે. તેમ **શરણાગત ભક્ત પોતાનું બધું જ ભગવાનના શ્રીચરણોમાં અર્પણ કરીને નિર્ભય, નિશ્ચિંત બની જાય છે.**

ગીતાજીના ૧૮મા અધ્યાયના ૬૬મા શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે, "હે અર્જુન ! મેં તને કર્મ, ભક્તિ, જ્ઞાન, ઉપાસના, યોગ, તપ, વ્રત, તીર્થ વગેરે કહી પ્રભુ પામવાની રીત સમજાવી, પણ તે બધું કષ્ટસાધ્ય છે. એટલે જો તારાથી તે બધું કરી મને પ્રાપ્ત કરવાનું બને તો સારું છે, પરંતુ તે બધું ના બની શકે તો,

सर्वधर्मान् परित्यज्य , मामेकं शरणं व्रज ।
अहं त्वाम् सर्व पापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

તે બધું કરવાનું છોડી દઈને કેવળ મારી શરણાગતિ સ્વીકાર. હું તને બધા પાપોમાંથી મુક્ત કરીશ. તું જરાપણ શોક કરીશ નહીં.

***'સર્વ ધર્માન્ પરિત્યજ્ય'*** **સઘળાં કર્મો અથવા ધર્મો ભગવાનને અર્પણ કરી દેવાં એ જ સર્વશ્રેષ્ઠ ધર્મ છે.**

અર્જુન કર્ણ સાથે લડી રહ્યો છે. બંને વચ્ચેનું યુદ્ધ ચાલી રહ્યું છે. વચમાં એવું બન્યું કે કર્ણના રથનું પૈડું પૃથ્વીમાં ખૂંપી ગયું. કર્ણ રથ પરથી ઊતરી ગયો. ખૂંપી ગયેલા પૈડાંને કાઢવા લાગ્યો. અર્જુનને કહેવા લાગ્યો, "જ્યાં સુધી હું આ પૈડું કાઢી ન લઉં ત્યાં સુધી તમે રોકાઈ જાઓ. તમે રથ પર બેઠેલા છો, અને હું રથથી નીચે ઊતરી ગયો છું. હું રથનું પૈડું કાઢવા મથું છું. તેથી તમે બાણ છોડી ન શકો. તમો રથ પર સવાર છો, તમે તો શાસ્ત્રના જાણકાર છો અને ધર્મને બરાબર જાણો છો. એટલે મારા પર પ્રહાર તમારાથી કરી શકાય નહીં. અર્જુન ધર્મને જાણતો હતો. કર્ણની વાત સાંભળી અર્જુને બાણ ન છોડયું.

ભગવાને કર્ણને કહ્યું, "તમારા જેવા આતતાયીને કોઈ પણ રીતે મારી નાંખવો એ જ ધર્મ છે. તેમાં પાપ નથી." પોતાનું અનિષ્ટ કરવા માટે આવી રહેલા આતતાયીને વિના વિચારે જ મારી નાંખવો જોઈએ. આતતાયીને મારવાથી મારવાવાળાને કંઈ પણ દોષ લાગતો નથી; ભગવાને કર્ણને કહ્યું, *"તમોએ બધાએ ભેગા મળીને અભિમન્યુને ઘેરીને તેને મારી નાંખ્યો. ત્યારે તમારું ધર્મનું જ્ઞાન ક્યાં જતું રહ્યું હતું? ને અત્યારે ધર્મની વાતો કરો છો ? ધર્મની આણ અર્જુનને દો છો ?* **જે ધર્મનું પાલન નથી કરતો તેને ધર્મની વાત કરવાનો કોઈ અધિકાર નથી.** પછી ભગવાને અર્જુનને કહ્યું, "તારું કર્તવ્ય બજાવ. બાણ ચલાવ." અને અર્જુને ભગવાનની આજ્ઞા માનીને બાણ ચલાવવાનું શરૂ કર્યું.

અર્જુન જો ધર્મનો નિર્ણય પોતાની બુદ્ધિથી કરત તો ભૂલ કરી બેસત. આથી તેમણે ધર્મનો નિર્ણય ભગવાન પર જ રાખ્યો. ભગવાને તેને ધર્મ સિધ્ધાંત સમજાવ્યો. એટલે અર્જુને ભગવાનની આજ્ઞા માની. તે જ રીતે **જે ભક્ત ભગવાનનું શરણ લે છે તેના જીવનના બધા નિર્ણયો ભગવાન જ કરે છે. શરત એક જ છે કે તેણે ભગવાનનું શરણ મન, વચન અને કર્મથી સ્વીકારવું જોઈએ.**

● ● ●

## "એક હાથની તાળી...અદ્વૈત"

....✍ : શ્રી રતિલાલ મ. નાયક

ગુરૂપ્રસાદી મેળવવા ભક્તો શું કરૂં ને શું ન કરૂં તેની પોળજણમાં એવા ગૂંથાય છે કે સરવાળે કાંઈ કરી શકતા નથી. સામે પક્ષે ગુરૂ પણ એવું ઈચ્છવા લાગે કે શું કરૂં તો ભક્તનું કલ્યાણ થઈ જાય. પરંતુ તેમ સંભવ નથી, કારણકે તેના માટે શિષ્યે ગુરૂપ્રસાદ ને જરા ઊંડે ઉતરી સમજવો રહ્યો કે આ પ્રસાદ એ શું છે ?

હું સામાન્ય દુ:ખમાં પણ વિહ્વળ થઈ જાઉં છું. ત્રાહીમામ પોકારી ઊઠું છું. વિચલિત થઈ જાઉ છું. ક્રોધિત થઈ ઊઠુ છું. જ્યારે ગુરૂ સામે નજર કરતાં વિસ્મય પામું છું એ જ શાંતિ એ જ મંદસ્મિત એ જ આનંદ એ જ લયબદ્ધ ચાલ. ગમે તેટલા દુ:ખમાં પણ ગમે તેવા કપરા વ્યસ્ત સંજોગોમાં પણ જેનું જીવન એક ઝરણાની જેમ મદમસ્ત સતત્ એકધારૂં ઉછળતું કુદતું આનંદના હિલોળા લેતું પ્રેમપૂર્ણ જળ બસ વહેતુંજ રહે છે. આ શું છે ? કેવી રીતે છે ? તેનું રહસ્ય જાણવું તે પણ તેની કૃપા થકી તેની દયા વડે, તેની અપરંપાર કરૂણાથી તમારા જીવનનું ઝરણું જે સુકાઈ ગયું છે તે ફરીથી સજીવન થઈ ફરીથી નિરંતર વહેતું થાય તેવું કરી આપે તે ગુરૂપ્રસાદી.

સંતો, ઋષિમુનિઓ, મહાપુરૂષો કે જેઓને સંસારે ગુરૂશ્રેષ્ઠો માન્યા છે તેઓનું જીવન એક કાવ્યમય હોય છે. જે અપ્રતિમ-સૌંદર્યપૂર્ણ હોય છે. સંગીતમય હોય છે. જેઓ હસે તો પણ સંગીત બોલે તો પણ કાવ્ય હરેફરે તો પણ છંદગતિ બસ આનંદ-આનંદ-આનંદ.....

અપરંપાર લાલિત્યસભર અપૂર્વ પરિસ્થિતિથી ભરેલું જીવન જે સામાન્ય માણસની બુદ્ધિ-સમજથી કંઈક અનોખું છે. જાણે ધરતીમાં અમૃત ઊતરી આવ્યું હોય તેમ તેઓના ઊઠવા-બેસવામાં પણ એક છંદ છે એ લાલિત્ય છે અને માટે જ (જુલાઈ-ઓગષ્ટ ૧૯૯૯ના શ્રી ઉપાસનાના કાવ્યરસધારા વિભાગમાં) લખ્યું-"जिवन है तेरा छंद गति तुम धीरे चलो"......

બુદ્ધ મહાવીર, કૃષ્ણ, રામ, વિગેરેનું જીવન છંદગતિ જીવન છે. જેને જોવામાત્રથી મનને શાતા મળે છે. અને તે બીજું કાંઈ નહીં પણ તેમની અલૌકિક સાધનાનું પરિણામ છે. જેનું સંગીત તેમના જીવનને આનંદિત રાખે છે. જેનું સૌંદર્ય મનને પ્રફુલ્લીત કરી દે છે.

આ જીવનસંગીત એ કોઈ વાજીંત્રનું સંગીત નથી. જેમ બી એકજ વવાય છે, પરંતુ તેને ઊગ્યા પછી છોડ પત્ર, ડાળી, ફુલ-ફળ બધુ જ પરંતુ આ પરિણામ પેલા બીનું છે. તેમ જીવનમાં સૌંદર્ય અને સંગીત લાવવા સાધનાની જરૂર છે. જો કે સંગીત, સૌંદર્ય અને સાધના ત્રણે પરસ્પર અન્યોન્યથી છે. એક શૃંખલા છે. માટે ત્રણેયને એકી સાથે મેળવવાનો આંધળો પ્રયાસ વ્યર્થ છે. આમ કરવાથી ખોટી ઉલઝનમાં પડી જવાય. સાધના એક એવો માર્ગ છે જેના આવ્યા પછી પેલા બન્ને આપોઆપ ચાલ્યા આવે છે. જરૂર ફક્ત સાધના રૂપી બી વાવવાની છે.

સાધનાથી આપોઆપ કાવ્યનો સાવિર્ભાવ થાય છે. કારણકે કાવ્ય એ સંગીતની અભિવ્યક્તિ છે. કાવ્ય સંગીતનો દેહ છે. અને જેવો સંગીતનો જન્મ થાય છે કે તુરતજ સૌંદર્યનો બોધ થાય છે. થવા લાગે છે. સંગીતની આ સંવેદનશિલતામાં જે અનુભવ થાય છે. અલૌકિક અસ્તિત્વ એ અનુભવનું નામ સૌંદર્ય છે. આમ કાવ્ય સંગીતનો દેહ છે તો સૌંદર્ય સંગીતનો આત્મા છે. સાધના સંગીતની કરો પછી દેહ અને આત્મા આપોઆપ પ્રગટવાનું શરૂ કરે છે.

પરંતુ આ સાધના પહેલાં સંગીતનો અર્થ સમજવો જરૂરી છે. આ સંગીતનો અર્થ સ્થૂળ સંગીત સાથે નથી. આ ભૌતિક સંગીતની સાધના કરનારા અને તેના નિષ્ણાતોની તો વણથંભી વણઝાર છે. પરંતુ આ સંગીતમાં

ફક્ત અવાજ છે. કાવ્ય નથી કે નથી સૌંદર્ય જેનાથી પરમાત્માની પ્રતીતિ થાય !!! આ ભૌતિક વિણા અને અંતઃવિણામાં રાતદિવસનો ફરક છે. ફક્ત તારને છંછેડીને સ્વરને જન્માવવાથી સંગીત થતું નથી. અહીં તો પ્રાણને છેડવો પડે છે. ભૌતિક સંગીતના તાર છેડનાર નિષ્ણાતો અંતઃના તાર છેડવામાં અજ્ઞાત હોય તેવું પણ બની શકે.

ભૌતિક વિણાના તારને આંગળીથી છેડી સ્વર પેદા કરવામાં આવે છે તે આહત નાદ છે અનાહત નાદ નથી , તેનું સર્જન પણ થાય છે અને વિસર્જન પણ થાય છે. આમ આંગળી અને તાર બન્ને દ્વંદ્વ વચ્ચે સંગીતનો જે જન્મ થાય છે તેને આહત નાદ કહે છે. જેનો જન્મ પણ છે મૃત્યુ પણ છે. સર્જન પણ છે વિસર્જન પણ છે. જે હાલ છે ક્ષણ પછીથી ક્ષણભંગુર છે શરૂઆત પણ છે અને અંત પણ છે.

પરંતુ ઋષિ મુનિઓએ જે સંગીતનાદ સાંભળ્યો છે. તે આ આહત નાદ નથી. તે તો એક હાથની તાળીનો નાદ છે, જ્યાં બે હાથ નથી છતાં તાળી પડે છે. આંગળી પણ નથી અને તાર પણ નથી છતાં સંગીત છે. જેનો પ્રારંભ પણ નથી અને અંત પણ નથી આવા સંગીતને મહાપુરૂષોએ ઋષિમુનિઓએ ઓમકારનાદ કહ્યો. અનાહત નાદ ૐ તેનું પ્રતિક છે. ૐ શબ્દ પ્રતિક જ છે. અંતઃસંગીતનું અંતઃધ્વનીનું જે અનંતથી અંતઃમાં ગુંજી રહ્યો છે જ્યાં તમારે કંઈજ છેડવાનું નથી. નથી જરૂર આંગળીની કે નથી જરૂર તારની, નથી કાંઈ ટકરાવાનું રહેતું કે નથી કાંઈ છેડવાનું. નથી જેનો પ્રારંભ કે નથી જેનો અંત. બસ સંગીત જ સંગીત છે. અને તે છે અનાહત નાદ. ૐકાર એક હાથની તાલી. અવાજ છે સ્વર છે છતાં બે નથી ફક્ત એક હાથની તાલી ૐકાર.....

થોડા ઊંડાણમાં ઉતરો, થોભો શાંત થાવ. તમારા મનના તરંગો થોડા શમે કે તરતજ સમજાશે સ્મૃતિ થશે કે આ સંગીતનો સદાથીયે ગુંજતું હતું. ફર્ક માત્ર એટલો જ હતો કે હું વ્યસ્તતામાં તેને સાંભળી ન શક્યો. અને એ જ તમારી ભાવદશા. સમાધી. આ શુક્ષ્મ બારીક સ્વર તે જ આપણો આત્મા. સંગીત તમે પોતે જ છો જે વાગી રહ્યો છે તે અનાહત છે, ના વિણાના વિણાવાદક ના જ્ઞાતા ના જ્ઞેય નથી દૃષ્ટા કે નથી દૃષ્ય. અહીં તમામ દ્વૈતનો નાશ થઈ જાય છે. બસ એકજ બચે છે અદ્વૈત.. .. એક હાથની તાળી.....

આમ તો એક કહેવું વ્યાજબી નથી કારણ કે જ્યાં બે નથી ત્યાં એકનો કોઈ અર્થ નથી. અને એટલા માટે જ્ઞાનીઓએ તેને એક એક ન કહેતાં અદ્વૈત કહ્યો છે. એટલું કે બે નહીં. જો એક હોય તો બે ત્રણ, ચારની સંભાવના ઊભી થાય પરંતુ જ્યાં બે નથી ત્યાં એકનો કોઈ અર્થ નથી. માટે જ જ્ઞાનિઓએ તેને અદ્વૈત કહ્યો છે. કારણકે ભાષાની ભૂલ ભૂલવણીમાં ક્યાંક અટવાઈ ન જવાય.

આ દિવ્ય સત્યસંગીત સાંભળતાં સાંભળતા જીવન કાવ્યમય બની જાય છે. કાવ્યનો અર્થ એ નથી કે કવિતા લખો તે કાવ્ય પણ એ કાવ્ય જીવનનું કે ઊઠો તો પણ કાવ્ય બેસો તો પણ કાવ્ય સંતોનું જીવન આવું કાવ્યમય હોય છે. જે ઊઠે તો પણ કાવ્ય - હરેફરે તો પણ કાવ્ય જેઓનું જીવનકાવ્ય એક અલૌકીક સાધનામય પ્રસાદ. જેમાં લાલિત્ય છે. પરલૌકિક દૈવીરૂપ અપૂર્વ પરિસ્થિતિ છે. જેના જીવનમાં સદા પ્રેમ-આનંદ છે. નિર્મળતા છે. જેનું જીવન એક છંદ છે. "जिवन है तेरा छंद गति तुम मंद चलो पर धीरे चलो......

• • •

## જીવન-ધ્યેય...

....✍ : શ્રી રજનીકાન્ત મ. ભટ્ટ

"THE THING WHICH IS IT SELF RIGHT DOES NOT REQUIRE ANY ADDITIONAL POLISH"

**"જે સત્ય છે તેને વધારાના શબ્દોના અલંકારોની જરૂર હોતી નથી."**

આ આત્મા ન તો નેત્રથી ગ્રહણ કરાય છે ન વાણીથી, ન અન્ય ઈંદ્રીયોથી. તે નતો તપથી અથવા કર્મથી ગ્રહણ કરાય છે. જ્ઞાનપ્રસાદથી જેનું સત્વ વિશુદ્ધ થએલું છે એવો સાધક તેનું ધ્યાન કરતો રહીને એવા આત્માને જોવા પામે છે.

મોક્ષની પ્રાપ્તિ કેવી રીતે મેળવી શકાય ? આપણાં ચાર પુરૂષાર્થ છે. એમાં ધર્મ, કામ, અર્થ અને મોક્ષ છે. ધર્મનું પાલન એ જ સાચો મોક્ષ મેળવવાનો માર્ગ છે. માનવ યોનિમાં જન્મ એ આપણું સદ્ભાગ્ય છે. **માનવ જન્મમાં જ મુક્તિ શક્ય છે.**

વિવેકથી શ્રેય અને પ્રેયની કસોટી કરો. બન્નેમાંથી શાણો માણસ શ્રેયની જ પસંદગી કરશે. આત્મિક સુખ અને શાંતિનો માર્ગ જ ઉત્તમ છે. ત્યારે જ દેહભાવ છૂટે છે. ત્યારે જ એ સંસારની માયામાંથી બહાર નીકળે છે. એને વિતરાગ થાય છે. જેમ સરોવરના પાણીમાં રહેલું કમળ પાણીથી લુપ્ત થતું નથી તેવી રીતે આ જીવનમુક્ત બની રહે છે.

જીવન શું છે ? જગત શું છે ? ઈશ્વર શું છે ? એ સમજ્યા વિના જીવવું એક અભિશાપ છે. ધ્યેય વિનાના જીવનમાં પીડા, હતાશા અને નિરાશા સિવાય કશું જ હાથ નથી લાગતું. ધ્યેય વિનાનો માનવી રડતો રહે છે. ફરિયાદ કરતો કરતો જીવે છે અને નિરાશ થતો થતો મરે છે. જીવનના કોઈ સાર કે તથ્ય ને તે પામી શકતો નથી.

માનવજીવન અમુલ્ય છે. આ સંસાર અસાર છે. ક્ષણભંગુર છે. મનુષ્ય જીવન એક દુર્ગમ ઘાટી સમાન છે. અહીં ડગલેને પગલે માયાની જાળમાં ફસાવાનું છે. આ દુર્ગમ ઘાટીમાં હરેક પળે ઉતાર-ચઢાવ છે. એમાં પડ્યા પછી ઉપર ઊંચે ઉઠવું મુશ્કેલ છે. આ ઘાટીમાં ઘોર અંધકાર છે. આ હસવું કેવું ? આ રડવું કેવું ? જ્યાં ચારેબાજુ અંધકાર જ છે.

માનવી આવા અંધકારમાં પ્રકાશને કેમ શોધતો નથી ?

ઈશ્વરાધિન રહીને કર્તવ્યનિષ્ઠ પરસ્પર સેવાભાવનાથી માનવ શતજીવી થાય છે.

વેદોએ આવી જ કામના ઉચ્ચારી છે. ઈશ્વર તરફ ભરેલું દરેક ડગલું તેના વિશેની દરેક શંકાને દૂર કરે છે.

દરેક ચિંતા ઈશ્વરને સોંપી ઈશ્વર પ્રાપ્તિમાં જીવન વિતાવવું એ જ શાંતિનો માર્ગ છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને પણ આ જ માર્ગદર્શન આપેલ છે. શ્રી કૃષ્ણ અર્જુનને કહે છે તું કર્મ કર, ફળની આશા મારા ઉપર છોડી દે. આગળ શ્રીકૃષ્ણ કહે છે, હે અર્જુન તું તારી દશ ઈંદ્રીયોથી કર્મ કર અને અગિયારમું તારૂં મન છે તે મનથી તું મારૂં ચિંતન કર. બધું જ મને સોંપી દે. અને કર્મ કરવા લાગી જા. આ જ સાચો જીવનનો માર્ગ છે. જીવનની સાર્થકતા એમાં જ રહેલી છે.

જય અંબે - જયગુરૂદેવ...!

• • •

*Truth is victorious, never untruth. Truth is the way. Truth is the goal of Life. Reached by the sages who are free from self-will.*

***– Mundaka Upanishad 3-1-6.***

# પરામ્બા વિલાસ

લેખાંક : ૯

....✍ : શ્રી ચૂનીભાઈ ભટ્ટ

પ્રસ્તુતિ : શ્રી આત્મારામ ભારદ્વાજ

(પરમ આદરણીય લેખક મહોદયશ્રી ચૂનીભાઈ ભટ્ટ દ્વારા પ્રકાશિત 'પરામ્બા વિલાસ' નામના ગ્રંથમાંથી શ્રીવિદ્યાના ઉપાસકોના લાભાર્થે સાભાર પ્રસ્તુત કરેલ છે. – તંત્રી.)

## પ્રકરણ - ૪

### તંત્ર, શક્તિપૂજા અને આજનો યુગ

આપણે જોઈ શક્યા કે, શક્તિ એ પરમપાવની મહાશક્તિ છે, અને તે તારકશક્તિની આરાધના એ શક્તિપૂજા છે. **દરેક દેવતાની આવી તારકશક્તિ હોય છે. તે શક્તિ તેના નામે તંત્ર તરીકે ઓળખાય છે, જેમ કે વામકેશ્વર તંત્ર, બાલા તંત્ર, ગણપતિ તંત્ર વગેરે.** તેની ઉપાસનામાં અમુક મુખ્ય મંત્રો વણેલા હોય છે. તે તે મૂળમંત્રની ઉપાસનાથી યોગ્ય માર્ગે સિદ્ધિ મળે છે.

બધી વિદ્યા, સિદ્ધિ માટે જ હોય છે, અને તે બધી વિદ્યાના મૂળમાં પ્રકૃતિપુરુષરૂપે પરમતત્ત્વ બીજ તરીકે અવશ્ય હોય છે, અને તેમાંયે દક્ષિણામૂર્તિ પુરુષતત્ત્વ અને દક્ષિણાકાલી એ પ્રકૃતિપુરુષનાં મુખ્ય તત્વો ગણાય છે.

આપણે આમ્નાયની વાત કરી ગયા. તે બધા આમ્નાયમાં શ્રીકુલ મુખ્યત્વે ફલિત થતું હોવાથી **શ્રી વિદ્યોપાસના બધા આમ્નાયોમાં ચાલી શકે છે.**

તમામ કુલની દેવી કે આમ્નાયની પૂજામાં માનસપૂજા સર્વશ્રેષ્ઠ છે. ત્યાર પછીનું સ્થાન સ્થૂલ પૂજાનું ગણાય છે. એટલે કે દરેક દેવદેવીની માનસિક પૂજાને મહત્ત્વની ગણવી જોઈએ. શક્તિ ઉપાસનામાં મુખ્યત્વે બે કુલ મહત્ત્વનાં છે. કાલીકુલ અને શ્રીકુલ. તેમાં મુખ્યત્વે નીચેની દેવીઓની આરાધના થાય છે.

શક્તિકુલ

| કાલીકુલ વિદ્યા | શ્રીકુલ વિદ્યા |
|---|---|
| કાલી તારા | ત્રિપુર સુંદરી |
| રક્ત કાલી | ભૈરવી |
| ભુવનેશ્વરી | બાલા |
| મહિષમર્દિની | બગલામુખી |
| ત્રિપુરા | કમલા |
| ત્વરિતા | ધૂમાવતી |
| દુર્ગા | માતંગી |
| પ્રત્યંગિરા વિદ્યા, વગેરે | મધુમતી |
| | સ્વપ્નાવતી, વગેરે |

આ ચાર આમ્નાય ભેદે તે તે પૂજામાં દેવીઓ પૂજાય છે. તેમાંથી થોડીક દેવીઓ કોષ્ટકરૂપે આપીએ.

| ઊર્ધ્વામ્નાય | ઉત્તરામ્નાય | દક્ષિણામ્નાય | પૂર્વામ્નાય | પશ્ચિમામ્નાય |
|---|---|---|---|---|
| મહાત્રિપુર સુંદરી | કાલીકુલની દેવીઓ | માતંગી (પશુ ભાવે), ત્રિપુર સુંદરી (પશુ ભાવે) | ધુમાવતી, ત્વરિતા, બગલા, ત્રિપુરા | માતંગી |

**આમાંથી કોઈપણ સાધના ઈષ્ટફળ આપી શકે છે. પણ આ સાધનામાં દેહશુદ્ધિ અને બાહ્યશુદ્ધિ જરૂરી છે.** આ શુદ્ધિ માટે દેહકષ્ટ હાનિકારક ન નીવડે તે પણ જોવું જોઈએ. દા.ત., ઉપવાસ એટલા ન કરવા કે, તેનાથી શરીર ક્ષુબ્ધ બની જાય, **સાધકને અશક્તિ આવે ત્યાં સુધી અન્નજળ ત્યાગ આવશ્યક નથી.** ખાસ કરીને કાલીકુલની સાધનામાં આ વાત વિશેષ ખ્યાલમાં રાખવી. **તંત્રમાર્ગ ખૂબ જ ઝડપથી સાધકને ફળ આપી શકે છે, પણ તેમાં અતિશયતા ન આવે તે જરૂરી છે.** ઉપવાસ વગેરે વ્રત, પોતાનો અહંકાર ન પોષે તે પણ સાધકે ખ્યાલ રાખવો.

### (૩) સાધનાનાં ૧૦ સોપાનો :

સાધના માટે શ્રીસૂક્ત (ઋગ્વેદ) ને લક્ષ્મીસૂક્તની શરતો પણ ધ્યાનમાં લેવી. ફળ ન મળવાનાં કારણો તેમાંથી મળી શકશે.

લક્ષ્મીસૂક્તના આરંભે અને શ્રીસૂક્તના અંતે ચાર શરતો છે. (૧) શુચિત્વ, (૨) સતત પ્રયત્ન-શીલતા, (૩) ઘીનો હોમ, અને (૪) ક્રિયાસાતત્ય. લક્ષ્મીસૂક્તમાં સિદ્ધિ માટેની બીજી શરતો પણ છે કે, (૫)"નક્રોધા", (૬)"ન માત્સર્ય, (૭) ન લોભો", (૮) ન અશુભા મતિઃ (૯) "પુણ્યકાર્યવૃદ્ધિ" ને (૧૦) સાધનાસાતત્ય.

આ ધ્યાન રાખવા જેવી વાત છે કે સિદ્ધિ તો જ મળે કે જો ઉપલાં દશ પગલાંનો સાવધાનીપૂર્વક અમલ થાય.

શિવશક્તિની આ એકરૂપ શક્તિમાંથી જ્યારે આપણી વિશ્વરચનાની ભાવનારૂપે પૃથકત્વની કલ્પના લાગુ પડે, ત્યારે કોઈ પણ સર્જનમાં યોનિ મહત્વનો ભાગ ભજવે છે, અને તેવી ૐમાંથી થયેલી વિશ્વરચનાની પ્રથમ યોનિ સ્વરૂપની કલ્પના એ મહાકાલી સ્વરૂપ છે. યજ્ઞની વેદી કે ચિતા એ યોનિ સ્વરૂપે બહુધા લંબાકાર હોય છે ને તેથી તે યાદ માટે દક્ષિણાકાલી યોનિ સ્વરૂપ મનાતી હોઈ તેની પૂજા ચિતા પાસે સ્મશાનમાં થાય છે. અને દક્ષિણેશ્વર કે દક્ષિણામૂર્તિને "चिताभस्मालेपो" થી સંબોધાય છે.

આ પરમ સમસ્ત શક્તિ, સનાતન સત્ય સ્વરૂપે છે, અને તેથી તે નિર્ગુણ શક્તિ છે. જ્યોતિસ્વરૂપા છે. તે શક્તિ "त्यतिष्ठत् दशांगुलम्" છે. એટલે કે, તે શક્તિ પોતે દશ આંગળ દૂર રહીને પોતાની કલ્પનાથી સૃષ્ટિરચના કરે છે. તે પરમ પુરુષશક્તિ, પરમાશક્તિ, મહાશક્તિ, મહાકાલી કે દક્ષિણાકાલી આ સૃષ્ટિ-પ્રપંચ રચે છે. તે શક્તિ ત્રિકાળ દેવી છે, ને સવારે, બપોરે, સાંજે ને રાતે તેની જુદે જુદે સ્વરૂપે સૂર્યશક્તિના ભાગરૂપે આરાધના થાય છે. તે તેજશક્તિ જ ઉમા કે સરસ્વતી અથવા સાવિત્રી શક્તિ તરીકે ઉપાસ્ય બને છે.

તે શક્તિ પરમેશ્વરના અંગનો ભાગ જ હોવાથી તે સતત કે નિત્ય છે. એ નિત્યાશક્તિના અંશરૂપે, સૃષ્ટિના ભાગરૂપે હોઈ, સાધકની સાધના પરત્વે તે સગુણ બને છે ને વિશ્વને ટકાવી રાખવા તે વૈશ્વિકશક્તિરૂપે સગુણ બને છે.

**શક્તિ, નાદ ને બિંદુનું દૃષ્ટાંત :**

પરાશક્તિના બિંદુમાંથી આ રચના થાય છે. જે બિંદુરૂપ હતું તે બિંદુ ગતિમાં આવતાં સ્પંદન થાય છે. અને ગતિશીલ પદાર્થનું સ્પંદન થતાં થોડોક નાદ થાય છે. તે નાદની ગતિ વધતાં શક્તિ ઉત્પન્ન થતી હોવાથી તેને શક્તિ કહે છે. આ વાત આપણે એક ઉદાહરણથી સમજીએ તો પરાતત્ત્વમાંથી શક્તિ કઈ રીતે જન્મે છે તે સમજાશે.

એક ઝરણું પાતાળમાંથી ફૂટે છે. તે ઝરણું ગતિ કરે છે ને ખળખળ અવાજ થાય છે, ને નદીરૂપે વહે છે. કોઈ સ્થળે તે ઊંચેથી પડે છે ત્યારે તેમાં રેંટનું ચક્ર ગોઠવીએ તો રેંટ ફરે છે તેની સાથે બીજાં ચક્રો ગોઠવીએ તો તેમાંથી ગતિશક્તિ, વિદ્યુતશક્તિ કે પ્રકાશ ઉત્પન્ન કરી શકાય છે. તે રીતે પરાશક્તિની ગતિ થતાં બિંદુનું નાદ અને શક્તિમાં રૂપાંતર થાય છે. અને એવી પ્રચંડ શક્તિના જોરે મનને ગતિ આપીને સાધક સિદ્ધિ મેળવી શકે છે. પાણીના સરોવરમાં આ શક્તિ દેખાતી નથી, પણ જ્યારે તે ગતિશીલ બને છે ત્યારે તે ગુણવત્તા ધરાવે છે ને ક્રિયાશીલ બને છે. એટલે કે (પરાશક્તિનાં) તળાવમાં જે શક્તિ સૂક્ષ્મરૂપે અદૃશ્ય હતી, જે નિર્ગુણરૂપે હતી, તે દૃશ્ય શક્તિ બની. **આ રીતે બિંદુ, નાદ અને શક્તિને આપણે સમજીએ તો તમામ આરાધના આ પરાશક્તિના પ્રચંડ સમૂહમાંથી સાધક માટેનાં થોડાં બિંદુને પોતાની શક્તિ માટે રૂપાંતરિત કરવા માટે છે ને તે ક્રિયા તે સાધના છે. યંત્ર, મંત્ર, તંત્ર આ ત્રણ શબ્દો શક્તિતંત્રમાં મહત્ત્વ ધરાવે છે.** તેની પ્રાથમિક વાત અહીં સમજાશે.

**(૫) તંત્રોપાસનાની વિશેષ સમજ : (તંત્રાર્થ) :**

**તંત્ર ઉપાસના એ હૃદયની ચિત્તશક્તિને જાગૃત કરવાની પદ્ધતિ છે, અને તે ચિત્તશક્તિ જ કુંડલિની જાગૃતિનો પાયો હોઈ સર્વ તંત્રનું મૂળ એ જાગૃતિ છે.** ચિત્તશક્તિની જાગૃતિ મૂળ કારણ હોવાથી, તેમાં ઈશ્વરનો અનુગ્રહ ઉપયોગી બને છે, અને તેવો **અનુગ્રહ પ્રાપ્ત કરવા આરાધના કરવી જરૂરી છે.**

આજ્ઞાચક્ર અને તેથી ઉપરનાં ચક્રો જાગૃત થતાં સામાન્યવસ્થા દૂર થાય છે. એટલે જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ અવસ્થા ક્રમશઃ દૂર થઈ જીવાત્માની ચિત્તશક્તિ તુરિયાવસ્થા (ચોથી અવસ્થા)માં પહોંચે છે. ઉપરોક્ત

પ્રારંભિક ત્રણ અવસ્થામાં ઇન્દ્રિયોના વિષયો મુખ્યત્વે ભાગ ભજવે છે, પરંતુ આ ચોથી અવસ્થામાં ઇન્દ્રિયોના વિષયો પણ બદલી જઈ માત્ર ભગવાન કે પરમતત્ત્વ જ ઇન્દ્રિયોના વિષય બનતા જાય છે. આમ થતાં આ અવસ્થામાં ચિત્તશક્તિના પ્રતાપે મન અંતર્મુખ બની જાય છે. **પ્રાણ એટલે ચંદ્રસ્વર કે જીવનની શાંતાવસ્થા અને સૂર્ય એટલે અપાન એ બેનો સમન્વય થતા ઉષ્ણ અને શીત સ્વર (અપાન અને પ્રાણ)નો સંગમ થતાં સામ્યાવસ્થા પ્રાપ્ત થાય છે.** તુરીયાવસ્થાનું આ ક્રમશઃ કાર્ય અપાનવાયુમાં પ્રાણની આહુતિ આપવાથી થાય છે. ગીતામાં "अपाने जुह्वति प्राण" એ આ તુરીયાવસ્થાનું પગલું છે ને તે સામ્યાવસ્થા કે આંતર્મુખી અવસ્થા સહજ રીતે આગળ વધતી જાય છે : અને તે રીતે આગળના કોઈ માર્ગે તે સિદ્ધિ મળતાં કુલમાર્ગ (કુંડલિની માર્ગ) સ્પષ્ટ થતાં સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે. એ સાધનાને કુલ માર્ગની ઉત્તમ અવસ્થા પ્રાપ્ત થાય છે. એ સાધનાને કુલમાર્ગની ઉત્તમ અવસ્થા કહે છે, ને તે સાધના કૌલસાધના કહેવાય છે. એટલે કે કુલમાર્ગની સિદ્ધિ પ્રાપ્ત કરનારા કૌલ કહેવાય છે. સિદ્ધિના કિનારે બેઠેલો સાધક એટલે પણ કૌલ કુલ - કિનારો પરથી કૌલ શબ્દ બન્યો છે.

આ અવસ્થા ઉત્તમ અવસ્થા ગણાય છે, કારણકે **દશ ઇંદ્રિયો તથા પ્રાણ અને અપાન એ બાર (ઇંદ્રિયો, સૂર્ય, ચંદ્ર) બાર આદિત્ય સ્વરૂપ બને છે.** અંધકાર, ઉષ્ણતા કે અતિશીતતા દૂર થઈ આ બાર આદિત્યોની તેજોમય જ્યોત ઝળહળે છે. અને તે જ્યોતનાં દર્શન કોઈ અહોભાગી જીવાત્મા કરી શકે છે. શક્તિતંત્રનો *કૌલમાર્ગ એટલા માટે કહેવાયો છે કે, તેનો સાધક આ જ્યોતનાં પ્રત્યક્ષ દર્શન કરી શકે છે.*

**તંત્રનો તારનાર અર્થ આપણે જોઈ ગયા તેમ એક બીજો અર્થ "तन्तु" એટલે વિસ્તરણ પણ અર્થ થાય છે.** એટલે કે, તંત્રમાર્ગ એ વિસ્તરણ માર્ગ છે. આપણે એક ઉદાહરણ લઈને વાત સમજીએ. 'દ + ઊ + ધ + અ' એ ચાર વર્ણનો એક શબ્દ દૂધ બને છે. આ ચાર અક્ષરો એ અક્ષરબ્રહ્મ ગણાય. એ ભેગા થતાં દૂધ શબ્દ બને. દૂધ શબ્દમાં આપણી સામે એક અર્થ સ્ફૂટ થાય છે. અંતે અર્થ સ્ફુટ થવાની શક્તિ અક્ષરબ્રહ્મ કરતાં વધારે સ્પષ્ટ ભાવ સૂચવે છે. તેમ તે શક્તિ શબ્દબ્રહ્મ ગણાય ને તે દૂધ શા માટે થયું ? કેમ બન્યું ? તે કઈ રીતે ઉપયોગી છે ? તેમાંથી અન્ય પદાર્થો કે નવરચના કઈ કઈ બને તેવી વિચારણા એ શબ્દાર્થનું વિસ્તરણ બને. તેને સંશોધન, વિજ્ઞાન કે વિશેષજ્ઞાન પણ કહેવાય. આ ઉદાહરણથી આપણે સમજી શક્યા કે, કોઈપણ શબ્દના અક્ષરો, ભાવસૂચક શબ્દ અને તે શબ્દજ્ઞાનનો વિસ્તાર એમ ત્રણ પ્રકારે શબ્દ સમજી શકાય અને તેથી વેદના આ શબ્દો ત્રણ રીતે સમજવા પડે અને તેથી એક રીતે વેદત્રયી આ ભાવસૂચક રીતે ગણાય છે. એટલે **તંત્રશાસ્ત્ર એ નિગમમાંથી વિસ્તરણ (આગમ) (વિશેષ જ્ઞાન રૂપે) તેવો વિસ્તાર છે, તેથી તેને તંત્ર કહે છે.**

**મંત્ર :**

આ રીતે તંત્ર એ જ્ઞાન કે ક્રિયા વિસ્તાર છે અને તે વિસ્તાર કરવા માટે મૂળ અક્ષર (શબ્દ) અને શબ્દનો ભાવાર્થ વિસ્તાર કરવો પડે; અને તે વિસ્તાર કરવા શબ્દ માટે મનોમંથન કરવું પડે, તે મનનું કાર્ય છે. રક્ષણ એટલે 'ત્ર' એથી આપણે તંત્રમાં સમજ્યા, તે વિસ્તાર માટે પણ વિસ્તાર દ્વારા રક્ષક શબ્દ 'ત્ર' બની શકે; અને મનન દ્વારા રક્ષણ કરવાની આ અક્ષર સિદ્ધિ કે અક્ષરોની ગોઠવણીને મનનથી રક્ષણ કરનારી શબ્દરચના કહેવાય અને તેને ટૂંકમાં મન્ + ત્ર એટલે મંત્ર કહેવાય.

બીજી રીતે કહીએ તો **મનન દ્વારા જે રક્ષણશક્તિ બને તે તંત્રનો મુખ્ય ભાગ છે,** અને તે તે મંત્ર તે તે તંત્રના ઉપાસના ભેદ પ્રાથમિક અવસ્થામાંથી તુરીયાવસ્થામાં ક્રમશઃ દોરી જતા હોવાથી તેને દુન્યવી આકર્ષણોથી તારીને ઊર્ધ્વગામી બનાવનારી તારકશક્તિ ગણાય છે. એટલે તંત્ર, આગમ, મંત્ર, એ બધાં એકબીજાનાં પૂરક અંગો ગણી શકાય.

**(૬) મંત્રના આધારસ્તંભો : (મંત્રસિદ્ધિના પાયા) :**

**મંત્ર એક વિજ્ઞાન છે.** બીજાં વિજ્ઞાનને જેમ અમુક પાયાના સિદ્ધાંતો હોય છે, તેમ મંત્રવિજ્ઞાનનાં પણ મહત્ત્વનાં તત્ત્વો છે, જેનો આધાર લઈને મંત્રશાસ્ત્ર બન્યું

છે. એ શાસ્ત્ર સંપૂર્ણ હતું, પરંતુ **પરદેશી ધુરા અને દુન્યવી લાભોની વૃત્તિએ આપણને તે શાસ્ત્ર તરફ ઉપેક્ષાવૃત્તિ જગાડતા કર્યા; અને ધીમે ધીમે અન્ય ભાષાના મોહને કારણે આ વિદ્યા લુપ્ત થતી ચાલી, તોથી તેનાં ફળ મળતાં બંધ થયાં.** એટલું જ નહીં, તેમાં અંધશ્રદ્ધા પણ વિકસતી ગઈ. તેથી તેનાં મૂળતત્ત્વો અજ્ઞાત બનતાં ગયાં. આપણે તે અંગે લાંબી ચર્ચા કર્યા વગર માત્ર થોડાંક નામો જ આપીશું.

**(૧) શ્રદ્ધા :** શ્રદ્ધા એ સફળતાની સીડી છે; તેથી મંત્રમાં શ્રદ્ધા એ તેનો પાયો છે.

**(૨) ધીરજ :** મંત્ર તરત ફળતો નથી. એટલે ઘણા તે છોડી દે છે. જેમ બી વાવતાં તરજ જ ફળ ન મળે, તેમ મંત્રગ્રહણ કરતાં જ ફળ ન મળે. તેથી મંત્રશક્તિનો બીજો આધારસ્તંભ ધીરજ છે.

**(૩) ગુરૂભક્તિ :** ઈશ્વર પરમગુરુ છે. તેમ માનીને આ શાસ્ત્ર ચાલે છે. તેથી ગુરુની ભક્તિ આ શાસ્ત્રનો પાયો ગણાય છે.

**(૪) શુદ્ધ ચરિત્ર :** મંત્ર માટે શુદ્ધિ આવશ્યક છે. શ્રીસૂક્તમાં "બ્રાહ્યભ્યંતરઃ શુચિઃ" દ્વારા આંતરિક અને બાહ્ય શુદ્ધિની વાત કરવામાં આવી છે. અન્ય સ્થળે પણ (૧) સ્થાન શુદ્ધિ, (૨) દેહશુદ્ધિ, (૩) મનશુદ્ધિ, (૪) દ્રવ્યશુદ્ધિ અને (૫) ક્રિયાશુદ્ધિ, એમ પાંચ પ્રકારની શુદ્ધિ સૂચવી છે.

**(૫) આસન :** જપનું સ્થાન અને ચંચળતા છોડીને સ્થિરાસન જમાવવાની શક્તિ પણ મંત્રસાફલ્યનો પાયો છે.

**(૬) પંચાંગ :** આપણે પૂજા-પંચાંગની વાત આગળ પૂજામાં કરીશું. પૂજા પદ્ધતિ, સ્તોત્ર, અનેક નામ અને કવચનું જ્ઞાન આવશ્યક હોઈ મંત્ર માટે તે જરૂરી છે તેમ સમજવું ઈષ્ટ થશે.

**(૭) આચરણ :** મંત્ર માટે આચરણ મહત્વનો ભાગ ભજવે છે. ઉપર ક્રિયા શબ્દમાં તે અમુક અંશે આવી જાય, પરંતુ તે માટે વિચારણા જરૂરી હોઈ આપણે અઢારમા પ્રકરણમાં સાધકની આચાર સંહિતામાં તે ચર્ચીશું.

**(૮) ન્યાસ :** આ અંગે સ્વતંત્ર ચર્ચા કરીશું, પરંતુ મંત્રના વિવિધ અક્ષરો અને શબ્દોને દેહમાં પ્રસ્થાપિત કરીને દેહને દેવમય બનાવતી એ ક્રિયા હોઈ તે મંત્રનું મહત્ત્વનું અંગ છે.

**(૯) વાતાવરણ :** ક્ષેત્રને પોતાનું અમુક વાતાવરણ હોવાથી યોગ્ય સ્થાનની પસંદગી પણ મંત્ર સફળ કરવામાં સહાયક બને છે. આ સ્થાનપસંદગી માટે યોગસંહિતા અને તંત્રસાર યોગ્ય દિશા બતાવીને કહે છે કે, ગૌશાળા, ગુરુનું ઘર, પવિત્ર નદી, દેવમંદિર, વગેરે સ્થાન મહત્ત્વનાં સ્થળો સિદ્ધિમાં સહાયભૂત થાય. તેમાં પણ તંત્રસાર કહે છે કે, આંબલીના વૃક્ષ પાસે, બીલીના વૃક્ષ પાસે, ગુફામાં, કે પર્વતની ટોચે (શિખરે) અને ગંગા નદી ને કાંઠે મંત્ર ઝડપથી ફળે છે, તેથી તેવું સ્થળ યોગ્ય વાતાવરણથી મદદરૂપ થાય.

**(૧૦) પ્રાણાયામ :** એ તપનો પ્રકાર છે. એટલે મંત્ર દ્વારા પ્રાણસાધના કરવા માટે મંત્રજાપ પહેલાં પ્રાણાયામ ઉપયોગી હોઈ, નાડીશુદ્ધિ અને ચક્ર જાગૃતિ માટે તેને જરૂરી અંગ ગણવું.

**(૧૧) મુદ્રા :** મંત્રનો પાયો તત્ત્વમુદ્રા પણ છે. તેની અલગ ચર્ચા કરીશું, પરંતુ શરીરની ઊર્જાને યોગ્ય રીતે વાળીને દેવકાર્યમાં તેનો ઉપયોગ થતાં મંત્ર સિદ્ધિમાં ઝડપ આવે છે. તેથી મંત્ર સિદ્ધિમાં તે આવશ્યક અંગ છે.

**(૧૨) તર્પણ :** પુરશ્ચરણનો એક ભાગ તર્પણ પણ મંત્ર માટે ઉપયોગી છે. જળનો ખોબો ભરીને તર્પણ કરવું એ એક શ્રદ્ધાંજલિ છે, જળયજ્ઞ છે.

**(૧૩) હવન :** હોમ કરીને દશાંશ ભાગની (મંત્ર બોલીને જપના દશમા ભાગની) મંત્ર બોલીને ઘીની આહુતિથી દેવો પ્રસન્ન રહે છે. દેહ અને વાતાવરણની શુદ્ધિ થતાં ઝડપથી સિદ્ધિ મળે છે.

**(૧૪) બલિ, નૈવેદ્ય :** એ દેવોને પ્રસાદ (અન્ન) અર્પણ કરવાની ભાવનારૂપે છે, એથી તે પણ મંત્રનો ભાગ છે.

**(૧૫) મંત્રજપ :** મંત્ર જાણવો એ પૂરતું નથી, પરંતુ અમુક સંખ્યાના મંત્રો સવિધિ પૂરા ન થાય તો ઈશ્વરદર્શન કે સિદ્ધિ શક્ય નથી. એટલે જરૂરી સંખ્યાનો મંત્રજપ એ પણ મંત્રશક્તિનો મહત્ત્વનો ભાગ છે.

**(૧૬) ધ્યાન, સમાધિ :** યોગની પરિભાષાના આ શબ્દો મંત્રમાં પણ આવશ્યક છે. ધ્યાન કેન્દ્રિત થતાં મંત્ર સફળ બનતો લાગે છે અને એક જ વસ્તુમાં તલ્લીન થઈ જતાં તે સમાધિ બને છે ને ઈશ્વરમય સ્થિતિ ફળદાતા બને છે.

**આ રીતે મંત્ર ધ્યેયસિદ્ધિ માટે હોય છે અને તેના પાયાના સિદ્ધાંતોનો યોગ્ય ઉપયોગ થાય તો સફળતા ઝડપથી મળે છે. મંત્ર એક યોગ છે. અને મંત્રયોગીને સંસારનો સર્વ વૈભવ સરળતાથી મળે છે.**

**(૧૭) તંત્ર અને આધુનિક જ્ઞાન :** આપણે જોયું કે મંત્ર, તંત્ર, આગમ વગેરે શબ્દો પરાવિદ્યા કે પરમશક્તિને સ્પષ્ટ કરવા માટે છે અને તેથી ત્રણ રીતે તે બધા તંત્ર પોતપોતાની રીતે વેદના જ્ઞાનને સ્પષ્ટ કરીને ઊર્ધ્વીકરણ કરે છે.

આધુનિક વિજ્ઞાન પદાર્થના મૂળતત્ત્વને કેન્દ્રસ્થ બિંદુને અણુશક્તિ રૂપે સ્વીકારે છે. આપણાં છ શાસ્ત્રોમાં કણાદ તો માત્ર અણુને જ પરમતત્વ માની તેના વિસ્ફોટને પરમશક્તિ માને છે. આધુનિક વિજ્ઞાને અનેક પ્રયોગો કરીને પરમાણુશક્તિની પ્રશંસા કરીને અતિબળવાન પ્રચંડ શક્તિ સાબિત કરી છે. મંત્રશાસ્ત્ર પણ પરમ શક્તિના બિંદુતત્ત્વને મહાન પ્રેરકબળ કે શક્તિપ્રવર્તક માને છે. **અથર્વવેદ આ વાત શ્રીચક્રની મહાવિદ્યામાં વિશેષ સ્પષ્ટ કરે છે, એટલે કે શ્રીચક્રનું બિંદુ અને તેની સાધના એ પરમતત્ત્વની, મહાન શક્તિની સાધના છે. આધુનિક વિજ્ઞાન એવા અણુનો બાહ્ય વિસ્ફોટ કરીને આગળ ધપવા પ્રયત્ન કરે છે, ત્યારે આપણું તંત્રશાસ્ત્ર આ શક્તિનો આંતરિક ઉપયોગ કરી આંતરિક શક્તિનું ઊર્ધ્વિકરણ કરવા યત્ન કરે છે. તે અણુવિદ્યા કોઈને હાનિ કર્યા વગર સિદ્ધિનાં સોપાન સર કરે છે.**

આધુનિક વિજ્ઞાન પરાશક્તિને પ્રચંડ અગ્નિશક્તિ પ્રવર્તક માને છે, તેમ મંત્રશાસ્ત્ર પણ એ પરાશક્તિને કરોડો સૂર્યના પ્રકાશપૂંજરૂપ શક્તિ માને છે. એટલે **પ્રયોગસિદ્ધ આધુનિક વિજ્ઞાન એ શ્રીમહાવિદ્યા કે શ્રીચક્રમહાવિદ્યા તેમજ અન્ય તંત્રમાં મંત્રસિદ્ધાંત જ્ઞાનવિસ્તરણ શક્તિનું સૃષ્ટિ કલ્યાણ રૂપે વિસ્તરણ વર્ણવ્યું છે ને તે શક્તિનું સંભાવ્ય શક્તિમાંથી ગતિશક્તિમાં રૂપાંતરિત થયેલું સ્વીકારેલ છે ને આરાધાય છે. તેની આરાધના આદ્યાશક્તિ સ્વરૂપે થાય છે.**

આધુનિક વિજ્ઞાન સૂર્યને તમામ શક્તિનું કેન્દ્ર માને છે. (sun is the source of energy) તેમ વેદ અને તેનું તંત્ર પણ માને છે કે, "सूर्यऽआत्मा जगतस्तस्थुषश्च" એટલે કે સ્થિર અને ગતિશીલ તમામ પદાર્થોની આત્મસ્વરૂપ કે કેન્દ્રસ્થ શક્તિ એ સૂર્ય છે. આપણે દેહસ્થ બાર આદિત્યોની વાત કરી છે તે સૂર્યનો તેજ પૂંજ પ્રકાશ એ વૈશ્વિકરચનામાં પણ આદિત્ય મુખ્ય ગણાય છે. તંત્રોમાં તે સ્વીકારેલ છે, તથા આગમ પણ "आदित्यानामहंविष्णु" કહી વિશ્વપોષકશક્તિરૂપે સૂર્યને સ્વીકારી, તેની નિત્ય આરાધના પણ ગોઠવી દીધી છે. ગાયત્રી, સાવિત્રી તથા સરસ્વતી સ્વરૂપે સૂર્યશક્તિની ત્રણ આરાધના 'સંધ્યા' શબ્દમાં વણીને એ બ્રહ્મસ્વરૂપની આરાધના દરરોજ ત્રિકાળસંધ્યા સ્વરૂપે બધા સાધકો અને બ્રહ્મવિદ્યા ઉપાસકો માટે નક્કી કરી આપેલ છે.

આ શક્તિ સ્રોતનું લોકહિતાર્થે અવતરણ ને વિસ્તરણ પણ આપણા શાસ્ત્રમાં વર્ણવ્યું છે. *વિજ્ઞાને શક્તિનો વિવિધ ઉપયોગ કરી યંત્રો બનાવ્યાં તેમ પરાશક્તિને પરામ્બા કહીને સદાશિવના આસન ઉપર બેસાડ્યાં. પર્યંકના ચાર પાયામાં બ્રહ્મા, વિષ્ણુ, ઈશ્વર ને રુદ્રને ગોઠવીને સદાશિવના ઓશિકારૂપે મહેશ્વરને ગોઠવી આ પર્યંક મહાવિદ્યા જ્ઞાનવિસ્તરણ છે, શક્તિનું સૃષ્ટિ કલ્યાણરૂપે વિસ્તરણ વર્ણવ્યું છે ને તે શક્તિનું સંભાવ્ય શક્તિમાંથી સ્ફોટક કે ધારેલી ગતિ પ્રાપ્ત કરવા માટે (કાયનેટિક એનર્જી) ગતિશક્તિનું રૂપાંતર કરવા પ્રાણાયામની વિવિધ રીતો ગોઠવી આપીને સાધનાક્રમ ગોઠવી આપ્યા.* ***સંધ્યા કે તાંત્રિક સાધના એ ઊર્ધ્વગતિનું વિજ્ઞાન કે વિસ્તરણ છે, તેથી તંત્રવિદ્યા અને તેનો આચાર એ સિદ્ધિપ્રાપ્તિનાં પગથિયાં છે.*** *આધુનિક શાળામાં વરસો પછી પણ જે સિદ્ધિ માત્ર સ્થૂળરૂપે પ્રાપ્ત થઈ શકે છે, તેનાથી ઓછા સમયમાં ઓછે ખર્ચે આ ઊર્ધ્વગતિ માટેની સિદ્ધિ આવી તંત્રમહાવિદ્યા દ્વારા પ્રાપ્ત થઈ શકે છે.*

(-ક્રમશઃ)

• • •

## શ્રીમાઈભક્ત હનુમાનજી

....✍ : શ્રી શંકરલાલ મણીલાલ નાયક

આપણા હિન્દુ ધર્મમાં ચાર વેદ, છ શાસ્ત્રો, અઢાર પુરાણ અને બે મહાકાવ્ય ગ્રંથ છે. તેમાં એક રામાયણ અને બીજી ગીતા. માતાજીએ પોતાના યુગ અવતારનું પ્રમાણ રામાયણ સ્વરૂપમાં લખવા અને ગાવાનું યથાર્થ સ્થાન પોતાના ભક્તોને આપ્યું છે. જ્યારે ગીતા સ્વરૂપમાં ગાવાનું યથાર્થ સ્થાન સ્વયં વિષ્ણુ અવતાર ભગવાન શ્રીકૃષ્ણને આપ્યું છે. અને ગીતા માટેનું સ્થાન તો ઘણું ઊંચું અને દિવ્ય વર્ણવામાં આવ્યું છે.

*"સબ શાસ્ત્રો મેં શ્રેષ્ઠ હૈ, ઔર સબ શ્રુતિયનકી રાની,*
*ગોવિંદ ગાવહી પ્રેમસે, સબ જીવકે હીતકારી."*

બધાજ શાસ્ત્રો કરતાંય ગીતાજીને શ્રેષ્ઠ કહેવામાં આવ્યાં છે. કારણકે તેમાં ઘણું ઊંચું જ્ઞાન સમાયેલું છે છતાં તે સરળતાથી સમજી પણ શકાય છે. તેમજ શ્રુતિ- કહેતાં વેદોની રાણી તરીકેની તેને ઊપમા આપવામાં આવી છે. અને આ ગીતારૂપી કાવ્યનું ગાન કરનાર સ્વયં શ્રી નારાયણથી ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે થયેલ ઉચ્ચારણ તે ઘણું જ દિવ્ય, મધુર અને મનુષ્યને માતા જગદંબાના પરમધામ સુધી પહોંચાડનાર દિવ્ય ગાન હોઈને જગહીતકારી કહેવામાં આવ્યું છે.

આમ રામાયણ ગ્રંથ પણ તુલસીદાસજી જેવા મહાન ભકત વડે રચાયેલ ભગવાનના યથાર્થ જગહિતકારી કર્મોનું ગુણાનુવર્ણન અને ધર્મપરાયણતાનું દિવ્ય જ્ઞાન બતાવ્યું છે. મહાકવિ શ્રી તુલસીદાસજીએ રામાયણમાં એક ચોપાઈમાં લખ્યું છે કે ભગવાન શ્રીરામ (વિષ્ણુ)ની ભક્તિ કરવાવાળો જો ભગવાન શિવજીની નિંદા કરે તો પણ તેની રામભક્તિ ફળદાયી થતી નથી અને શિવજીની ભક્તિ કરવાવાળો જો શ્રી રામજીની નિંદા કરે તો પણ તેની શિવજીની ભક્તિ પણ ફળદાયી થતી નથી;

અહીં હનુમાનજી મહારાજે તુલસીદાસજીના કથનને સિદ્ધ કરી બતાવ્યું છે કે પોતે રામભક્ત હતા અને શિવભક્ત પણ હતા. શ્રી રામજીની સેનામાં જ્યારે યુદ્ધભુમીમાં જતા ત્યારે હરહર મહાદેવ કહી આગળ ચાલતા હતા. આપણા શાસ્ત્રોમાં વર્ણવ્યા મુજબ જાણી શકાય છે કે હનુમાનજીએ પોતે ભગવાન શિવજીનો અગિયારમો રૂદ્ર અવતાર છે અને તેમના ગુરૂ શ્રીદેવી, મા જગદંબા (ભગવતી સીતામાતા) હતાં એવું પણ જાણવા મળેલ છે.

હનુમાનજી મહારાજ શ્રી રામભક્ત, શ્રી શિવભક્ત અને શ્રી માઈભક્ત છે તેની એક પ્રસંગ કથાનું વર્ણન આ પ્રમાણે છે કે જ્યારે દેવી સીતામાતાનું હરણ કરી રાવણ તેમને લંકામાં લઈ ગયો અને અશોકવાટીકામાં તેમને રહેવા માટે સ્થાન આપ્યું ત્યારે દેવી નિરંતર શ્રીરામનો જાપ જપી રહ્યાં હતાં અને સમય પસાર કરતાં હતાં. ભગવાન શ્રીરામ તેમની શોધ કરવા બાંધવ લક્ષ્મણ સાથે ઋષિમુખ પર્વત તરફ આવ્યાં ત્યાં તેમને હનુમાનજી મળ્યા અને પછી હનુમાનજી બંને ભાઈઓને ઋષિમુખ પર્વત પર લઈ ગયા અને ત્યારબાદ ભગવાન શ્રીરામની આજ્ઞા પામી હનુમાનજી સીતામાતાની શોધ માટે લંકામાં ગયા. અશોકવાટીકામાં બીરાજમાન માતા સીતાના દર્શન કર્યા અને સીતામાતાને ભગવાન શ્રીરામના કુશળ સમાચાર સંભળાવ્યા. ત્યારે સીતાજી કહે છે કે હે પુત્ર શ્રી રામ મને ભૂલી તો નથી ગયા ને ? મારા ઉપરનો તેમનો પ્રેમ ઓછો તો નથી થયો ને ? તે વચનબદ્ધ તો છે ને ? તેઓ ધર્મ અને વ્રતબદ્ધ તો છે ને ? આવા અનેકવિધ માતાસીતાજીના શંકામય પ્રશ્નો સાંભળતાં જ હનુમાનજી-ને લાગ્યું કે ભગવાન શ્રીરામ ઉપર માતાજીને મનમાં સંદેહ હોય તેમ લાગે છે પરંતુ માતાજીએ પ્રથમ પુત્ર કહી સંબોધન કરેલ તે યાદ કરતાં હનુમાનજી મહારાજ માના વાત્સલ્યભાવથી પ્રભાવિત થતાં ગદ્‌ગદિત સ્વરે કહેવા લાગ્યા.

"કરો નહીં સંદેહ રામ પર, કરો નહીં સંદેહ (૨)
સદા રહા હૈ સદા રહેંગા, તુમ પર ઉનકા નેહ .. કરો નહીં
એક વચન હૈં, એક કર્મ હૈં, એક રામકા બાણ... (૨)
એક પત્નિકા વ્રત હૈ ઊનકા, કરે જગત કલ્યાણ ... કરો નહીં.
યદી વે ધર્મ ત્યાગ દે અપના ચંદ્ર બદન હો ગાયબ...(૨)
જન્મ વ્યર્થ હો જાયે મેરા, ગરથ મેરી રામાયન... કરો નહીં."

હે માતા આપ ભગવાન શ્રીરામ ઉપર જરાય સંદેહ કરશો નહીં. હું તેમનો દૂત છું ( હું તેમનો ભક્ત છું ) અને શ્રીરામ પ્રભુ ઉપર સંપૂર્ણ વિશ્વાસ છે કે તેઓશ્રી સદાને માટે તમારી સાથેજ કાયમ રહ્યા છે અને કાયમને માટે રહેશે. તેમજ તેમનો અથાક પ્રેમ પણ તમારા ઉપરજ છે. તેઓ એક વચન ઉપર બદ્ધ છે. એક કર્મ, એકબાણ અને એક પત્નિવ્રત નિભાવી રહ્યા છે અને જગતનું કલ્યાણ કરી રહ્યા છે. હું આપના શ્રીચરણોમાં મસ્તક ઝુકાવીને કહું છું કે જો તે પોતાનો ધર્મ ત્યજી દે તો તેમનું ચંદ્રસમાન સ્વરૂપવાળું શિતળતાને કાયમ આવનાર બદન ( શરીર ) અદ્રશ્ય થઈ જાય. જો હું આ મારા પ્રભુના કર્તવ્યને જરાપણ આપની આગળ છુપાવવા કે અસત્ય કહેવા માગતો હોઉં તો અને જો કોઈ મારી વાતને અસત્ય સાબિત કરી આપે તો મારો જન્મધારણ કરવો વ્યર્થ છે અને મારી ભગવાન શ્રીરામ પ્રત્યેની ભક્તિરૂપી મૂડી ( ગરથ ) એ ખોટી પડે !

માટે હે મા ! આપના અને પ્રભુના શ્રીચરણોમાં હૃદયપૂર્વક નમસ્કાર સાથે કહું છું કે પ્રભુ ઉપર જરાપણ સંદેહ રાખશો નહીં. પ્રભુ આપની ચિંતામાં વ્યાકુલ છે. તેઓ અહીં આવશે અને આપને સાથે લઈ અયોધ્યા જશે.

હનુમાનજી મહારાજના આ વચનો વારંવાર સાંભળી વ્યાકુળ થયેલ માતા સીતાજી શાંત થયાં અને પોતાના સ્વામીની ભક્તિ તેમના ભક્તમાં જોઈ અને ભક્તને પુત્રરૂપમાં જોઈ." અષ્ટસિદ્ધિના નિધિ કે દાતા અસવર દિયે જાનકી માતા." માતાજીએ પોતાના ભક્તની અનન્યતા જોઈ ઉપર પ્રમાણેનું વરદાન આપ્યું. આ છે હનુમાનજીના કર્મ અને ધર્મ, ભક્તિ અને તેજ છે. માની અસીમકૃપા. મા એ મા છે. દેવાધીદેવ મહાદેવનો અંશાવતાર શ્રી હનુમાનજી કહેવાય. છતાં પણ માની ભક્તિ યુક્ત થઈ સર્વશ્રીની પ્રાપ્તિ કરી શક્યા. આ છે હનુમાનજીની માઈભક્તિ ( હનુમાનજી માઈભક્ત છે. ) શ્રીરામ, જયરામ, જય જય રામ.:

• • •

# શ્રીવિદ્યા

....✍ : શ્રી કાન્તિભાઈ ઠાકર

**ભારતના પ્રાચીન સંદર્ભો :**

આર્ષદષ્ટા ઋષિઓને જે પરમ અનુભૂતિઓ લાધી, તેની અભિવ્યક્તિ વાણીમાં સ્તુતિરૂપે થઈ. એ પરમતત્ત્વનું પ્રદાન અભિવૃદ્ધિ પામતું - અમૃતમય જ્ઞાન, તંત્રોરૂપે, વેદોરૂપે અને ઉપનિષદોરૂપે તે તે સમયના રૂપકો અને કથાનકો દ્વારા રજૂ થયું. આશ્રમોમાં તપશ્ચર્યા કરતા ઋષિઓ અને તેમના શિષ્યોના સંવાદોમાં એ વિશ્વકોષીય જ્ઞાન સંકલિત થયું.

સમય વહેવા સાથે વિવિધ દર્શનો ( ષડ્દર્શનો ), પુરાણો (અઢાર) અને બે મહાકાવ્યો (રામાયણ-મહાભારત) પ્રાપ્ત થયાં. એ સમગ્ર પ્રાચીન સંદર્ભોમાં ધર્મ અને આધ્યાત્મતત્ત્વ માનવવ્યવહારમાં તાણા-વાણારૂપે પ્રત્યક્ષ અનુભવાય છે. એવા અમર સાંસ્કૃતિક વારસામાં અમૂલ્ય એવી શ્રીવિદ્યા સાધકને આત્મજ્ઞાન થવામાં સિદ્ધવિદ્યારૂપે છે. તંત્રવિદ્યામાં મોક્ષસિદ્ધિ સાધકને ફળ સ્વરૂપે લાધે, તેમ આધ્યાત્મિક આરાધના દ્વારા બ્રહ્મવિદ્યા પામવા મળે, એટલે કે આરાધક બ્રહ્મરૂપ થાય. એ રીતે આ જ્ઞાન, આ પદ્ધતિ મહાવિદ્યા કહેવાય છે. અને સિદ્ધવિદ્યા પણ કહેવાય છે. ઉપનિષદોમાં જે એક સમદર્શી સત્ય મળે છે, તે બ્રહ્મન્ છે. **પ્રાચીન ભારતીય તંત્રવિદ્યા (જ્ઞાનનિષ્પત્તિ તરફ દોરી જતી વૈજ્ઞાનિક પદ્ધતિ) મુજબ જ્ઞાન આત્મસાત થાય, તેવા દશ ધોરી રાજમાર્ગો છે, તેને દશમહાવિદ્યાઓ કહેવાય છે.** એમ ગૂઢજ્ઞાન નિદર્શિત થયું છે. **એ દશવિદ્યાઓ સાંકેતિક, પ્રચ્છન્ન, રહસ્યમય સંદેશાઓ છે. દશમહાવિદ્યાઓમાં ત્રીજા ક્રમે શ્રીવિદ્યા આવે છે.**

દશ મહાવિદ્યાઓમાંની એક શ્રીવિદ્યાનો કાર્યવિસ્તાર અને સ્વરૂપ સર્વસ્વને અખિલાઈમાં સમાવિષ્ટ કરે છે. **શ્રીવિદ્યા સાધકને મહાત્રિપુરસુંદરી**

**સન્મુખ, પ્રત્યક્ષ, રૂબરૂમાં દોરી જાય છે.** મહાદેવી લલિતામ્બા મા, ત્રિલોકેશ્વરી, ત્રિભુવનેશ્વરી છે. સમગ્ર સચરાચરનાં તેઓશ્રી અધિષ્ઠાત્રી, રાજરાજેશ્વરી, મહારાજ્ઞી, મા છે અને સર્વશ્રેષ્ઠ ભગવાન શંકર એ અર્ધનારીશ્વર સ્વરૂપે સર્વનિયંતા છે. શ્રી માતાજી નામ અને આકાર રહિત હોવા છતાં, પરમ તેજ સ્વરૂપ, આધિભૌતિક, પૂર્ણ ચૈતન્યરૂપ, ત્રિલોકની ઉત્પત્તિપૂર્વે પણ તેઓશ્રી હતાં અને ત્રિલોકના વિલય પછી પણ શ્રી માતાજીની હયાતી રહે, તેવાં રાજરાજેશ્વરી, મહાત્રિપુરસુંદરી, સર્વસ્વના અધિષ્ઠાનરૂપ છે.

તંત્રવિદ્યામાં જણાવ્યું છે તેમ શ્રીવિદ્યાના બાર આદ્ય આરાધકો પ્રખ્યાત થયા છે. તેમાં મનુ, ચન્દ્ર, કુબેર, લોપામુદ્રા, કામદેવ, અગત્સ્ય, નન્દિકેષ, સૂર્ય, વિષ્ણુ, સ્કન્દ, શિવ અને દુર્વાસા છે. એ દરેકે શ્રી વિદ્યાની આરાધના અંગે અલગ પીઠો સ્થાપી હતી. દરેક પીઠ મુજબ મંત્રોનો વિકાસ થયો. જુદી પીઠો મુજબ મંત્રોના અક્ષરોનો ક્રમ બદલાય છે, એટલો તફાવત થાય, છતાં બધામાં નાદકલા એકસરખી રહે છે. મંત્રના પ્રારંભમાં 'ક' હોય છે, તે નોંધપાત્ર છે. કામરાજ વિદ્યાપીઠ નામાંકિત થઈ, એમ કડીમાં શ્રી રાજરાજેશ્વરી શ્રીવિદ્યાપીઠ પણ સ્વયં આરાધના કેન્દ્રરૂપે પ્રેરણારૂપ, શ્રધ્યેય અને સાક્ષાત અનુભૂતિ આપે છે.

બ્રહ્માંડ પુરાણમાં શ્રી લલિતામ્બાનાં હજાર નામનું સ્તોત્ર છે, તેમાં શ્રી માતાજીને પ્રેમ અને કૃપાના જનેતારૂપે તથા ભંડાસુરનો નાશ કરનાર તરીકે પ્રગટ કર્યાં છે. જ્યારે પ્રેમના પરમેશ્વર કામદેવે ભગવાન શિવને તેમની તપશ્ચર્યામાં ખલેલ કરી, ત્યારે ભગવાન શંકરના ક્રોધથી, એટલે કે તેમનું ત્રીજું (જ્ઞાન) નેત્ર ખૂલતાં કામદેવ બળીને ભસ્મ થઈ ગયા. એક ગંધર્વએ એ રાખ્યના ઢગલાને જીવન-પ્રદાન કર્યું, ત્યારે એમાંથી કદરૂપા સ્વરૂપે, નિર્લજતારૂપે, ભંડાસુર થઈને, સમાજને એ તકલીફદાયક થયો અને શ્રી લીલતાંબાએ તેનો નાશ કર્યો.

હજારો ઊગતા સૂર્યોના તેજ સમાન લાલ વર્ણનાં શ્રી લલિતાંબા મા છે. તેમનાં વસ્ત્રો અને આભૂષણો લાલ છે. હૃદયનો પ્રેમ અને ઈચ્છાનો વર્ણ પણ લાલ છે. અજ્ઞાન તથા તિમિરને એ હટાવે છે. શ્રી માતાજી ચૈતન્યરૂપ છે, તેઓ સૌન્દર્યનાં ઉત્તમોત્તમ સ્વરૂપે છે, તેઓ નામ રહિત છે, છતાં તેમનાં હજારો નામ પણ છે. તેમનાં નામો દ્વારા પરમેશ્વરીય આધ્યાત્મિક ગુણોનું વર્ણન કરવામાં આવેલ છે.

શ્રી વિદ્યાના પરમ ઉપાસક આદિ શ્રી શંકરાચાર્યએ શ્રી લલિતાંબાનું પ્રગટરૂપ શ્રીયંત્રરાજની સાધના પૂજા વિધિ અને શ્રીવિદ્યા-મંત્રો આપણને સમજાય તેવી રીતે, કાવ્યમય સ્તુતિરૂપે, ચાલીસ શ્લોકોમાં 'આનંદલહરી' દ્વારા અને સાહીઠ (૬૦) શ્લોકોમાં 'સૌન્દર્યલહરી' દ્વારા, અમર પુણ્યસ્વરૂપે ઉત્તમ કાવ્યોરૂપે, સહજ પ્રદાન કર્યું છે. શ્રી માતાજીનું હાર્દ આંતર્મુખીને સુલભ થાય તેમ એ ઉન્નત વાણીનું કાવ્યગૂંજન કરતાં સઘળી અર્થછટાઓ સ્વયં પ્રગટ થાય છે. એ કાવ્યગાન કરતાં શ્રીમાતાજી સ્વયં ભક્ત સામે સાક્ષત પ્રગટ થાય છે. એ રીતે એવા પવિત્ર સંદેશાઓના ગહન અર્થો, પાઠકને આત્મસાત થાય, એ તો ઉપાસકને લાધેલી પરમ સિદ્ધિ કહેવાય.

**સ્વની ઓળખ - આત્મદર્શન :**

**શ્રીવિદ્યાની સાધનાનું ધ્યેય, સાધક પોતાને ઓળખે, પોતે પોતાનું આત્મદર્શન પામે એ છે. એટલે કે મા પોતાના હૃદયમાં વિદ્યમાન છે, એ અદ્વિતીય ભાવ પ્રગટે છે.** એ રીતે શ્રી માતાજીના દિવ્ય સ્વરૂપની અનુભૂતિ સાધકને થાય છે અને તે સત્‌ચિદાનંદ-મોક્ષ-પામે છે, તે બંધનમાંથી છૂટે છે. સાધકની સાધનાના દરેક સોપાન ચઢતાં, તેનો સ્વાર્થ ઓગળતો જાય છે. સૂર્યતાપમાં બરફ પીગળે તેમ સાધકનું તિમિર - અંધકાર, અજ્ઞાન, બંધન હટી જાય છે. તેનામાં પરમ જ્ઞાન-ભક્તિમૂલક જ્ઞાન-પ્રગટે છે, આંતર્‌ચક્ષુ ખૂલી જાય છે, જેથી સાધક શ્રી માતાજીમય રહે છે. તેને કોઈ જુદારો રહેતો નથી. જેને યથાર્થ પ્રત્યક્ષીકરણ થાય છે, જે આંતર્મુખી છે, જે ન્યોછાવર છે, જેનામાં પૂર્વભૂમિકા સર્જાઈ છે તેને શ્રીવિદ્યાનો કૃપાપ્રસાદ લાધે છે. સમર્પણ અને શ્રદ્ધાથી ભક્તિ પ્રાણવાન થાય છે. **ભક્તિ એ જીવંત**

**સત્ય છે. જેઓ બહિર્મુખી છે, તેમને મા દુર્લભ છે. એટલે કે તંત્રવિદ્યામાં ગોપનિયતત્ત્વ છે. સદ્દગુરુ વિના જ્ઞાન ન થાય.**

ભક્ત સિવાય જનસમુદાયમાં જેઓમાં લાયકાત ન હોય, તેમને આવશ્યક પૂર્વભૂમિકા ન હોવાથી, વિપરીત પરિસ્થિતિ હોઈને, તંત્રોમાં ગોપનિય અભિગમ છે; દુર્વૃત્તિની ક્રિયાત્મકતા ખાળવાનો પ્રયત્ન છે.

શ્રીવિદ્યામાં સદ્દગુરુ યોગ્ય સંદર્ભ સર્જીને, જેમને જે રીત સાનુંરૂપ હોય તેમ, એટલે કે સાધકને દિક્ષા આપતાં પૂર્વે, ગુરુજી આરાધકની ચકાસણી કરીને, તેને સહાયક થાય ને મંત્રદિક્ષા આપે છે. શ્રી માતાજીનું અક્ષરસ્વરૂપ એ મંત્ર છે. શ્રીમાતાજીનું ભૌમિતિકરૂપે - રેખાઓમાં સાકાર થવું - એ શ્રીયંત્રરાજ સ્વરૂપ છે. આમ ભક્તિના સમગ્ર ક્ષેત્રનો તંત્રો દ્વારા સપ્રયોગ વિનિયોગ કરી શકાય.

તંત્રવિદ્યાના - શ્રીવિદ્યાના પરમ ઉદ્દઘોષ્ટા, મહાકાલ ભૈરવ ભગવાન શિવ પોતે છે. શિવ અને પાર્વતીના સંવાદરૂપે સમગ્ર પ્રક્રિયાઓ દર્શાવવામાં આવી છે.

જે સ્વયં બાળસહજ નિસ્વાર્થ હોય, જે સહજસિદ્ધ હોય, તેને કોઈ પથદર્શક, પરામર્ષક અનિવાર્ય નથી. તેને 'ભૂતળ ભક્તિપદાર્થ મોટું' એ સહજસિદ્ધ હોય છે. **તત્પર સાધકને સદ્દગુરુના માર્ગદર્શન દ્વારા શ્રી માતાજીનો સ્વાનુભાવ, પોતાનામાં થાય છે. આમજનતા માટે સદ્દગુરુ આવશ્યક છે. ગુરુકૃપા અને સાધકનું તપોબળ સાધનાને ઉર્ધ્વગામી પરમસત્યની, પરબ્રહ્મની, પરમાત્માની અનુભૂતિ કરાવે છે. જીવ-શિવ અદ્વૈત સર્જાય છે.**

**શ્રીવિદ્યાનું ઉદ્દઘાટન : શ્રી માતાજીની આરાધનાના અભિગમો :**

શ્રી રાજરાજેશ્વરીની સ્તુતિ કરવામાં શ્રીયંત્રરાજની પૂજા, મંત્ર દ્વારા જપ, એમ તંત્રવિદ્યા મુજબ વિધિ-વિધાન કરીને, પદ્ધતિસર યજ્ઞયાગ કરવામાં આવે છે તથા સવિસ્તાર ધ્યાન, ન્યાસ, માનસોપચાર પૂજન અને વિધિવત્ પૂજાક્રમ પ્રસ્થાપિત થયેલ છે. પૂજા કરનારના હૃદયમાં વિદ્યમાન શ્રીમાતાજીની, પૂજા કરવા માટે, ભક્ત પોતાના હૃદયમાંથી પોતાની સામે, સુયોગ્ય સુંદર આસન ઉપર શ્રી યંત્રરાજને - બિરાજમાન કરીને આરાધનાની પ્રક્રિયાનો પ્રારંભ કરે છે. સમગ્ર સાધના સંપન્ન થતાં, માને સ્વગૃહે- પોતાના હૃદયમાં-યથાસ્થાને એ પુન: અદ્વિતીયરૂપે વિદ્યમાન-પ્રસ્થાપિત કરે છે.

જપ દ્વારા સાધના થાય છે. જપ કરવાથી મંત્રનું તેજ પ્રજ્વલિત થાય છે. મંત્ર એ શ્રીમાતાજીનું શબ્દસ્વરૂપ છે. આત્મજ્ઞાની, બ્રહ્મવેત્તાગુરૂદેવ શિષ્યને દીક્ષા આપવામાં તેની સાધનામાં સહાયક મંત્ર-પ્રદાન કરે છે. એટલે પ્રાણવાન રીતે, સાધકને મંત્રના અક્ષરો શ્રી માતાજીની વૈશ્વિકચૈતન્યની અનુભૂતિ કરાવે છે. એ મંત્રગુંજન ભક્તના ચિત્તતંત્રમાં તાદશ જીવંત હોય છે. **ભક્તનો દેહ એ જ તો શ્રીમાતાજીનું મંદિર છે. તેમાં સ્વયં માતાજી પ્રત્યક્ષ વિદ્યમાન રહે છે.** આર્ષદ્રષ્ટા ઋષિઓને અનાહતનાદનું શ્રવણ થતું. એ વિમર્ષ અભ્યુદય થતાં, આડપડદો હટી જાય છે. એ અનુભૂતિને ઋષિઓ જ્યારે સ્તુતિરૂપે વાણીમાં અભિવ્યક્ત કરે છે ત્યારે એ મંત્ર કહેવાય. મંત્ર એ માનું પ્રાગટ્ય છે. મંત્રો અનેકાનેક છે. ત્ર્યાક્ષરી, પંચદશી વગેરે. **શિષ્ય, ગુરુદેવ, શ્રીમાતાજી અને મંત્ર કશુંય વિભાજિત નથી, બધું પૂર્ણ છે, અખંડ છે, સનાતન છે.** એ વૈશ્વિકચૈતન્ય સાર્વત્રિક છે. એ દ્વારા ભક્તની સીમાઓ હટી જાય છે એ મોક્ષ - સાક્ષાત્કાર- કહેવાય.

**હ્રીં** : આ અમર પવિત્ર બીજ છે. આ તાંત્રિક પ્રણવ છે. હ્રીં બીજ-અક્ષર છે. આ ભુવનેશ્વરી મંત્ર પણ છે. પંચદશીના પ્રત્યેક કૂટ પૂર્ણ થાય ત્યાં હ્રીં -નાદ છે. હ્રીં ઉચ્ચારણ કરવાથી આરાધકનો અવિદ્યાનો આડપડદો

હટી જાય છે અને ભક્તને આત્મા, બ્રહ્મ તથા બ્રહ્માંડના ઐક્યનો અનુભવ થાય છે - દેવકૃપયા પડદો હટી જતાં તેને સત્યદર્શન થાય છે.

**શ્રીયંત્રરાજ :**

પરમ કૃપાળુ મા ભગવતી પરમ સત્ય સમાવિષ્ટ કરી, સર્વે ગણસેવિકાઓ સહિત રેખાઓરૂપે- ભૌમિતિકરૂપે- કમળપાંદડીઓરૂપે, અમર વૈશ્વિક ચૈતન્યરૂપે, દેહસ્વરૂપે મૂલત્રિકોણમાં બિન્દુસર્જનમાં સ્વયં હાજરાહજૂર રહે, એ શ્રીયંત્રરાજ કહેવાય. **શ્રી મહાત્રિપુરસુંદરી એમાં પ્રત્યક્ષ હોઈને, તેમાં સમય અને અવકાશ એકાકાર હોય છે.** તંત્રવિદ્યા મુજબ શ્રીમાતાજીના આ સ્વરૂપ વિષે દશ મહાવિદ્યાઓ દ્વારા સુયોગ્ય તાદૃશ જ્ઞાન આત્મસાત કરીને, ભક્ત શ્રીયંત્રરાજની આરાધના કરતાં 'નરમાંથી નારાયણની' અનુભૂતિ પામે છે. શ્રીયંત્રરાજ અને ભક્ત એમ બે-દ્વય રહેતાં નથી, પણ વૈશ્વિકચૈતન્યમાં, પરબ્રહ્મમાં, શ્રીયંત્રરાજમાં ભક્ત એકરૂપ થાય છે. એટલે ભક્તનું અલગપણું રહેતું નથી. એને અદ્વૈત લાધે છે. સર્વતોમુખી અભ્યુદય થયો કહેવાય. એના એ ભવમાં નવો, અમર, પુનર્જન્મ થયો ગણાય, એટલે કે અવિચળ અમરત્વ પ્રાપ્ત થાય છે.

શ્રીયંત્રરાજની પૂજામાં યાત્રિક તરીકે આરાધક બિન્દુમાંથી ભૂપૂર તરફ આવે છે, અને પરત પ્રવાસ-યાત્રા -પણ કરે છે, સાથોસાથ સળંગ મંત્રગાન પણ અખંડ ચાલુ હોય છે. પૂજામાં નવ આવરણ થાય છે. તેમાં ચોસઠ કરોડ યોગિનીઓની સહાય મળે છે. પંદર દિવસનું પખવાડિયું અને પંદર અક્ષરના મંત્ર દ્વારા પૂજા થાય છે, તેમાં બાલા, મંત્રિણિ, દંડનાથ, બટુકનાથ સળંગ મદદ-રક્ષણ - કરે છે. એટલે **ભવસાગર - સંસારસાગરનો યાત્રિક સાધનાપથ ઉપર જીવનયાત્રા સંપન્ન થતાં - પૂજા સંપન્ન થતાં-સ્વધામમાં શ્રીયંત્રરાજમાં સાધક હરહંમેશ માટે વિરમે છે.**

• • •

# ભક્તિ

લેખાંક : ૮

....✍ : **ડૉ. શ્રી અશોકભાઈ નાયક**

ખરા ભક્તની મૂંઝવણ સાચી છે. પ્રભુની સૃષ્ટિ એ પોતાની જ સૃષ્ટિ છે. પોતાના ઘરે અછૂતની તકરાર હોતી નથી. પ્રભુ મારો ખ્યાલ બરાબર રાખે છે. તેણે જે મોકલ્યું છે-આપ્યું છે-તે સમજીને જ આપ્યું છે આથી તેના પત્રમાં તકરાર નહિ, યાચના નહિ, બળાપો નહિ, તેમ કલા-સાહિત્યનો આડંબર પણ નહિ. તે તો ખૂબ જ સીધો- સરળ- ટૂંકો પ્રેમપત્ર હોય છે. "હું મજામાં છું. તું મારી સાથે છે તેથી સુખી છું. મારી ચિંતા તમે નહિ કરો. આખું જગત તમારા નામે બૂમાબૂમ કરે છે. તમને પક્ષપાતી ઠરાવે છે. પણ એ બધું હું ઠીક કરી દઈશ. તમે નિશ્ચિંત રહેજો."

શું મસ્તી છે ? પ્રભુના દીકરાની ખુમારી જોઈને? પત્ર લખાણ કેટલું નાનું છે ? પણ તેને માટેય માનસિક અને બૌદ્ધિક વિકાસ જરૂરી છે. **માત્ર હાથથી લખેલું ન ચાલે. હૈયાનો આવાજ તેમાં સાથે જોઈએ.** પ્રભુ મારા હૃદયમાં બેઠેલો જ છે. એની સાથે બનાવટ નહિ ચાલે. પ્રભુભક્તિમાં મન તરબોળ થયું હશે તો જ 'હું સુખી છું' એવો અવાજ અંદર ઊઠે અને પત્રરૂપે બહાર પડે.

'પુષ્પમ= પ્રભુ ચરણે ક્યું પુષ્પ ધરવું ? ગુલાબ, ચંપો, ચમેલી, મોગરો ? અરે ! જેણે આખી રાત જાગી ફૂલો ખીલવ્યાં, તેમાં સુગંધ અને રંગ પૂર્યા- તે જ હસતાં ફૂલ છોડ પરથી ઉતારવાની તકલીફ લઈ હું પ્રભુને અર્પણ કર્યાનો સંતોષ લઉં - આ નરી મૂર્ખતા નથી ? જરા વિચારતાં એમ નથી લાગતું કે જે પ્રભુએ પુષ્પમાં પ્રાણ પૂર્યાં, જેને છોડ પર નાચતા જોઈને હું પ્રસન્ન થાઉં છું, એ પ્રભુ આ પુષ્પ દ્વારા મારી જ સેવા કરે છે. ! હું તેનો લાડકો દીકરો છું. મારા સુખને માટે તેણે આ બાગ વિવિધ સુગંધ-પુષ્પોથી ભરી દીધો છે. તો પછી છોડ પર ખીલેલું

પુષ્પ તોડી પ્રભુચરણે ધરવામાં કેવળ ઔપચારિકતા નથી ?

પ્રભુચરણે તો જીવનપુષ્પ ધરવાનું છે - પુષ્પ તો પ્રતીક છે. રાત્રે ખીલીને સવારે ખરી પડતાં - સુવાસ વેરી જતાં પુષ્પોની જેમ આપણું જીવનપુષ્પ પણ રૂપ, રંગ અને સુવાસે મ્હેકતું પ્રભુચરણે ધરવાનું છે. સદ્ગુણોની સુવાસે મ્હેકતું, પ્રભુમય જીવન જોઈ ભગવાનને પણ હરખ થાય કે, 'વાહ રે વાહ બેટા ! ધન્ય છે તને કે આટલી પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ તું શાંતિથી જીવે છે!' આત્મિક પ્રેમના કારણે ભગવાન-ભક્તનું મિલન થાય છે તે ભવ્ય અને દિવ્ય અનુભવ છે. સંતો-ભક્તો-નાં અનુભવો રમણીય હોય છે. 'બ્રહ્મીભુત કાયા હોનેસે કીતને મહાપુરુષોના જીવનો પુષ્પથીય કોમળ હોય છે. वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि । લોકોના દુઃખો જોઈ અંતઃકરણ ભીનું થાય - મીણની જેમ દ્રવીભૂત થાય, જીવનપુષ્પને રંગ લાગે છે ભક્તિનો. ભક્તિનો પાકો રંગ કોઈપણ સમયે ઊડતો નથી. આમ જે જીવનપુષ્પમાં સુગંધ, કોમળતા, રંગ છે તે જ પ્રભુને અર્પણ થાય. ખીલેલું પુષ્પ જ પ્રભુને ચડાવાય છે, કળી નહિ. **જીવનપુષ્પ ખીલેલું, વણકરમાયેલું રાખવું હોય તો સ્વાધ્યાયરૂપી રસાળ પાણીના જીવન પર સતત છાંટણાં જરૂરી છે.**

ખીલેલા જીવનપુષ્પની પ્રથમ પાંદડી છે: अभयं-નિર્ભયતા. નિષ્પાપ માનવ નિડર-નિર્ભય-હોય, પાપી ભીરુબીકણ હોય. નિષ્પાપ જીવન નિર્ભય હોય તેમ પ્રભુના રક્ષણથીય જીવન નિર્ભય બને. મને કોઈ સંભાળે છે, મારું જીવન કોઈ ચલાવે છે, તેની દૃઢ અનુભૂતિ થવી જોઈએ. **જીવનનું રહસ્ય એટલે જ નિર્ભયતા.**

ખીલેલા જીવનપુષ્પની બીજી પાંદડીઓ છે : સત્ય, પવિત્રતા, પ્રામાણિકતા અને પ્રભુ માટે ઘસાઈ છૂટવાની વૃત્તિ. પ્રહ્લાદ, નારદ, પરાશર, પુંડલિક, વ્યાસ, અંબરીષ, શુક, શૌનક, ભીષ્મ વગેરેનાં પુષ્ટ જીવન હતાં, સુગંધિત જીવન હતાં. ખીલેલા જીવનપુષ્પની પાંદડીવાળું જીવન પુષ્ટજીવન કહેવાય. જે પ્રભુને અર્પણ થાય. આથી જ મહાપ્રભુજીએ પુષ્ટિમાર્ગ કહ્યો છે. માનવનું મન-ચિત્ત એકાગ્રથી અને બુદ્ધિ સ્વાધ્યાયથી પુષ્ટ થાય છે. પુષ્ટ-જીવન એટલે સગર્ભ જીવન. સર્વાંગીણ આંતર-બાહ્ય વ્યક્તિત્વ વિકસિત થવું જોઈએ. મહાદેવને ત્રિપત્રી બીલી ચડાવીએ છીએ અર્થાત્ ત્રિદલજીવન પ્રભુને અર્પણ કરવાનું તેમાં સૂચન છે.

જીવનની ત્રણ અવસ્થા છે. : कौमारं यौवनं जरा- આ ત્રણે અવસ્થા જેણે જીવનમાં એક સાથે ખીલવી છે તેવું જીવનપુષ્પ પ્રભુને સૂંઘવું ગમે છે. તે કેવી રીતે ? कौमार અર્થાત્ બાળક બનો. બાળક ચિંતારહિત, ઉદ્વિગ્નતા અને નિરાશારહિત, નિષ્પાપ- નિરાગસ હોય છે. આવું कौमारं અર્થાત્ બાલ્ય ખીલવવું જોઈએ.

यौवन-યુવાન બનો. જુવાની માદક-મોહક-દિવાની છે. અવિવેક, અસ્થિરતા, ચંચળતા, યુવાનીના લક્ષણો છે. તેનાથી મોટા રચનાત્મક કાર્ય કરો. યુવાન પાસે ઉત્કટતા, તાદાત્મ્ય થવાની શક્તિ છે. જીવનમાં યુવાની ખીલવો.

जरा ઘડપણ ખીલવો, વૃદ્ધાવસ્થામાં કૃતકૃત્યતા અને સ્મૃતિનો આનંદ હોય છે. તેમાં બુદ્ધિની પરિપક્વતા અને અનુભવોનો નિચોડ હોય છે. આમ ત્રણે અવસ્થા ખીલવેલ જીવન પ્રભુને અર્પણ થાય.

આ ઉપરાંત ગુણપ્રકાશ, ભાવપ્રકાશ, પ્રેમપ્રકાશ અને જ્ઞાનપ્રકાશવાળું, ચૈતન્ય જાગૃત થયેલ જીવનપુષ્પ પ્રભુ સ્વીકારે.

ઉપર જણાવેલ વિભિન્ન પાંખડીઓવાળું તમારું જીવનપુષ્પ પ્રભુને ચરણે તો ધરો જ, સાથે અન્યનાં જીવનપુષ્પ ખીલવી પ્રભુચરણે પહોંચાડો તે અર્ચનમ્.

फलम्: - ફળ એટલે કેરી, કેળું, સંતરાં, મોસંબી નહિ. **તમારાં કર્મનાં ફળ પ્રભુને ચરણે ધરો. આ શ્રેષ્ઠ અર્પણ છે.** તેમાં અહંકાર હોતો નથી. ગીતાકાર શ્રીકૃષ્ણે કહ્યું છે -

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरूष्व मदर्पणम् ॥
ब्रह्मार्पणं ब्रह्म हविः ब्रह्माग्नौ ब्रह्मणः हुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्मसमाधिना ॥

तोयम् - રસમય જીવન પ્રભુને ચરણે અર્પણ કરો. જ્યારે અદમ્ય શક્તિવાળી, નાચતી-કૂદતી યુવાની ધમધમતી હોય ત્યારે થોડો સમય-શક્તિ-પ્રભુકાર્ય માટે વાપરો. જીવનથી કંટાળ્યા બાદ, જીવનમાંથી રસ-કસ વહી ગયા બાદ, પ્રભુકાર્ય તરફ વળો કે ભક્તિ કરવા માંડો એ પ્રભુને સ્વીકાર્ય નથી. **વસુકી ગયેલી ગાયો દાનમાં આપવી એ જેમ દાનની મશ્કરી છે તેમ સુકાયેલું નિષ્પ્રભ નિઃસત્ત્વ જીવન પ્રભુને અર્પણ કરવું તે પ્રભુની નરી મશ્કરી જ છે. રસમય જીવનપુષ્પથી થતાં પૂજનની પ્રભુ વાટ જોતો તત્પરતાપૂર્વક બેઠો છે.**

જીવનપુષ્પ પ્રભુને ચરણે ધરવા જેવી અન્ય કોઈ શ્રેષ્ઠ ભક્તિ જ નથી. નરબલિ આપવો એટલે મસ્તક પ્રભુને ચરણે ધરવું, તે જીવનપુષ્પ સમર્પણ કરવાની ભક્તિ નથી પણ જગતમાં વિખૂટાં પડેલા જીવને પ્રભુ પાસે લઈ જવો એ જ ભક્તિ છે.

ટૂંકમાં તનુપૂજાથી ચિત્ત પ્રભુમાં એકાગ્ર કરવું. ગીતાકારના કહ્યા પ્રમાણે पत्रं पुष्पं फलं तोयम् થી પ્રભુનું પૂજન કરવું, જગતનાં જીવોના મસ્તકો પ્રભુચરણે નમાવવા, તેમને પ્રભુઅભિમુખ કરવા એ જ અર્ચન-ભક્તિ.

અર્ચનભક્તિ યોગ્ય અર્થમાં અનુભવતાં વંદનભક્તિ સહજ બને છે.

**(૬) વંદનભક્તિ :**

વંદન એટલે નમસ્કાર. આગળ અર્ચન ભક્તિનું સોપાન વટાવ્યા પછીનું છે વંદન સોપાન. નમસ્કાર તો આપણે નાનપણથી કરતાં આવ્યા છીએ, પણ તે વંદન ભક્તિના નહિ. નમસ્કારના ય અનેક પ્રકાર છે.

(૧) **વ્યવહારજન્ય :** એકબીજાને મળીએ ત્યારે કરેલા નમસ્કાર પરસ્પરની સ્મૃતિ અથવા શિષ્ટાચારના સૂચકરૂપ છે. જેમ નાના બાળકોના નમસ્કાર સમજણ, નમ્રતા કે ભાવનારહિત માત્ર કૃતિસમ હોય છે. તેવા જ વ્યવહારુ નમસ્કાર હોય છે. તેને વંદન ન કહેવાય.

(૨) **કંટાળાજન્ય :** હવે બસ થયું, બંધ કરો ! એમ કહી જોરથી બે હાથ જોડીએ તે કંટાળાજન્ય નમસ્કાર છે.

(૩) **સ્વાર્થયુક્ત :** ફંડફાળો ઉઘરાવવા જતાં અથવા નોકરી મેળવવા જતાં કરેલા નમસ્કાર સ્વાર્થપૂર્તિ અર્થે છે. આ નમન-વંદન નથી.

કેટલાક પ્રભુને નમસ્કાર કરી કહે, "મારું કહેલું સાંભળ અને તે પ્રમાણે મને આપતો જા." આવા નમસ્કારની કિંમત નથી. **વંદનમાં માંગણી યાચનાને સ્થાન નથી. તેમાં સામેથી આપણે કંઈક આપવાનું હોય છે.**

ભોળા ભક્તો પ્રભુને શરતી નમસ્કાર કરે, 'તું મારી અમુક ઈચ્છા પાર પાડીશ તો તને હું અમુક અર્પણ કરીશ.' આ માનતા બાધા કહેવાય, વંદન નહિ પણ પ્રભુ સાથે કરેલ સોદો કહેવાય. માનવજીવનનું કલ્યાણ શામાં છે તેની તો તેને ખબર નથી છતાં માંગ માંગ કર્યા જ કરે. પ્રભુ કંટાળીને આપે અને અકલ્યાણ કે અશુભ થાય તો પ્રભુનો વાંક કાઢે ? છે ને તાલ ! તેથી જ આ ખરું વંદન નથી.

(૪) **આદર્શયુક્ત :** બીજાની બુદ્ધિમત્તા, અદમ્ય કર્તૃત્વશક્તિ કે અપ્રતિમ જ્ઞાન જોઈ તેનાથી પ્રભાવિત થઈ નમસ્કાર કરે તેને આદરયુક્ત નમસ્કાર કહેવાય.

(૫) **ભાવયુક્ત :** તારા ચરણે સર્વસ્વ અર્પણ કરું. વિશ્વની સમગ્ર સંપત્તિ તારા ચરણે ધરી દઉં. અરે, હૃદયનો ટુકડો આપતા ય ન અચકાઉં, એવી ન્યોછાવર ભાવનાથી જે નમસ્કાર થાય છે તે ભાવપ્રેમના નમસ્કાર કહી શકાય.

હવે આપણે વિચારવું રહ્યું કે આપણે પ્રભુને ક્યા ભાવથી નમસ્કાર કરીએ છીએ ? પ્રભુને શું તમે આદરથી નમસ્કાર કરો છો ? તેની કળા એવી અપાર છે કે તેને તમે ક્યા શબ્દે વખાણવાના ?

*પ્રભુની લીલા, કરુણા, પ્રેમ જોઈને સહજ નમન થવું જોઈએ. પ્રભુને પૂર્ણતઃ સમજવા કઠીન છે. છતાં અંશતઃ સમજી સહજ નમસ્કાર થઈ જાય તે શ્રેષ્ઠ વાત છે.* દિવસમાં એકાદ વખતે પણ સમુદ્ર, ગગન, નિસર્ગના રંગો, સૂર્યોદય, સૂર્યાસ્ત વગેરે નિહાળી પ્રભુની મહાનતા અનુભવી હરખ થાય તો વંદન સાર્થક થાય.

પ્રભુને વંદન કરવું એટલે પ્રભુને ગમે તેવું જીવન જીવવું. પ્રભુ જે પરિસ્થિતિ મોકલે તેનો સહર્ષ સ્વીકાર કરવો. પ્રભુ જ જીવનમાં સર્વસ્વ જણાય, તું ગુરુ છે, હું લઘુ છું. જેને નમસ્કાર કરું છું તે સર્વશ્રેષ્ઠ છે. આ ભાવ હોય તો જ સાચા અર્થમાં નમસ્કાર કર્યા ગણાય. એવું વંદન જીવનમાં એકજ વાર થાય છે. ભક્તિમાં આ વંદન મહત્ત્વનું છે.

**સામાન્યતઃ જે વસ્તુ પર તુલસીદળ મૂકીએ તે પ્રભુની ગણાય, તેમ ગળામાં તુલસીની કંઠી પહેરીએ એટલે આ શરીર પ્રભુનું ગણાય.** તેથી તેનો ઉપયોગ માત્ર પ્રભુકાર્ય માટે જ થાય. સવારે ઊઠતાં જ 'જય શ્રીકૃષ્ણ' કહીએ છીએ તેનો અર્થ છે કે જય શ્રીકૃષ્ણનો મારો નહિ; આ નમ્ર ભાવ છે.

વંદનમાં આત્મસમર્પણ છે. જે આત્માર્પણ કરે છે તેને માટે સમગ્ર સૃષ્ટિ વિત્તપૂર્ણ હોય છે. तस्येयं सर्वा पृथिवा चित्तेन पूर्णाम्यात् । એમ ઉપનિષદ કહે છે. **જ્યારે સ્ત્રી પતિને સર્વસ્વ સમર્પણ કરે છે ત્યારે જ પતિનું સર્વસ્વ પ્રાપ્ત કરી લે છે તેવું જ પ્રભુ સાથેનું છે.**

ભક્ત પોતાના ભાવમાં દૃઢ હોય છે. મેં જેને સ્વીકાર્યો છે તે મારો ધણી (પ્રભુ) સર્વશ્રેષ્ઠ છે, એવો એમનો દૃઢભાવ હોવાથી જ ભક્તો પ્રભુને ગમે ત્યારે, ગમે ત્યાં, સહજ ભાવે આર્દ્ર અંતઃકરણથી નમસ્કાર કરે છે. જેના ઉપર સર્વસ્વ ન્યોછાવર કરવાનું મન થાય, જેની પાસે વિશ્વનું ઐશ્વર્ય તુચ્છ લાગે, તેની ઉપર અંતઃકરણની સાચી ભક્તિ છે એમ સમજવું. જ્યારે મન ભગવાન તરફ વિશુદ્ધ ભક્તિભાવે વળે, ત્યારે તમારી શક્તિ ભગવત્‌કાર્ય પાછળ લગાડી દો, સાચા ભક્ત થવાનો આ જ એક રસ્તો છે.

જ્યાં આદર હોય ત્યાં મન આપતું નથી, ખોલાતું નથી. પ્રેમમાં જ તે શક્ય બને છે. **અપેક્ષારહિત પ્રેમ એ જ સાચી ભક્તિ છે.** અપેક્ષારહિત પ્રેમ પ્રભુ ઉપર કે ગુરુ તરફ હોય છે. એવા નિરપેક્ષ ભાવથી થયેલું વંદન ખરું વંદન છે.

**વંદન એટલે અહંકાર છોડવો, પ્રભુકાર્યમાં સક્રિય બનવું.** વેદોના સિદ્ધાંતો જીવનમાં પચાવવા પ્રભુ કાર્યાર્થે સર્વસ્વ અર્પણ કરવું. અર્જુને શ્રીકૃષ્ણને કરેલું નમસ્કાર વંદન કહી શકાય. અર્જુને અગતિકતાથી કહ્યું નહોતું કે, करिष्ये वचनं तव । પણ સંપૂર્ણ સમજણથી - नष्टो मोहः स्मृतिर्लब्धा થવાથી નમસ્કાર કર્યા હતા. શ્રીકૃષ્ણે કહ્યું તેમ જ અર્જુને કર્યું છે. દા.ત. કુરુક્ષેત્રના મેદાનમાં શિખંડીને વચમાં રાખીને તે લડયો. શ્રીકૃષ્ણ કહેશે તેમ કરશે. રાખશે તેમ રહેશે. લેશમાત્ર અવિશ્વાસને જ્યાં સ્થાન નથી તે નમસ્કાર વંદન કહેવાય. ઉપનિષદો, વેદો આ વંદન વાંછે છે. અર્જુનને એવું વંદન કર્યું હોવાથી તે શ્રેષ્ઠ વંદન છે.

વંદનના છઠ્ઠા ભક્તિ સોપાન સાથે દાસ્યભક્તિનું સાતમું સોપાન પણ આવશ્યક છે. (-ક્રમશઃ)

★ ★ ★

## ગુલમહોર....

....✍ : શ્રી મયંકભાઈ શુકલ

મને એક મિત્રે પુછ્યું તને કઈ ઋતુ વધુ પ્રિય છે.

મેં કહ્યું ઉનાળો.

તેને આશ્ચર્ય થયું, કહે ઉનાળામાં તો તાપ પડે તડકો લાગે ઉકળાટ થાય અને તને એવી ઉનાળાની ઋતુ ગમે !

મેં કહ્યું હાસ્તો ગુલમહોર તો ઉનાળામાં જ ખીલે ને !

: વિશેષમ્ :

રામ અને કૃષ્ણ પણ ધરતી પર આવીને સમાજને સુધારી નથી શક્યા તો તું શું સમાજને સુધારી શકીશ.

તારી જાતને સુધાર, સમાજ આપો આપ સુધરી જશે.

પ.પૂ. ડોંગરેજી મહારાજ

★ સદ્‌ગુરૂદેવની કરુણાદ્ર આંખલડીએ
સમગ્ર જીવનની કલ્મષતા નીતારી લીધી.

★ જેને જે કહેવું હોય તે કહેશે
મારા પ્રાણ તો સદ્‌ગુરુચરણે રહેશે.

★ ચંદ્ર સૂરજની આંખે અને પાંખે,
પહોંચવું છે મારે સદ્‌ગુરૂદેવશ્રીના ચરણમાં;
ઓ જીવનપ્રાણ, ઉડાડ આ પંખીને
કડી-આનંદધામ, જ્યાં વસે સદ્‌ગુરુદેવ મહાન.

- જાની હળવદી

• • •

## શ્રીમાં રમામ્બા....

લેખાંક : ૫

....✍ : શ્રી પ્રહ્‌લાદભાઈ એમ. નાયક

जितात्मनः प्रशान्तस्य परमात्मा समाहिताः ।
शीतोष्णसुखदुःखेषु तथा मानापमानयो ॥

(भ. गीता. ६/७)

શીત-ઉષ્ણ અને સુઃખ-દુઃખ વગેરે દ્વન્દ્વોમાં તથા માન-અપમાનમાં જિતેન્દ્રિય, (અને) પૂર્ણ શાન્ત ચિત્તવાળા પુરુષ(ઉપાસક)ને પરમાત્મા સમાહિત થાય છે (સારી રીતે પ્રાપ્ત થાય છે.).

### (૩) અનંતતાને ઊંબરે :

અહંકારને ત્યજી દઈને ઈશ્વરની સર્વવ્યાપકતા અને તેમના અસ્તિત્ત્વની નિર્ગુણતા તથા નિરાકારીતામાં પોતાની આસ્થા(શ્રદ્ધા)ને દઢ કરી લેવી તે મનુષ્યને માટે મુક્તિ છે, અને તે જ ઈશ્વરનું પ્રેમ-બંધન છે. **ઈશ્વરનો પોતાની સૃષ્ટિ સાથેનો ચિરંતન સંબંધ પ્રેમ વડે જ જોડાયેલો છે.** જ્યારે મનુષ્ય એ બાબત સમજી જાય છે કે તે (પોતે) સર્વશક્તિમાન પરમેશ્વરનું બાળક છે અને તેમના (ઈશ્વરના) હાથનું એક ઉપકરણ (સાધન) માત્ર છે એ સમયે તે મુક્ત (સ્વરૂપ) બની જાય છે અને પોતાને સ્વતંત્ર રીતે/રૂપે ઓળખતો થઈ જાય છેં. સાથે સાથે પોતાની પ્રકૃતિના મૂળતત્ત્વને તે (પોતે) તે જ (પરમેશ્વર) છે જે તેમનો પિતા છે એમ ઓળખે છે. આવા બાળકો (ઉપાસકો) જે ઈશ્વરના અનન્ય ભક્ત છે, જે ઈશ્વરની દયાળુતા ઉપર પૂર્ણ રીતે નિર્ભર (આધારિત) અને વિશ્વાસુ છે તે ક્ષણે-ક્ષણ ઉઠતાં-બેસતાં, જાગતાં - સૂતાં, ચાલતાં-ફરતાં, તથા જગતના અન્ય વ્યવહારો કરતાં કરતાં, પણ ઈશ્વરીય ચેતનાની સાથે ઓતપ્રોત રીતે

જોડાયેલાં રહે છે તેમને ભગવાનની તરફથી એ કાયમી વચન (આશ્વાસન) આપવામાં આવ્યું છે કે - 'योग-क्षेमं वहाम्यहम्' તેમની ક્ષેમકુશળતા સર્વાત્મભાવથી સમર્પિત એવા પોતાના ભક્તોને આપે છે, આ જ છે ઈશ્વરની સાથે ભક્તના આત્માનો આનંદદાયક મેળાપ.

ઈશ્વરની ઉપાસનાની વિધિ ઘણી સરળ છે અને તે એ કે ત્યાગપૂર્ણ કર્મ કરવું. **આત્મસંયમપૂર્વક કરાયેલું પ્રત્યેક કાર્ય એ ત્યાગ છે જેનાથી ઈશ્વર પ્રસન્ન થાય છે.** પોતાની જાતને ઈશ્વરની નિર્ગુણ સત્તામાં વિલીન કરી દેવી એ મનુષ્યનો મોટામાં મોટો ત્યાગ છે. હું અને મારું કશું જ નહિ, બધું જ ઈશ્વરનું. *જ્યારે ઈશ્વરની ત્યાગ-ભાવનાનો તો કોઈ અંત જ નથી. કેમકે તે (પરમાત્મા) જો કે શાશ્વતરૂપે પૂર્ણ અને સ્વતંત્ર (સત્તા) છે તો પણ સ્વેચ્છાએ કરીને મનુષ્ય ઉપર દયાર્દ્ર (કૃપાળુ) બનીને જાતિ, સ્થળ અને સમયના બંધન વગર દેહ ધારણ કરે (માનવરૂપે અવતરણ કરે)છે.* ઈશ્વર પોતાના અવતારી રૂપમાં મનુષ્યની જેમ જ સુખ-દુ:ખ ભોગવે છે તેમ છતાં પોતાના (ઈશ્વર તરીકે)ના આત્મભાન પ્રત્યે સતત જાગૃત રહે છે. આ જ તેમના ત્યાગનું ગૌરવ છે. મનુષ્ય તો પોતાની અજ્ઞાનતાને કારણે દુ:ખી થાય છે, પરંતુ **ઈશ્વરીય અવતાર પોતાના ભક્ત માટે વિવેક અને દયાને ખાતર જાણી જોઈને પોતાની જાતને કષ્ટ ભોગવાવે છે.** આવા મહાન ત્યાગ દ્વારા ઈશ્વરનું અહંશૂન્ય જીવન, જે સત્યમાં સ્થપાયેલું છે એને ધર્મમાં પ્રતિસ્થાપિત કરે છે એ કેવું વિશેષમાન ઉપજાવનાર છે !

ઈશ્વર એ સમગ્ર સૃષ્ટિની કાયમી કરૂણામયી માતા છે, જે પોતાના બન્ને હાથો ફેલાવીને, અસીમ ધૈર્ય સાથે, તેનાથી વિખૂટા પડેલા બાળકો (જીવાત્માઓ / ભક્તો)ને આલિંગન આપવા (પોતાના હૃદય સાથે આબધ્ધ કરવા) વાટ જોઈ રહી છે. સામે પક્ષે પોતાની દિવ્યમાતાના દર્શનને માટે આતુર સાધક/ઉપાસક પોતાનું એક ડગ માતા તરફ ભરે છે ત્યારે પોતાના બાળકને હંમેશને માટે ગોદમાં લેવા અને શાશ્વત આનંદ આપવા માટે દિવ્યમાતા ખરેખર દોડતી આવે છે.

વિશ્વમાં દિવ્યમાતા જેવું કોણ કૃપાળુ હશે જે પોતાના બાળકોનું આટલું ધ્યાન રાખે ? તેની ખબર-અંતર લે, તેના ઉપર સ્નેહ અને અનુગ્રહની વર્ષા કરે, સાથે સાથે સંસારબંધનરૂપી કારાવાસથી મુક્ત કરાવી પોતાની દિવ્યશાંતિનું દાન કરે અને મુક્તિ તથા પૂર્ણતાના પંથે લઈ જાય !

સત્ય અને મિથ્યામાં નિરંતર જાગૃત રહીને પૂર્ણત્ત્વની પ્રાપ્તિ માટે તમારી આકાંક્ષાને વધુ તીવ્ર બનાવો. પ્રાર્થના અને ધગશથી તમારા નિશ્ચય (સંકલ્પ) ને શુધ્ધ અને દૃઢ બનાવો. સાવધાનીની સાથે ચોકસાઈ કરતાં કરતાં આત્મચક્ષુ (જ્ઞાન) દ્વારા એ સઘળી મનોવૃત્તિઓ અને બાબતોથી તમારો પીછો છોડાવો જે અદિવ્ય અને તમારી પ્રગતિમાં વિઘ્નરૂપ હોય. **ઈશ્વરની સર્વશક્તિમત્તા, સર્વજ્ઞતા અને પૂર્ણતાનું ચિંતન કરતાં કરતાં તમારી મનોદશાને પૂર્ણ રીતે સમર્પિત કરી દો.** પોતાને એક નિર્દોષ બાળક સમાન સમજો અને માતેશ્વરી પાસે અનન્ય શરણાગતિથી તથા તેમના અનુભવાતીત મહિમાની ઝાંખી પ્રાપ્ત કરવાની તીવ્ર ઉત્કંઠાની ભાવના નિર્માણ કરો. તમારા અંતરતલ (અનંત ઊંડાણ)માં સાચી તડપન હોવી જોઈએ. આ તડપ એવી કે જે તમને દૈહિક સુખોથી વિરક્ત (દૂર) રાખે. એ તડપન દ્વારા પૂર્ણત્ત્વ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી આગળ વધો. **ઈશ્વર દર્શનની ક્યારેય ન છીપાય તેવી તૃષા ધર્મનો મૂળ સ્રોત છે. આધ્યાત્મિકતાના શ્રી ગણેશ**

**અને અજ્ઞાત ઈશ્વરની મહાન શોધનો પ્રારંભ અહીંથી થાય છે.** જ્યારે તીવ્ર ઇચ્છાની સાથે સમપર્ણભાવ આવી મળે છે ત્યારે જીવનને સર્વોચ્ચતા પ્રાપ્ત થાય છે એટલે કે પરબ્રહ્મનો સાક્ષાત્કાર થાય છે.

અંતઃપ્રેરણાથી સત્ય દર્શનના માર્ગમાં સંવેદનશીલ મન અને અહંભાવ વિઘ્નરૂપ બને છે. આત્મદર્શન માટે તમારે મનની અહંભાવિતામાંથી મુક્ત થઈ જવું પડે, કારણ કે **આત્માને આત્મા દ્વારા જ જોઈ શકાય અહંભાવથી નહિ.** અજ્ઞાનના સ્તરે કરેલા બધા પ્રયત્નોમાં તેના કર્તા તરીકે પ્રધાન સ્વરૂપે અહંકાર જ રહેલો છે. તેથી અહંકારી જાતે તેનો (અહંકાર)નો વિચ્છેદ કેવી રીતે કરી શકે ? અને તેથી તે કેવી રીતે ઈન્દ્રિયાતીત એવા ઈશ્વરની અનુભૂતિ કરી શકે ? અહીં ઈશ્વરીય અનુગ્રહની સર્વોપરિતાની વાત આવે છે. **ઈશ્વરીય અનુગ્રહ હોય તો માનવી આત્માનો આ પાર્થિવ (ભૌતિક) અસ્તિત્વથી ઉધ્ધાર થઈ જાય છે.** *જ્યારે માણસની ચેતના ઉપર ઈશ્વરના અનુગ્રહનું માત્ર એક કિરણ પડે છે ત્યારે તેની સીમિતતાનું અને અપૂર્ણતાનું અતિક્રમણ થઈ જાય છે અને પરબ્રહ્મ પરમાત્માની સાથે એકતાની અનુભૂતિ થવા લાગે છે.* અને ત્યારે જ તેને (જીવાત્માને) સાચી ખબર પડે છે કે તે પોતે તો શાશ્વતરૂપે મુક્ત જ છે, તેની ચેતના તો સદાયની અને તેનું અસ્તિત્વ અસીમ છે. સંસાર અને જન્મ-મરણના બંધનમાં બંધાઈ રહેવું તથા આ બંધનમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો એ સ્વપ્ન સમાન બની રહે છે. (ક્રમશઃ)

• • •

**ખોબો ભરીને અમે એટલું હસ્યા કે,**
**કૂવો ભરીને અમે રોઈ પડયા.**

**- જગદીશ જોષી**

## સાધન-સમર અર્થાત્ દેવી માહાત્મ્ય

લેખાંક : ૧૮

**ભાવાનુવાદ : પ્રો. શ્રી ધીરેન ઉપાધ્યાય**
**સહાયક : શ્રી ચંદ્રકાન્ત જાની**

**धरी चूनरी, सप्तरंगी विचित्रा**
**निशानाथ-तिथि-अष्टमी भालचित्रा ।**
**प्रभा नासिका-रत्न तारा लजानी**
**परब्रह्म रूपां भवानीं भजामी ॥ ३ ॥**
**(भवानी शतक-३)**

શ્રી દુર્ગાસપ્તશતીનો પ્રથમ અધ્યાય શરૂ થાય તે વખતે પ્રસ્તાવનારૂપ એવી વિગત આવે છે કે મેધા ઋષિ રાજા સુરથ અને વૈશ્ય સમાધિને શ્રી ભગવતીમાતા ચંડિકાનો મહિમા વર્ણવતા મધુ-કૈટભ દૈત્યના વધનો પ્રસંગ સમજાવે છે. આ કથાપ્રસંગ શ્રીમદ્દેવીભાગવતના સ્કંધ પાંચમાના અધ્યાય ૩૨માં તથા માર્કંડેય-બ્રહ્મપુરાણની વૈવસ્વત/સાવર્ણિક મન્વત્તરની કથામાં પણ આવે છે. પ્રથમ અધ્યાય શરૂ થતાં પહેલાં તેનો વિનિયોગ, શ્રી માતાનું ધ્યાન અને પછી માર્કંડેય ઋષિ દ્વારા પ્રસંગોચિત કથન આવે છે.

ધર્મશાસ્ત્રોમાં સામાન્ય સ્તરના જનસમાજને ધ્યાનમાં રાખીને પ્રસંગો અને પાત્રોનું નિરૂપણ કરેલ હોય છે. પરંતુ ઉપાસક સાધનામાં આગળ વધે છે ત્યારે પ્રતીકાત્મક આવા પ્રસંગો અને પાત્રોના રહસ્યને આંબવા ઝંખે છે અને **શ્રીમાતા કૃપાળુ હોવાથી સહજ સહજમાં રહસ્યોને સમજાવી પણ દે છે. શ્રી ગુરુકૃપા વગર આ શક્ય નથી.** ઈષ્ટની પ્રાપ્તિ કરવા ઉપાસકને માટે ઈશ્વરરચિત આ માયાવી સંસાર દરેક પ્રકારના અનુભવો આપી સદ્‌માર્ગે વાળવાનો શિક્ષણવર્ગ હોય તેમ જણાય છે.

ઘણા જન્મો લીધે પણ ન સમજાય, તેમજ વેદો, શાસ્ત્રો તથા પુરાણોના માર્ગે અનુભવથી વિચરતાં જીવાત્માને ઘણો સમય વ્યતિત થઈ જાય, તેવા પરમસ્થાનને પામવાના માર્ગને આ ચંડીપાઠનું વિવેચન

કરનાર મહાન ઋષિઓએ તેને ત્રણ ચરિત્રમાં બ્રહ્મગ્રંથિભેદ (મધુકૈટભવધ), વિષ્ણુગ્રંથિભેદ (મહિસાસુર વધ), અને રુદ્રગ્રંથિભેદ (શુંભ-નિશુંભ વધ) દ્વારા સમજાવેલ છે. આ શરૂઆત કરતાં પહેલાં દેવી અથર્વશીર્ષ, કવચ, કીલક અને અર્ગલાના રહસ્યો આપણે આ પહેલાના લેખાંકોમાં સિંહાવલોકન કરી ગયા છીએ.

રાજા સુરથ = રથ રૂપી મન. (સુ = સારી રીતે જ્ઞાનયુક્ત જેનું મન છે તે.) મંત્રીઓ દ્વારા = ઈન્દ્રિયો દ્વારા. પોતાનું નગર = દેહનું ભરણપોષણરૂપ ક્રિયા કરવી તે. આ સુરથ રાજાને અતિરેક થવાથી અનેક શત્રુઓ (કામ, ક્રોધ, મદ, મોહ, લોભ ઈત્યાદિ) પ્રબળ બન્યા. અને તેનામાં વ્યાપ્ત થયા એટલે રાજા દુર્બળ બની તેનાથી જીતાઈ ગયો, હારી ગયો. આમ થતાં પોતે (રાજાએ) જ્ઞાનયુક્ત વિચાર કરી શકતો નથી એટલે મેઘસ ઋષિ (જ્ઞાનરૂપી ગુરુદેવ) નું શરણું લીધું.

સુરથ રાજા પ્રવૃત્તિશીલ હોવાથી તેનામાં તામસ-રાજસ સ્વરૂપ જીવદશા રૂપે રહેલ છે. આવી જીવદશાવાળા બીજા દેહી સમાધિ નામનો વૈશ્ય (સમાધિ = નિવૃત્તિરૂપે વહેવાર કરવાવાળો જીવાત્મા) સત્‌ચિત્ત યુક્ત છે. સમાધિ નામનો વૈશ્ય જે પુત્ર-પુત્રાદી રૂપી ઈન્દ્રિઓ તથા દારા (પત્ની) રૂપી વૃત્તિઓને આનંદ મેળવવાનું સ્થાન કામ, ક્રોધ, લોભાદિથી ત્યજાયેલો હોવાથી તેને સમાજથી જુદા રહેવાપણું થયું. એવો આ વૈશ્ય જેની સત્-ચિત્તરૂપી-નીવૃત્તિની-અવસ્થાવાળો જીવાત્મા, ઈન્દ્રિયો અને વૃત્તિઓથી ઉપરામતા પામેલો, વ્યાકુળતાથી વિચારતો તેવો તે એકાંતવાસમાં જ્ઞાનરૂપી (મેધા) ઋષિના આશ્રમમાં જ્યાં ચારેય આશ્રમ (બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ)માં રહેવાની કક્ષાના મનુષ્યોવાળું છે તેવા આશ્રમમાં અનુભવ લેવા આવી પહોંચ્યો.

રાજા સુરથ જ્ઞાની ઋષિને પ્રશ્ન કરે છે - "ઈન્દ્રિયરૂપી વ્યવહારનો અતિરેક થવાથી કામ, ક્રોધાદિથી હું હારી ગયો છું અને મારું મન શુદ્ધતાને પામી શકતું નથી. જ્ઞાન હોવા છતાં દુઃખી છું." તેવી જ રીતે સમાધિ વૈશ્ય પણ જણાવે છે - 'હું ત્યાગી છું, ઈન્દ્રિયો તથા વૃત્તિઓથી છૂટો પડી ગયો છું. અહમ્‌ભાવનું જ્ઞાન હોવા છતાં દુઃખી છું તે સમજાતું નથી ! એમ રાજા અને વૈશ્ય મેધસ મુનીને પ્રશ્ન કરે છે.

જ્ઞાનીઋષિ કહે છે 'આ હરીની યોગમાયાનો પ્રભાવ છે.' યોગ = જોડનાર, માયા = કુશળતા - પ્રપંચ. જેમાં આહાર, નિદ્રા, ભય આદિ પ્રવૃત્તિથી તથા તેનાથી ઉપજતાં કામ, ક્રોધ, લોભ મોહાદિથી થતા ક્ષણિક આનંદને આપનાર અને સ્થૂળ જગતના વિધવિધ પ્રકારના મોહને ઉપજાવનાર એ યોગ + માયા = યોગમાયા છે. જેઓ પ્રકૃતિરૂપે રહી અપ્રટ સ્થિતિમાં દરેક જીવો સાથે સંબંધિત છે. તેનું સ્થાન શરીરમાં મણિપુર ચક્રમાં છે. જીવાત્માની માયા-યુક્ત સુષુપ્તિ અવસ્થા હોઈ મણિપુર ચક્રમાં શયન કરેલ છે. નાભિબિંદુમાં યોગાભ્યાસ કરવાથી જ્ઞાનની શરૂઆત થાય છે. બ્રહ્મા વિષ્ણુના નાભિકાળમાંથી ઉત્પન્ન થયા છે. બ્રહ્મા એટલે જ્ઞાન - નાદ જ્યાંથી ઉત્પન્ન થયો તે સ્થાન. તે જ્ઞાન વિચારવા લાગ્યું કે સુષુપ્તિ અવસ્થામાં થતા ઈચ્છા-દ્વેષરૂપી (મધુ અને કૈટભ વડે સુખ દુઃખ અનુભવાય છે.

હવે જે ચૈતન્ય શક્તિ જે સુષુપ્ત અવસ્થામાં છે તેને જાગૃત કરવા જ્ઞાનથી સ્તુતિ કરવા માંડી એટલે યોગાભ્યાસ શરૂ કરવારૂપ કર્મથી જ્ઞાન પ્રાપ્ત થયું, અને સત્યને સત્ય વસ્તુમાં સમજાવા માંડયું. રાજા અને વૈશ્ય બન્નેને સત્ય સ્વરૂપ સમજાવાથી સુષુપ્તિમાંથી જાગૃત અવસ્થામાં આવ્યા અને પરાશક્તિનો સ્પર્શ મેળવી શુદ્ધચિત્ત થઈ આનંદસ્વરૂપમાં આવ્યા અને સુખ-દુઃખ, માન-અપમાન, જય-પરાજય તથા મમતા રૂપી અહમ્‌ભાવનો એટલે ઈચ્છા-દ્વેષ, (મધુ-કૈટભ)નો નાશ કરી શુદ્ધાનંદને મેળવવા લાગ્યા. આટલું કરવામાં તેમને ૫૦૦૦ વર્ષ લાગ્યા.

પગથી કમર સુધીનો ભાગ જે હલનચલનની ક્રિયામાં મુખ્ય આધારરૂપ છે તે કામ, ક્રોધ, લોભ, મોહાદિ ઈચ્છાઓ વડે માયિક બંધનમાં નાખનાર છે. સદ્‌ગુરુ પ્રતાપે પ્રથમ ચરિત્ર (પ્રથમ અવસ્થા)માં મુમુક્ષુ ઉપર કૃપા થતાં તે ઈશ્વર તરફ અભિમુખ થાય છે. આ ઈચ્છાશક્તિ જેમને મહાલક્ષ્મી સ્વરૂપે વર્ણવ્યા છે તેવા ભગવતી આદ્યાને વારંવાર નમસ્કાર છે.

દેવી મહાત્મ્યના આ પ્રથમ ચરિત્ર (મધુકૈટભ-વધ)ના ઋષિ બ્રહ્મા છે. તેમનું પ્રથમ કાર્ય પંચમહાભૂતથી તૈયાર થયેલ જગતને ક્રમ સહ વિચ્છિન્ન કરી મૂળતત્વોમાં જોડી દેનાર મહાકાળી દેવતા છે. ક્લીં-બીજ શ્રીમા કાલીનું સ્વરૂપ છે. આ **મહાકાલી માતાનું દશ્ય સ્વરૂપ એટલે પંચમહાભૂતાત્મક જગત.** આ પાંચેય ભૂતો (તત્ત્વો) ને અલગ અલગ સ્વરૂપે મૂળ તત્ત્વમાં મેળવી દેવાની ક્રિયા કરનારી શક્તિ જે પ્રથમરૂપે છે તે શિવા સ્વરૂપે કલ્યાણ કરનારાં છે.

**ક્લીં (બીજ)**

**મહાકાળી સ્વરૂપ**

| | | | |
|---|---|---|---|
| (શક્તિ) | શૈલપૂત્રી | બ્રહ્મચારિણી | ચંદ્રઘંટા |
| (તત્ત્વ) | તામસ-તામસ | તામસ-રાજસ | તામસ-સાત્વિક |
| (ચક્ર) | મૂળાધાર | સ્વાધિષ્ઠાન | મણીપુર |
| (યોગક્રિયાની શક્તિ) | ડાકીની | રાકીની | લાકીની |

નવદુર્ગા માતાના પ્રથમ ત્રણ નામો (શૈલપૂત્રી-બ્રહ્મચારિણી અને ચંદ્રઘંટા) પ્રકૃતિ, યોગક્રિયાના ચક્રો તથા યોગક્રિયાની શક્તિઓ, શરીરની અંદર રહેલા ઉપરોક્ત કોષ્ટકમાં બતાવેલ ત્રણ ચક્રો (મૂળાધાર-સ્વાધિષ્ઠાન અને મણીપુર) જે તામસ પ્રકૃતિને વધારનાર છે એટલે કે કામસ્વરૂપ છે તથા તામસ-તામસ, તામસ-રાજસ અને તામસ-સાત્વિક સ્વરૂપે છે; ને શરીરને યોગ્ય ગરમી જ્યાંથી ઉત્પન્ન કરી હલન-ચલન તથા પોષણ વિગેરે ક્રિયા કરાવે છે. **મણિપુરચક્ર જ્યાં વિષ્ણુ ભગવાનની યોગનિદ્રા અવસ્થા છે ત્યાં સુધીના શરૂના આ ત્રણ ચક્રોને ઈન્દ્રિયોના વ્યવહારોના દ્વારોથી બંધ કરવા યોગક્રિયામાં (પ્રાણ)વાયુનું રૂંધન કરવાથી સમજી શકાય છે.** (અનુભવી ગુરુદેવ પાસેથી માર્ગદર્શન મેળવ્યા વગર ક્રિયા કરવાથી શરીરને નુકશાન થવાની સંભાવના છે.)

શ્રી દુર્ગાશપ્તસતીની સંવેદના કે મંત્રોના પ્રથમ દ્રષ્ટા બ્રહ્મા છે અને મંત્રના ઋષિ પણ તેઓ જ છે. **મધુકૈટભ રૂપી દૈત્યોનું મૃત્યુ એટલે કે તત્ત્વ સંવરણ વિરાટ્ મનમાં જ થાય છે.** તેથી જ સૃષ્ટિના કર્તા એટલે બ્રહ્મા આ ચરિત્રના પ્રથમ દર્શક છે. ઉપાખ્યાનમાં જોવામાં આવ્યું છે કે બ્રહ્મા જ મધુકૈટભના નિધનમાં પ્રથમ હેતુરૂપ છે.

***મહાકાલી દેવતા (દેવી)ના પ્રલયંકારી તામસી મૂર્તિના ખોળામાં જ સત્વાદિ ગુણોનું સંવરણન (સમાપ્તિ) છે. આ (શક્તિ) કાળ (યમ) ઉપર શાશન કરનારી છે તેથી જ તે મહાકાલી છે.*** આ ચરિત્રનો છંદ ગાયત્રી છે. *ગાયત્રી એટલે પ્રાણપ્રવાહના સ્પંદનની સાક્ષાત મૂર્તિ. નન્દા એટલે (આ)લ્હાદિની શક્તિ છે. રક્તદન્તિકા એટલે પરા પ્રકૃતિનો રક્તવર્ણ રજોગુણાત્મક ચિત્ત તેનું બીજ છે. રજોગુણની ક્રિયાશીલ શક્તિ દ્વારા જ સત્વાદિ ગુણ પ્રલયાભિમુખી બને છે.* ઉપાસક મિત્રો એ જરૂર યાદ રાખે કે **ચણ્ડીતત્વ જ પરાપ્રકૃતિનો વિલય છે.** અપરા પ્રકૃતિનું જે આદિ (આરંભ) બિંદુ છે અથવા સત્વાદિ ગુણોનો જ્યાં ઉન્મેશ (સમાપ્તિ) છે પરાપ્રકૃતિનું એ જ સર્વોચ્ચ બિંદુ છે.

અગ્નિ કે તેજ તત્ત્વમાં જ વિશિષ્ટ સર્વભાવનો પ્રલય (નાશ) થાય છે. એટલા માટે અગ્નિ જ તેનું તત્ત્વ છે. મણિપુરચક્ર નાભિકમળ એનું (અગ્નિનું) સ્થાન છે તે ઋક (વાણી) સ્વરૂપ છે. 'ऋति' ને वागेवर्क એટલે કે વાણીનો ઘોષ (નાદ) એ ઋક છે. વાગ્શક્તિ એ પ્રાણશક્તિનો જ વિશિષ્ટ પ્રકાર છે. શ્રુતિ ભગવતિ કહે છે - 'अग्ने र्ऋचो' અગ્નિ કે તેજથી જ ऋक् એટલે કે વાક્યનો આવિર્ભાવ થાય છે. નાદ કે શબ્દના અવલમ્બનથી જ શક્તિનો વિકાસ થાય છે તેના વગર જપ કરવો શક્ય નથી. શ્રી મહાકાલી દેવીની પ્રસન્નતા માટે એટલે કે પ્રલયંકારી તામસીમૂર્તિમાં ઉપાસકની પ્રીતિ અર્થાત્ આસક્તિ (વધારવા) માટે જ આ પ્રથમ ચરિત્રના જપ (પાઠ) રૂપ કાર્યમાં તેનો વિનિયોગ કરું છું (યોજું છું)

શ્રી મહાકાળી માતાના સ્વરૂપનું રહસ્ય તથા તેની સમજ જે કલ્યાણકારી છે તેનું હું ધ્યાન ધરું છું.

(-ક્રમશઃ)

## કામાખ્યા તન્ત્રમ્

....✍ : 'દુર્ગાબાળ' સુશ્રી દમયંતી જાની

"नास्ति तत्त्वं गुरोः परम्"

(સદ્‌ગુરુદેવના માર્ગદર્શન મુજબ ઉપાસના કરનાર જ સિદ્ધિને વરે છે.) (ગતાંકથી ચાલુ...)

॥ श्री देव्युवाच ॥

साधनं वद कौलेश ! साधकानां सुखावहम् ।
दिव्यं रम्यं मनोहारि सर्वाभीष्ट-फल प्रदम् ॥ २८ ॥

શ્રી દેવી બોલ્યાં - 'હે કૌલેશ ! સાધકોને સુખ આપવાવાળો ઉપાય બતાવો, જે દિવ્ય, સુંદર, મનોહર અને સઘળાં ઈચ્છિત ફળોને આપવાવાળો હોય છે. (૨૪)

॥ श्री शिव उवाच ॥

श्रृणु कामकलां कान्ते ! साधनं तु सुखावहम् ।
यत् किञ्चिद् गदितं पूर्वम् विस्मृतं तद् वदाम्यहम् ॥ २५ ॥

શ્રી શિવજીએ કહ્યું, 'હે કાન્તે ! સુખ આપવાવાળી "કામ-કળા" ના સાધન (ઉપાય)ને સાંભળો. જે કંઈ મેં પહેલાં બતાવ્યું હતું, જે ભૂલાઈ ગયું છે તેને (હું) ફરી બતાવું છું. (મંત્ર : ૨૫)

अति-सुललित-दिव्यं स्थानमालोक्य तु भक्त्या,
हृदि च परम-देवीं सम्विभाव्यैक-चितः ।
मधुर-कुसुम-गन्धैर्व्याप्तमाहृत्य साधुः,
तदुपरि खलु तिष्ठेत् साधनार्थी कुलज्ञः ॥ २६ ॥

કુલ-જ્ઞાની સાધક (ઉપાસક) અત્યં સુંદર અને દિવ્ય સ્થાનને જોઈને (પ્રાપ્ત કરીને) ભક્તિપૂર્વક અને હૃદયમાં પરમા (આદ્યા) દેવીનું એકાગ્ર ચિત્તથી ધ્યાન કરીને, સુગંધિત પુષ્પો વડે તે સ્થાનની શોભા વધારીને, ત્યાં આસન ગ્રહણ કરવું. (મંત્ર : ૨૬)

(મંત્ર ૨૭ થી ૩૫માં શ્રી દેવીમાતાના પૂજનનું વિશેષરૂપે નિરૂપણ કરેલ છે જે ગુરૂગમ્ય હોઈ જિજ્ઞાસુ ઉપાસકોએ પોતાના ગુરૂદેવ પાસેથી તે જ્ઞાન પ્રાપ્ત કરવું.)

(श्री कामाख्या-तन्त्रे पार्वतीश्वर संवादे षष्ठः पटलः)
(શ્રી કામાખ્યા-તંત્રે પાર્વતીશ્વર સંવાદનું છઠ્ઠું પટલ સંપૂર્ણ.) (— ક્રમશઃ)

• • •

## કલ્યાણ–સૂક્ત

....✍ : શ્રી ચંદ્ર આગત્સ્યાયન

(નૂતન વર્ષારંભે સર્વે ઉપાસકોને શુભકામના...)

"तन्मे मनः शिवसंङ्कल्पमस्तु"

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति ।
दूरङ्गमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ १ ॥
येन कर्माण्यपसो मनीषिणो यज्ञे कृण्वन्ति विदथेषु धीराः ।
यदपूर्वं यक्षमन्तः प्रजानां तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ २ ॥
यत्प्रज्ञानमुत चेतो धृतिश्च यज्ज्योतिरन्तरमृतं प्रजासु ।
यस्मान्न ऋते किं चन कर्म क्रियते तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ३ ॥
येनेदं भूतं भुवनं भविष्यत् परिगृहीतममृतेन सर्वम् ।
येन यज्ञस्तायते सप्तहोता तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ४ ॥
यस्मिन्नृचः साम यजूँषि यस्मिन् प्रतिष्ठिता रथानाभाविवाराः ।
यस्मिँश्चित्तँ सर्वमोतं प्रजानां तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ५ ॥
सुषारथिरश्वानिव यन्मनुष्यान्नेनीयतेऽभीशुभिर्वाजिन इव ।
हृत्प्रतिष्ठं यदजिरं जविष्ठं तन्मे मनः शिवसंङ्कल्पमस्तु ॥ ६ ॥

**ભાવાનુવાદ** - જાગૃત અવસ્થામાં જે પુરુષ/ઉપાસકનું (મન) દૂર ચાલ્યું જાય છે અને સૂતી વખતે તે મન એમજ નજદીક આવી જાય છે. જે (મન) પરમાત્માના સાક્ષાત્કારનું પ્રધાન(મુખ્ય)સાધન(ઉપાય) છે, જે (મન) ભૂત, ભવિષ્ય, વર્તમાનના પદાર્થોનું એકમાત્ર જાણકાર છે તથા જે વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવાવાળાં કર્ણ આદિ ઈન્દ્રિયોના એકમાત્ર પ્રકાશક અને પ્રવર્તક છે (તેવું) મારું આ મન કલ્યાણકારી ઈશ્વર સંબંધિત શુભ સંકલ્પવાળું બનો. (૧)

કર્મનીષ્ઠ અને ધીર વિદ્વાનો જેમના દ્વારા યજ્ઞમાં હોમવાના પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરીને યજ્ઞના કર્મોને કરતા રહે છે, જે ઈન્દ્રિયોના પૂર્વજ એટલે કે આત્મસ્વરૂપમાં મગ્ન છે, જે પૂજ્ય છે અને સઘળી પ્રજાનાં હૃદયમાં

નિવાસ કરે છે (રહે છે) તેવું મારું આ મન કલ્યાણકારી ઈશ્વર સંબંધિત શુભ સંકલ્પવાળું બનો. (૨)

જે ખાસ પ્રકારના જ્ઞાનના કારણરૂપ છે, જે સામાન્ય જ્ઞાનનું (પણ) કારણરૂપ છે, જે ધૈર્યરૂપ છે, જે સઘળી પ્રજાના હૃદયમાં રહીને તેમની સઘળી ઈન્દ્રિયોને પ્રકાશિત (જ્ઞાનપૂર્ણ) કરે છે, જે સ્થૂળ શરીરનો નાશ થવા છતાં પણ અમર રહે છે અને જેના વિના કોઈ પણ કર્મ (કાર્ય) થઈ શકતું નથી, (તેવું) મારું આ મન કલ્યાણકારી ઈશ્વર સંબંધિત શુભ સંકલ્પવાળું બનો. (૩)

જે અમૃતસ્વરૂપ મન દ્વારા ભૂત, વર્તમાન અને ભવિષ્ય સંબંધિત સઘળી વસ્તુ (બાબતો) મેળવાય છે તથા જેના દ્વારા સતત હોતા (હવનમાં આહૂતિ આપનાર) દ્વારા અગ્નિહોત્રોમાં યજ્ઞ સંપન્ન કરવામાં આવે છે (ત્યાં), મારું આ મન ઈશ્વર સંબંધિત શુભ સંકલ્પવાળું બનો. (૪)

જે મનમાં રથચક્ર (પૈડું)ના મધ્યકેન્દ્ર (નાભિ)માં આરાઓ ગોઠવેલા હોય છે તેના જેવા ઋગ્વેદ અને સામવેદ જેમાં પ્રતિષ્ઠત થયેલા છે તથા યજુર્વેદ (પણ) જેમાં પ્રતિષ્ઠિત છે (સ્થાન પ્રાપ્ત કરેલ છે), જેમાં પ્રજાના (જીવન સંબંધિત) બધા પ્રકારનું જ્ઞાન આવરાયેલું (રહેલું) છે (સંપૂર્ણ તાણાવાળાની જેમ ઓતપ્રોત થયેલું છે.) તેવું મારું આ મન ઈશ્વર સંબંધિત શુભ સંકલ્પવાળું બનો. (૫)

શ્રેષ્ઠ સારથિ જેમ અશ્વવોનું (તેની) રાસ (દોરી) દ્વારા સંચાલન (નિયંત્રણ) કરે છે, જે હૃદયમાં રહે છે અને ક્યારેય વૃદ્ધ થતો નથી અને અત્યંત વેગવાળું (ગતિમાન) છે તેવું મારું આ મન ઈશ્વર સંબંધિત શુભ સંકલ્પવાળું બનો. (૬)

• • •




## વૃક્ષમાં ક્રમ (નંબર)...

....✍ : શ્રી રમેશભાઈ ખમાર

માર્ગ ઉપર સરકાર કે જિલ્લા તાલુકા / ગ્રામ પંચાયત દ્વારા રસ્તાની બન્ને બાજુ અને ખાલી પડતર જગ્યામાં વૃક્ષો રોપવામાં આવે છે. જેથી તે રસ્તા ઉપર ચાલવાવાળા ચાલકોને વૃક્ષનો છાંયો મળે છે. આ લાભ અન્ય પશુપક્ષીઓ, જીવોને પણ મળે છે. આવા વૃક્ષોપર તેને અનુરૂપ ફળ પણ ઊગે છે જે ભેગા કરી ઉપયોગમાં લેવામાં આવે છે. અને સ્થાનિક રહેવાવાળાઓ તેને વેચીને થોડીઘણી આવક પણ કરી લે છે. સંજોગવશાત આવા કોઈ વૃક્ષમાંનું એકાદ કે અમુક સંખ્યાના વૃક્ષ સૂકાઈ જાય તો તેને કાપી નાખવામાં આવે છે અને તેને સ્થાને બીજું વૃક્ષ રોપવામાં આવે છે. આમ કરવા માટે કેટલી સંખ્યાના વૃક્ષ હયાત છે, ક્યા ક્યા વૃક્ષ સૂકાઈ ગયા તે જાણવા માટે વૃક્ષને ક્રમ (નંબર) આપવામાં આવે છે.

ક્રમ (નંબર) આપેલ વૃક્ષ તેના સ્થળ તેમજ ક્યા પ્રકારનું વૃક્ષ છે તેની સ્થળ-વિગત સાથે જે તે પંચાયતના દફતરે નોંધેલ હોય છે કે અમુક નંબરનું વૃક્ષ શેનું છે. તેના થડની જાડાઈનું માપ પણ ચોક્કસ વખતે કરવામાં આવે છે અને નોંધવામાં આવે છે. જેથી તે વૃક્ષની ઉંમર થડની જાડાઈ ઉપરથી જાણી શકાય. આવા વૃક્ષ ઉપર તો સ્થાનિક વ્યવસ્થાતંત્રવાળા પતરાના નંબરવાળી પ્લેટ ચોંટાડે તે ઘણીવાર લોકો કાઢી જાય છે કે રમત ખાતર

છોકરાંઓ તેને વૃક્ષ ઉપરથી દૂર કરી દે છે આથી વ્યવસ્થાતંત્ર દ્વારા એવું વિચારવામાં આવ્યું કે વૃક્ષના થડની છાલનો થોડો ચોરસ ભાગ (૪ × ૪ ઇંચ) કાઢી નાખવામાં આવે તો થડમાંનું લાકડું દેખાય. તેના ઉપર તીક્ષ્ણ હથિયારથી નંબર કોતરી કાઢવા કે પાકા રંગથી લખવા. જેથી કાયમી ધોરણે વૃક્ષનો નંબર જળવાઈ રહે અને વૃક્ષના વૃદ્ધિ પામવાની સાથે નંબર પણ મોટો થતો રહે. વૃક્ષપર કોતરેલા આવા અક્ષરો સહેલાઈથી દૂર કરી શકાતા નથી. તે કાયમી નંબર હોય છે જે વૃક્ષના સૂકાઈ જવાના વખતે પણ એમજ રહે છે. જ્યારે વૃક્ષના લાકડાને બાળવામાં આવે ત્યારે જ તે મટી જાય છે. રહેતો નથી.

વૃક્ષના જેવી જ હાલત આપણી પણ છે. જે વિચાર આપણી અંદર નાનપણથી રોપવામાં - આપવામાં - આવે છે તે કાયમી ધોરણે મનમાં સંગ્રહાઈ જાય છે. જીવન પર્યંત તે જળવાઈ રહે છે અને ભૂલાતો-ભૂંસાતો નથી. અંગ્રેજોમાં એક પ્રસિદ્ધ લેખક અને કવિ સ્કોટ થઈ ગયા. તેમની માતા અને દાદીમા નાનપણમાં સ્કોટને ગીતો ભજનો ગાઈને સંભળાવતા હતા. નાના બાળકના મનમાં આ કાવ્યરચનાઓ સંગ્રહાઈ અને મોટો થતાં પોતાની જાતે જુદા જુદા કાવ્યોની નવી રચનાઓ દ્વારા તેના દેશમાં પ્રસિદ્ધ કવિ તરીકે ખ્યાતિ પામ્યો.

એક બાળકની માતા કોઈ વિદ્વાનને પૂછવા ગઈ કે મારો બાળક ૪ વર્ષનો થયો છે. તેને શિક્ષણ આપવાનું ક્યારે શરૂ કરું ? વિદ્વાને કહ્યું, 'અરે માતા ! તમે તો આ બાળકના ૪ વર્ષ નકામા જવા દીધા ! **ખરેખર તો બાળકનો જન્મ થયો ત્યારથી તેના શિક્ષણનો આરંભ થઈ જવો જોઈએ !** બાળકને જન્મથી જ વિદ્યા-જ્ઞાનના સંસ્કારોની ટેવ પાડવી જોઈએ. આવી ટેવને સંસ્કાર કહેવાય છે, જે દ્વારા તેના મનમાં અમુક પ્રકારની કાયમી છાપ પડી જાય છે. સાત વર્ષથી નાના બાળકમાં આશ્ચર્યની માત્રા વધુ હોય છે.

આજના Advance generationમાં તો સાતથી પણ નાની વયના બાળકો વધુ Advance તર્કશીલ જોવામાં આવે છે. આવા નાના બાળકો કૂતરાને ભસતો જોઈને તેની સામે જોઈ રહે છે, પોતાનો પડછાયો જોઈને તેને પકડવા પ્રયત્ન કરે છે. આમ કરતાં કરતાં તેનામાં જ્ઞાનની વૃદ્ધિ થતી જાય છે. સડક ઉપર વૃક્ષને પાણી પાતી ગાડી કે ટેંકરને જોઈને તે વિચારે છે કે આ પાણી ક્યાંથી આવે છે. તે આવી ગાડી ચલાવીને પાણી છાંટવાની તમન્ના સેવે છે. રેલ્વે પ્લેટફોર્મ ઉપર જ્યારે રેલગાડી ઊભી રહે છે ત્યારે મોટો કોલાહલ થાય છે. કોઈ ગાડીમાંથી ઉતરે છે અને કોઈ ગાડીમાં ચડે છે. પોતાનો સામાન પણ ચડાવે કે ઉતારે છે. જ્યારે ટ્રેનને ઉપડવાનો સમય થાય છે ત્યારે ગાર્ડ સીટી વગાડે છે અને તેના હાથમાંનું ફાનસ (લાલટેન) હલાવે છે. ગાડી ચાલુ થતાં તે ગાર્ડ ટ્રેન ઉપર ચડી જાય છે. બાળક આ ગાર્ડને અને ટ્રેન ઉપડવાની ક્રિયાને તથા મુસાફરોને ચડતા ઉતરતા જુએ છે અને માનવા લાગે છે કે રેલગાડી ચલાવવાની ચાવી ગાર્ડના હાથમાં જે સીટી/લાલટેન છે તે છે.

બાળકને વાર્તા કરીશું તો તે ધ્યાનથી અને રસથી સાંભળશે. કોઈ ફરવાને સ્થળે લઈ જઈશું તો બારીકાઈથી અવલોકન કરશે અને ઉત્સાહ દાખવશે પ્રશ્નો પણ પૂછશે. ઈતિહાસ-ભૂગોળ આદિ વિષયો શીખવાનો પાયો આ નાની ઉંમરથી નંખાય છે. તેનામાં સંસ્કારનું સિંચન થાય છે. **જેવી રીતે વૃક્ષ પર ક્રમ (નંબર) લખવામાં આવે છે તે કાયમી ધોરણે અંકિત થઈ જાય છે, તેમ બાળપણનો આ સમય મનુષ્યજીવનના વિકાસ માટે ઘણો મહત્વનો છે.**

• • •

**રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે;**
**હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે.**

**- જયન્ત પાઠક**

# કાવ્યરસ ધારા

## જગતજનની વહેલાં પધારજો...

....✍ : શ્રી મણિભાઈ આ. નાયક

કુમકુમ-પત્રિકા મા ચરણે ધરું છું,
એનો મા કરજો સ્વીકાર રે...
જગજનની વહેલાં પધારજો.
વાંચી પત્રિકા મા સત્વર પધારજો,
છોડીને કિલ્લા અઢાર રે...
જગજનની વહેલાં પધારજો.
આવે મહા માસની મા રૂડી નવરાતડી.
ભાગવત ભગવતીનું ભણાય રે...
જગજનની વહેલાં પધારજો.
પ્રતિમા બનાવી મા આપના સ્વરૂપની,
પૂરવા પ્રતિમામાં પ્રાણ રે...
જગજનની વહેલાં પધારજો.
અડખે-પડખે ગણેશ, બટુકનાથ શોભતા
મધ્યે મા ષોડશી સ્વરૂપ રે...
જગજનની વહેલાં પધારજો.
યજ્ઞોપવિત બ્રહ્મ બાળકોને આપવા,
આવી દ્યો વિદ્યાનાં દાન રે..
જગજનની વહેલાં પધારજો.
વર્ષા ને લતા બેઉ, બાલિકાઓ આપની,
દેવા આવો કન્યાદન રે...
જગજનની વહેલાં પધારજો.
સંવત બે હજાર સાલ ચૂંવાલીસની,
માઘ કૃષ્ણ ત્રીજ શનિવાર રે...
જગજનની વહેલાં પધારજો.
ચતુર્થીને પંચમી મા પૂજીશું આપને
ઉજવીશું ઉત્સવ અપારે રે...
જગજનની વહેલાં પધારજો.
પ્રણમી ગુરૂદેવને મા આમંત્રણ પાઠવ્યું,
વિનંતી કરું વારંવાર રે...
જગજનની વહેલાં પધારજો.
આનંદ-ધામમાં ને કડી શહેર ગામમાં,
કરજો મા, કાયમી મુકામ રે...
જગજનની વહેલાં પધારજો.
શ્રીદેવી-શિવગુરૂ ચરણોમાં આપના,
વળી વળી કરે છે પ્રણામ રે...
જગજનની વહેલાં પધારજો.

• • •

## નિજાનંદ ....

....✍ : શ્રી રતિલાલ ર. નાયક

નથી મનમાં મહેચ્છા કોઈ શાલ સન્માનની
નથી જોઈતું કોઈ પદનું સન્માન.
હું ભર્યો મારા નિજાનંદથી
ના રહેતી હવે કોઈ દરકાર.
હું હતો ત્યારે તું નહોતો
હવે તું જે ભર્યો મુંજ માંહે
હવે શા ખપના આ સન્માન.
દરકાર કરૂં તોયે તું જ ભાસે
તકરાર કરૂં તોયે તું જ સામે
સદા હું રહું બસ તું જ સાથે.
સાચુંજો વદું તો તારીજ કૃપા
સત્કર્મ કરૂં તો તારીજ દયા
ચિત્ત તુજ ચરણોમાં રહે તારી કરૂણા
સ્મરણ સદા હ્રદયમાં રહે તારી ગુરૂતા.
હે સદ્ગુરુ ! તેં ખાલી કર્યો કુર્મોથી
મુજ દેહ ભર્યો આનંદોથી
દીધું સત્ય તેં ઉપદેશોથી
ભર્યો મુજને તેં નિજાનંદથી.

ધન્ય એ પળ મારા જીવનમાં
એ સ્વપ્ન હતું કે શું કહેવું
ગુરૂ નિશ્રામાં ગોવિંદ મળ્યા
લખ ચોર્યાસી ના ફેરા ટળ્યા.
હવે જીવન આનંદધામ બન્યું
તુજ ચરણ નિજાનંદ બન્યા
તુજ શરણ મારૂં મોક્ષ બન્યું
જે દિ દીક્ષિતનું બિરુદ મળ્યું.

• • •

## ટહુકે 'માઈકલાપી' (માઈ-કલાપી)

....✍ : કુ. કનિનીકા જાની

દીન દુઃખીયારાં દર્દી બિચારાં
ક્ષેમ કુશળ ને ક્ષમા માગે.
આપ દયાનાં સિંધુ પાસે
એક જ બિંદુ દયા યાચે.
ભવભવ ભક્તિ, આત્મની શક્તિ
જીવનમુક્તિ ચરણ ચાહે,
જીવનભર મુખ નામ તમારું
અભય અનંત આનંદ આપે.
દેવી દુલારાં, અવિચળ આનંદ આપો
અંબા, અવિચળ આનંદ આપો.
આવો, આવો, અંબા પધારો
આપો લ્હાવો, બાળ બુલાવો.
આવો, આવો અંબા પધારો,
અખિલ જગતમાં શાન્તિ સ્થાપો.
પોતાનાં કરી પાળો, ગોદમાં લઈને રમાડો... અંબા.
ચેતનતાનો આપ ફુવારો
હૃદયકમળનો દેવી સિતારો
ચેતનતાનો આપ ફુવારો
હૃદયકમળમાં આપ બિરાજો
પ્રેમપ્રભા પ્રગટાવો, તવ તેજે ન્હવરાવો
અંબાઅવિચળઆનંદઆપો..દીનદુખીયારા...

• • •

## સંસ્થા સમાચાર....

....✍ : શ્રી ખોડીદાસ શીવલાલ નાયક

★ શ્રાવણ સુદ પુનમને ગુરુવારે પ.પૂ. ગુરુદેવ (દાદાજી) શ્રી ગણપતિરામ ત્ર્યંબકરામ દવેજીના જન્મ દિવસે તથા આ જ માસના સુદ ૮ના દિવસે (સંવરણ તિથિએ) શ્રીવિદ્યાના પરમ ઉપાસકો શ્રી રાજરાજેશ્વરી પીઠમ્‌ના તથા અન્ય સર્વે આ પરંપરાના દીક્ષિતોએ પૂજ્ય દાદાજીની મહાન સિદ્ધિઓને ભાવપુષ્પ (જપ-પૂજન-ધ્યાનાદિ) અર્પણ કરી તેમના ઋણને શિરોમાન્ય કર્યું.

★ શ્રાવણ વદ-૪ને સોમવારના શુભદિને સાણંદ-નિવાસી પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી દેવશંકરભાઈ શાસ્ત્રીજીનો જન્મ દિવસ હોઈ આ પરંપરાના સર્વે દીક્ષિત ઉપાસકોએ પરમૃપાળુ શ્રી શ્રી ષોડશી પરામ્બાને તેમના દીર્ધાયુષ્ય માટે પ્રાર્થના કરી.

★ શ્રાવણ વદ ૧૧ ને સોમવાર તા. ૫-૯-૯૯ના રોજ ઉપસ્થિત સર્વે દીક્ષિત ઉપાસકોએ સમૂહમાં પંચોપચાર પૂજન સહિત શિવમહિમ્ન સ્તો ના પૂ. બાની ઉપસ્થિતિમાં એકાદશ પાઠથી અભિષેક સંપન્ન કર્યા. શિવપુરાણનું વાચન જે આ માસના આરંભથી શરૂ કર્યુ હતું તે આ માસની સમાપ્તિ (અમાવાસ્યા) પર્યંત ચાલુ રહ્યું.

★ ભાદરવા સુદ ૧૫ને શનિવાર તા. ૨૫-૯-૯૯ના દિવસે શ્રી રાજરાજેશ્વરી પીઠમ્‌માં પૂર્ણાભિષિક્ત સુ.શ્રી કલાબ્હેને શ્રી મહાત્રિપુર સુંદરીમાતાનું પાત્રાસાદન પૂજન સંપન્ન કર્યું.

★ ભાવરવા વદ ૫ ને બુધવાર તા. ૨૯-૯-૯૯ના દિવસે શ્રી મહાત્રિપ્રરસુંદરીમાનું પાત્રાસાદન પૂજન પંચદશપુકારના પાંચ પૂજન શ્રી પીઠમ્‌માં સંપન્ન થયાં.

★ ભાદરવા વદ ૮ ને શનિવાર તા. ૨-૧૦-૯૯ના દિવસે આ માસ શ્રી મહાગણપતિદાદાનો હોઈ સમૂહમાં શ્રી મહાગણપતિદાદનું પાત્રાસાદન પૂજન સંપન્ન થયું.

★ આસો માસની નવલી નવરાત્રિના તા. ૧૦-૧૦-૯૯ના આરંભે શ્રી પીઠમ્‌માં અગાઉથી જ તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી તે દર નવરાત્રિના આરંભે ઝવેરા સ્થાપન થાય છે તેમ આ વખતે પણ સંપન્ન થયું અને દીક્ષિત ઉપાસકોએ શ્રી પીઠમ્‌માં તેમજ પોતાના નિવાસસ્થાને પોતપોતાના લીધેલ ક્રમ મુજબ અનુષ્ઠાન, જપ, પૂજ્ય અને પાઠ-વાચન ચાલુ કર્યા. વધુમાં પૂજન બાના સારા આરોગ્ય માટે તેમજ "સર્વજન હિતાય સર્વ જન સુખાય" ની ભાવના સાથે વ્રત-તપ-અનુષ્ઠાનના ક્રમ ચાલુ કર્યા.

★ પૂજ્ય બા-બાપુજીએ આપણી પરંપરાના દીક્ષિત ઉપાસકોને નૂતન વર્ષની મંગલ કામનાઓ સાથે શુભાશીષ પાઠવેલ છે અને આવનાર ઈ.સ. ૨૦૦૦ના મિલેનિયમ વર્ષના શુભારંભે આપણા પરદેશમાં વસતા દીક્ષિત ઉપાસકો દ્વારા લંડનમાં આયોજિત ગજમખયાગની તૈયારીઓ આરંભાઈ ગઈ છે અને સર્વધર્મ અભ્યુદયાર્થે આયોજન થયેલ છે તે આ અંકમાં વિગતે આપેલ છે.

• • •


**: સંપાદક મંડળ :**

**સંપાદક :** ડૉ.શ્રી અશોકભાઈ પી. નાયક
શ્રી મણિલાલ આ. નાયક

**સહસંપાદક :** શ્રી રસિકભાઈ મ. નાયક
શ્રી ગોરધનભાઈ એસ. ત્રિવેદી
શાસ્ત્રી શ્રી ચંદ્રશંકર પંડયા
શ્રી કિરીટભાઈ વ્હોરા
ડૉ. શ્રી પંકજ પટેલ

**સંપાદન સલાહકાર :**
શ્રી ડૉ. અરૂણોદયભાઈ જાની
શ્રી પ્રો. રતિલાલ સાં. નાયક
શ્રી યશવંત કડીકર
ડૉ. પ્રજ્ઞાબેન શાહ

**આવરણ :** શ્રી બાબુભાઈ પટેલ

**લવાજમ : (ભારત)**
રૂા. ૧૦૦/- (વાર્ષિક)
રૂા. ૧૦૦૦/- (આજીવન)

| | | |
|---|---|---|
| વાર્ષિક | પાઉન્ડ | ૧૦ |
| | ડોલર | ૧૫ |
| પાંચ વર્ષ | પાઉન્ડ | ૪૦ |
| | ડોલર | ૬૦ |
| આજીવન | પાઉન્ડ | ૧૦૦ |
| | ડોલર | ૧૫૦ |

છૂટક નકલ રૂા. ૨૦/-
લવાજમ રોકડા / ચેક-ડ્રાફ્ટ તથા એમ.ઓ.થી. સ્વીકારાય છે.

**: માલિક અને પ્રકાશક :**
**મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રીવિદ્યા ઉપાસક, ચેરીટેબલ ટ્રસ્ટ,**
આનંદધામ, ૨૪-આનંદપાર્ક સોસાયટી, કડી.

**મુદ્રક : શ્રી ભદ્રેશ આર. પટેલ**
**સાબર પ્રિન્ટર્સ**
અમદાવાદ ફોન : ૫૬૨૨૫૯૬


**❊ શ્રીદેવીબા પ્રેરિત શ્રીઉપાસના અંકની સૂચના ❊**

**દરેક લેખ/રચના લેખકની વ્યક્તિગત જવાબદારી છે. જેની સાથે સંસ્થા/સંપાદકમંડળ સંમત છે તેવું માનવું નહિ.**

**– તંત્રી**

# ગોરખ-બાની (૪)

– શ્રી ચંદ્ર આગત્સ્યાયન

वेद कतेब न षांणीं बांणी ।
सब ढंकी तलि आंणीं ॥
गगन सिषर महि सबद प्रकास्या ।
तहं बूझै अलष बिनांणीं ॥ ४ ॥


આપણે ગોરખનાથજીની શબદી પ્રકારની વાણી વિશે વિચારી રહ્યા છીએ. ઉપરોક્ત શબદીમાં તેઓશ્રી કહે છે –

પરબ્રહ્મના સત્ય સ્વરૂપને વેદો કે અન્ય ધર્મશાસ્ત્રોના પુસ્તકો સારી રીતે નિરૂપી શક્યા નથી. આ સઘળાં ધર્મશાસ્ત્રો તો તેને એક આવરણ નીચે લઈ આવ્યા છે. (જેમ એક ફળ છાલની નીચે સમાયેલું હોય તેમ) તેમણે તો સત્યને પ્રકટ કરવાને બદલે નીચે એક આવરણમાં ઢાંકી મૂક્યું છે. જો તમારે બ્રહ્મના સત્ય સ્વરૂપને (જ્ઞાનને) જાણવું હોય તો ગગન શિખર અર્થાત્ બ્રહ્મરંધ્રના સ્થાનમાં સમાધિ દ્વારા જે શબ્દ પ્રકાશમાં આવે છે એટલે કે સ્પષ્ટ થાય છે, તે વિજ્ઞાનરૂપ અલક્ષ્ય અલખનું જ્ઞાન પ્રાપ્ત કરો.

આ અવર્ણનિય તત્ત્વને સમાધિજ્ઞાન વગર પામી શકાય તેમ નથી તેથી યોગ ક્રિયા આવશ્યક છે તેમ સમજાવે છે.

Registered with the Register of Newspapers for India New Delhi under No. 63479/95 Dated 29-3-96





શ્રી યંત્રરાજ